શ્રી

# ભુવનભાનુ

## કેવળી ચરિત્ર.

(ભાષાંતર.)

પ્રકટકર્ત્તા,
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.
ભાવનગર.

श्रीमदिन्द्रहंसगणिविरचित

# શ્રી ભુવનભાનુ કેવળી ચરિત્ર.

ભાષાંતર.

સંસારનું સ્વરૂપ અને ભવભ્રમણના કારણોને સમજાવનાર
તેમજ સંક્ષિપ્તરૂચિ જીવોને ઉપકારક જાણીને
શ્રી વીરમગામ નિવાસી શેઠ ચુનીલાલ સાંકળચંદની
આર્થિક સહાયવડે
છપાવી પ્રસિદ્ધ કરનાર,

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.

ભાવનગર.

વીર સંવત ૨૪૪૨. વિક્રમ સંવત ૧૯૭૨.

ભાવનગર—આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શા. ગુલાબચંદ લલુભાઇએ છાપ્યું.

કિંમત ૭ આના.

## શ્રી જૈનધર્મ પ્રસારક સભા તરફથી બહાર પડેલ પુસ્ત- કોમાંથી ગુજરાતી ભાષાના વાંચનાર માટે ખાસ ખરીદ કરવા લાયક બુકો.

---

૧ શ્રી ત્રિષષ્ટિશલાકાપુરૂષ ચરિત્ર ભાષાંતર. ( ૨૪ તીર્થંકર, ૧૨ ચક્રવર્તી, ૯ વાસુદેવ વિગેરેના ચરિત્રો. વિભાગ ૫ ના ૯—૦—૦
(વિભાગ ૧—૨—૩—૪—૫ ના અનુક્રમે રૂ. ૨ા—૨ા—૧ા—૧ાા—૧ાા)

૨ શ્રી ચરિતાવળી (અનેક કથાઓનો રસમય સંગ્રહ ) ભાગ ૩ ના ૩—૦—૦
દરેક વિભાગની જુદી જુદી કિંમત રૂ. ૧)

૩ શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથનું ભાષાંતર. (૫૦૦ કથાઓનો સંગ્રહ.)
વિભાગ ૫ ના ક્રમસર રૂ. ૧ાા—૧ાા—૧ાા—૨—૨ કુલ ૮—૮—૦

૪ શ્રી ઉપદેશમાળા ભાષાંતર. ( ૭૦ કથાઓનો સંગ્રહ ) ૧—૮—૦
( કિંમત રૂ. ૨ાા નો રૂ. ૧ાા કરેલો છે. )

૫ શ્રી ગૌતમકુલક બાળાવબોધ ( મોટી કથાઓનો સંગ્રહ ) ૨—૮—૦

૬ શ્રી શત્રુંજય મહાત્મ્ય ભાષાંતર. ( ૧૦ હજાર શ્લોકનું ) ૨—૮—૦

૭ શ્રી અધ્યાત્મ કલ્પદ્રુમ. ૧—૪—૦

૮ આનંદઘન પદ્ય રત્નાવળી. ૨—૦—૦

૯ જૈન દષ્ટિએ યોગ. ૦—૮—૦

૧૦ ઉપમિતભવ પ્રપંચના પીઠબંધનું ભાષાંતર. ૦-૧૨-૦

૧૧ શ્રી જૈનધર્મ પ્રસારક સભાનો જુબીલી અંક. ૦-૧૨-૦

૧૨ શ્રી જ્ઞાનસાર અષ્ટક. ભાષાંતર સાથે. ઘટાડેલી કિંમત. ૦—૮—૦

૧૩ કુવલયમાળા ભાષાંતર. ૦—૮—૦

૧૪ યુગાદિદેશના ભાષાંતર. ૦—૮—૦

૧૫ પ્રતિક્રમણના હેતુ. ૦—૬—૦

૨૬ વિજયચંદ કેવળી ચરિત્ર ભાષાંતર. ૦—૬—૦

૧૭ પ્રબોધચિંતામણી ભાષાંતર. ૦—૮—૦

૧૮ રત્નશેખર રત્નવતી કથા. ૦—૪—૦

# પ્રસ્તાવના.

આ સુમારે ૧૮૦૦ શ્લોક પ્રમાણ સંસ્કૃત ગદ્યબંધ ચરિત્રનું ગુજરાતી ભાષાંતર છે. એના કર્ત્તા શ્રી ઈંદ્રહંસગણિ છે. તેઓ ક્યારે થયા અને આ ગ્રંથ ક્યારે બનાવ્યો તેમજ બીજા કોઈ ગ્રંથ એમણે બનાવ્યા છે કે કેમ? તે આ ચરિત્રની પાછળ પ્રશસ્તિ બીલકુલ ન હોવાથી જાણી શકાયું નથી. પરંતુ આ ગ્રંથ બાળજીવોને પરમ ઉપકારક છે. સંસારનું ખરેખરૂં વાસ્તવિક સ્વરૂપ સમજાવનાર છે. શા શા કારણોવડે આ પ્રાણી ઉંચો આવ્યા પછી—મનુષ્યપણું પામ્યા પછી પણ સંસારમાં ભમે છે તે આ ગ્રંથમાં બહુ સારી રીતે પ્રદર્શિત કરેલું છે.

આ ચરિત્રનો ટુંકામાં સાર આપવાની અમારી ઇચ્છા હતી પરંતુ આ ચરિત્રમાંજ પૃષ્ટ ૧૧૬ થી પૃષ્ટ ૧૧૯ ની પંક્તિ ૪ સુધીમાં શ્રી કુવલયચંદ્ર કેવળીએ બળિરાજાની પાસે તેના પૂર્વ વૃત્તાંત તરીકે બહુ સારી રીતે વર્ણવેલ છે. તેથી તે હકીકતનુંજ અહીં પ્રસ્તાવનામાં પુનરાવર્ત્તન કરવું યોગ્ય લાગ્યું નથી. આ ચરિત્રનાયક શ્રી ભુવનભાનુ કેવળીનું સંસારી અવસ્થામાં બલિરાજા એવું નામ હતું. તેમણે શ્રી વિજયપુરના ચંદ્રમૌલિ રાજા પાસે પોતાનું પૂર્વ વૃત્તાંત કહી બતાવેલ છે. જેને પરિણામે તે સંસારને તજી દઇ ચારિત્ર અંગીકાર કરે છે. અને ભુવનભાનુ કેવળી તેને ગચ્છભાર સોંપી સિદ્ધિસ્થાન પ્રાપ્ત કરે છે. આટલીજ આ ચરિત્રની વસ્તુ છે.

આ ચરિત્ર શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા તેમજ વૈરાગ્ય કલ્પલતાની શૈલી ઉપર લખાયેલ છે. પરંતુ એ બંને ગ્રંથો બહુ વિસ્તારવાળા અને અલ્પમતિ મનુષ્યોને સમજવા મુશ્કેલ પડે તેવા છે. આ ચરિત્ર ઘણું સંક્ષિપ્ત હોવા સાથે સરલ છે, છતાં તેની અંદર સંસારના બધા ભાવોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

અવ્યવહાર રાશીમાંથી નીકળ્યા પછી સ્થાવરોમાં ને વિકલેંદ્રિયમાં ભમી, તિર્યંચ પંચેંદ્રિયમાં ઘણો કાળ વ્યતિત કરી, મનુષ્યપણું પામી, અનાર્ય ક્ષેત્રાદિ કારણથી ફરી ફરીને નિગોદાદિમાં જઇ આવી વિશ્વસેન કુમારનાં ભવમાં ભુવનભાનુનો જીવ ગ્રંથિભેદ કરી સમકિત પામે છે. ત્યારપછી પણ અનેક કારણોથી અનેક ભવમાં સ-

મકિત વમી નાખે છે. પછી સુંદરશ્રેષ્ટિના ભવમાં દેશવિરતિ પામે છે, તે દેશવિરતિપણું પણ અસંખ્ય ભવોમાં પામી પામીને હારી જાય છે. છેવટે અરવિંદ કુમારના ભવમાં સર્વવિરતિપણું પ્રાપ્ત કરે છે. સર્વવિરતિપણું પણ અન્ય અન્ય ભવોમાં મેળવી એકવાર ઉપશમશ્રેણીએ ચડીને અને એકવાર ચૌદપૂર્વી થઇને પણ પડે છે. પ્રાંતે બળિરાજાના ભવમાં કુવલયચંદ્ર કેવળી પાસેથી પોતાનો પૂર્વ વૃત્તાંત સાંભળી ચારિત્ર અંગીકાર કરી ક્ષપકશ્રેણીએ ચડીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. તેમનું નામ ત્યારથી ભુવનભાનુ પડે છે. તેઓ ચંદ્રમૌલિ રાજાને પોતાનું પૂર્વ વૃત્તાંત કહી બતાવે છે. આટલો આ ચરિત્રનો સાર છે. તેની અંદર કામરાગ, સ્નેહરાગ ને દૃષ્ટિરાગથી, ધર્મબુદ્ધિને નામે ઓળખાતી અધર્મ બુદ્ધિથી, ક્રોધ માન માયા ને લોભથી, વિકથાથી, રાગથી, દ્વેષથી, સુખ શીલપણાથી, હિંસાદિ પાંચે પ્રકારની અવિરતિથી તેમજ છેવટે અલ્પ માત્ર દેહોપકરણાદિની મૂર્છાથી—આ પ્રાણી પ્રાપ્ત થયેલા ગુણોને વમી નાખે છે અને વારંવાર નીચો ઉતરી જઇ, એકેંદ્રિય સુધી જઇ આવી પાછો કર્મયોગે ઉંચો આવે છે. આ બધી હકીકત બહુ લક્ષપૂર્વક વાંચીને હૃદયમાં કોતરી રાખવા જેવી છે.

આ ચરિત્ર મૂળ અનિત્ય ભાવના ઉપર છે. ભવભાવના ગ્રંથમાં કહેલ બાર ભાવના ઉપરના ચરિત્રોનો આ પ્રથમ વિભાગ છે. આ ચરિત્ર ઘણુંજ અસરકારક અને સંસારથી ઉદ્વિગ્ન કરનાર છે. તેથી તેનું ગુજરાતી ભાષામાં ભાષાંતર કરાવી તેનો લાભ દરેક જૈન બંધુ સહેલાઇથી લઈ શકે તેમ વ્યવસ્થા કરવામાં આવી છે.

આ ચરિત્ર છપાવવામાં શ્રી વીરમગામ નિવાસી શા. ચુનીલાલ સાંકળચંદે આર્થિક સહાય કરી છે. શ્રીમંત ગૃહસ્થોએ પોતાના દ્રવ્યનો આવા અત્યંત ઉપકારક કાર્યમાં વ્યય કરવો યોગ્ય છે. આ રીતિ અનુકરણીય છે—એના લાભની હદ નથી. એક જીવ આ ચરિત્ર વાંચીને બોધ પામે તો પણ અપરિમિત લાભ છે તો પછી વિશેષને માટે તો શું કહેવું ? આટલી ટુંકી સૂચના કરીને આ લઘુ પ્રસ્તાવના સમાપ્ત કરવામાં આવે છે.

જ્યેષ્ઠ શુદિ ૫
સંવત ૧૯૭૨

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા**
ભાવનગર.

॥ श्रीजिनाय नमः ॥

# श्रीमदिंद्रहंसगणिविरचित.

# श्रीभुवनभानु केवळी चरित्र.

(ભાષાંતર)

આ જંબૂદ્વિપમાં મેરૂની પશ્ચિમ દિશાએ ગંધિલાવતી નામનો વિજય છે. ત્યાં સર્વ સંપદાનું નિવાસ સ્થાન, સમગ્ર વિલાસોનું સદન, સમસ્ત સદ્વ્યવહારોનું ગૃહ, બધા પાપવ્યાપારોથી રહિત, ધર્મકર્મનું એક ધામ, ઉંચા કિલ્લાથી પરિવેષ્ટિત, અતિ ઉંડી પરિખા (ખાઇ) થી દુર્ગમ, અશેષ આશ્ચર્યોનું નિકેતન, અતિ વિસ્તૃત અને અવનિવનિતાના શિરસ્તિલક સમાન એવું વિજયપુર નામનું નગર છે. ત્યાં હજારો રાજાઓને સેવવા લાયક, તત્ત્વવંત પુરૂષોમાં અગ્રેસર, શૂરવીરોમાં શિરોમણિ, સમગ્ર સંપત્તિઓનું પાત્ર, બુદ્ધિરૂપ સરિતાઓનો સમુદ્ર, મોટા મંત્રીઓને પણ આશ્ચર્ય પમાડનાર, કામિનીઓને પોતાના કમનીયપણાથી કામદેવનો વિભ્રમ કરાવનાર, મોટા હાથીઓના કુંભસ્થલને દળવા–ભેદવાથી કઠિન થયેલ હાથથી આકૃષ્ટ થયેલ શત્રુઓની લક્ષ્મી સાથે નિરંતર લીલા કરનાર અને પ્રબલ શત્રુઓના લશ્કરરૂપ પર્વતોને ભેદીનાખવામાં વજ્ર સમાન ચંદ્રમૌલિ નામે મોટો રાજા હતો.

એકદા સમસ્ત દિશાઓમાં વિસ્તાર પામેલ કીર્ત્તિરૂપ કામિનીને અતિ પ્રિય પતિ સમાન, દંડમાત્રથી અનેક રાજાઓને વશ કરનાર એવા તે રાજાને, બધા રાજાઓને માન્ય એવી પ્રવરાજ્ઞારૂપ ઐશ્વર્યથી

શ્રેષ્ઠ એવા વિપુલ રાજ્યનું પરિપાલન કરતાં, કોટિ સુભટોથી વ્યાપ્ત એવા સભાસ્થાનના શણગારરૂપ મોટા રત્નોના સિંહાસન ઉપર તે બેઠો હતો તે વખતે, ઉદય પામેલા અનેક રવિમંડળ કરતાં અધિક પ્રવર તેજસમૂહથી પૂર્વદિશારૂપ વધૂનું વદનકમળ એકદમ ચળકી ઉઠ્યું. તે વખતે અકસ્માત્ આશ્ચર્યચકિત થયેલ સમગ્ર સભાને આસ્તે આસ્તે ચારે બાજુથી પ્રસરતા સુગંધી અને શીતળ પવન લહરીથી આશ્વાસન મળ્યું. સહસા વિશાળ અને ગગનગર્જી કંઠવાળા કિન્નર દેવોએ ગવાતા મધુર ગીતનાદથી સમગ્ર માણસોના કાન તે સાંભળવાને ઉંચા થઇ રહ્યા. ક્ષણ વારમાં દેવાંગનાઓના ચરણમાં વાગતા નુપૂરના શબ્દ સાથે મિશ્ર થતા ઘુઘરીઓના ઝણકારાથી ગગનમંડળનો દેખાવ જોવા લાયક થઇ રહ્યો. અતિ વેગથી જયજયારવ કરતા બંદિદેવતાઓના કોલાહલથી સમસ્ત દિશાઓ વ્યાપ્ત થઇ ગઈ અને અતિ જબરજસ્ત એવા ઉછળતા દેવદુંદુભિના નાદથી ભૂવલય એકદમ બધિર થઇ ગયું.

આ પ્રમાણેની સ્થિતિનું અવલોકન કરતાં તરતજ સિંહાસન ઉપરથી કંઇક ઉંચે થઇને સમસ્ત રાજમંડળથી સુશોભિત એવા સભાજન સહિત મોટા આશ્ચર્યપૂર્વક અને અતિ ઉત્કંઠાપૂર્વક લલાટની કંઇક નીચે પોતાના વામ કરતલને રાખીને, કમળના પત્રો સમાન કોમળ એવા તકીયાને આધારે પોતાનો જમણો હાથ નિશ્ચલ કરીને, બંને કાન દઇને અને વિકસ્વર તથા અનિમેષ લોચનવાળો થઈને ' અહો ! આ શું ? ' એ પ્રમાણે આશ્ચર્ય પામી રાજા જેટલામાં જુએ છે તેટલામાં લલાટપટ્ટપર જેણે ઘટ્ટ ચંદનનું તિલક કર્યું છે, જેના હાથમાં સુવર્ણનો દંડ ચળકી રહ્યો છે, અને કઠિન સ્તનપર આળોટતા નિર્મલ આમળા જેવા સ્થૂલ મુક્તાફળના હારથી જે મનોહર દેખાય છે, એવી પ્રતિહારીએ સભામંડપમાં પ્રવેશ કરી પ્રણામ કરીને હર્ષપૂર્વક રાજાને વિજ્ઞપ્તિ કરી કે—" હે સ્વામિન્ !

આપનો નીમેલો પૂર્વદિશાનો ઉદ્યાનપાલક દ્વાર આગળ આવ્યો છે, માટે તેને શી આજ્ઞા છે. ?" રાજાએ કહ્યું:—'હે પ્રતિહારિ! તેને અહીં સત્વર પ્રવેશ કરાવ.' પછી પ્રતિહારીએ વસુધાપતિના આદેશ પ્રમાણે તેને સભામાં જવાની રજા આપી, એટલે તે ઉદ્યાનપાલક ત્યાં આવી વિનયપૂર્વક રાજાને નમસ્કાર કરીને લલાટપર કરયુગલની અંજલિ રાખી હર્ષપૂર્વક આ પ્રમાણે કહેવા લાગ્યો:—"હે દેવ! અનેક સુરાસર, વિદ્યાધર અને મનુષ્યોથી અનુસરાયેલા, પૂર્વદિશાના ઉદ્યાનનો પ્રદેશ જેમણે પાવન કર્યો છે એવા અને જેમનું નામ ભૂમંડળપર પ્રસિદ્ધ છે એવા ભુવનભાનુ નામના કેવલી આપણા ઉદ્યાનમાં પધાર્યા છે. તેની હું આપને વધામણી આપું છું." ઉદ્યાનપાલકના મુખથી તે વધામણી સાંભળતાં જાણે અમૃતની વૃષ્ટિથી સિંચન કરાયેલ હોય, સરસ ચંદનરસથી જાણે અકસ્માત્ વિલિપ્ત થયેલ હોય, ત્રણ ભુવનની લક્ષ્મીએ પ્રેમપૂર્વક આલિંગન કર્યું હોય અને રતિસાગરમાં જાણે સ્નાન કર્યું હોય એવા રાજાએ ક્ષણવાર આંખો બંધ કરી કંઇક અવાચ્ય સુખનો અનુભવ લઇને તેને ઇનામમાં બહુ દ્રવ્ય આપ્યું.

પછી એક ભ્રકુટીની ઈસારત માત્રથી તત્કાળ બધી સામગ્રી તૈયાર કરાવી, કૈલાસપર્વત જેવા મોટા હાથીના સ્કંધપર આરૂઢ થઈ, સુરાસુરથી મથન કરાતા એવા ક્ષીરસાગરના ફીણના પિંડ સમાન ઉજ્વલ એવા મોટા છત્રથી સૂર્યના પ્રતાપનો પરાભવ કરતો, શરદૃઋતુના ચંદ્રસમાન મનોહર ચામરો જેનાપર ઢળી રહ્યા છે એવો, હાથીઓની શ્રેણીઓથી પરિવેષ્ટિત, અશ્વોના સમૂહથી પરવરેલો, રત્નોથી બનાવેલા રથોના સમૂહથી પરિવારિત અને કરોડો સુભટોથી સુશોભિત એવો તે રાજા પૂર્વદિશાના ઉદ્યાનમાં આવ્યો, અને કેવલી ભગવંતને દૂરથી જોતાંજ હાથી ઉપરથી નીચે ઉતરી પડ્યો. પછી તેણે હૃદયમાં અત્યંત હર્ષિત થઇ છત્ર, મુગટ, તાંબૂલ,

શસ્ત્ર અને રત્નમય પાદુકાનો ત્યાગ કરીને, જળથી હાથ, પગ અને મુખની વિશુદ્ધિ કરીને તેમજ વિનયથી મસ્તક નમાવી, અંજલિ જોડી, નેત્ર અને મન એકાગ્ર કરી, વિદ્યાધરો અને દેવતાઓથી સંકીર્ણ થયેલી સભામાં પ્રવેશ કર્યો. પછી કનકના મોટા કમળપર બેઠેલા કેવલી ભગવંતને ભક્તિભાવિતપણે ત્રણ પ્રદક્ષિણા દઇ, પ્રણામપૂર્વક સુખસાતા પૂછી, સમુચિત સ્થાને બેસી, બંને હાથ જોડીને સવિનય આ પ્રમાણે પૂછવા લાગ્યો:—"હે ભગવન્! દરિદ્રીને ઘેર અચાનક રત્નવૃષ્ટિ થાય તેવા આપના આગમનથી અમે અતિ અનુગૃહિત (આભારી) થયા છીએ. હે કૃપાલુ! મને બાલ્યાવસ્થામાં કેટલાક મુનિઓનો સમાગમ થયો હતો, પરંતુ તે વખતે કેવલ બાલબુદ્ધિ હોવાથી તથાપ્રકારનો પરમાર્થ ન સમજવાને લીધે હું કાંઇ પણ આત્મહિત કરી શકયો નહિ. તે વખતે તેમણે મારામાં માત્ર તેવા પ્રકારના કાંઇક સારા સંસ્કાર દાખલ કર્યા હતા, પરંતુ પછીથી રાજ્યભારરૂપ અત્યંત અંધકારથી તે સંસ્કારો વિલુપ્ત થઈ ગયા, મન વિષયથી મૂર્ચ્છિત થઇ ગયું અને સાધુદર્શનનો કદાપિ લાભ ન મળવાથી મારી આટલી જીંદગી વૃથા વ્યતીત થઇ ગઇ. પરંતુ પૂર્વના સુસંસ્કારને લીધે ગતરાત્રિના છેવટના ભાગમાં કાંઇક નિદ્રારહિત થઇને મેં વિચાર કર્યો કે:— "અહો! અપરિમિત એવા મહા આરંભથી કરોડો ગમે કરેલા મોટા પાપના સંચયનો જ્યારે વિપાકોદય થશે, ત્યારે મને કોણ શરણ થશે? તેથી જો હવે કોઇ મુનિનો મને સમાગમ થાય, તો તેમને એ બાબતનો ખુલાસો પૂછું; પરંતુ પૂર્વે પ્રાપ્ત થયેલા મુનિસમાગમરૂપ પ્રવર પોત (મજબૂત નાવ) થી ભ્રષ્ટ થયેલા, સંસારરૂપ મહાસાગરના મધ્યભાગમાં મગ્ન થયેલા અને મહા પાપકર્મના કરનારા એવા મારા જેવા પ્રાણીઓને તેવો સંયોગ પ્રાપ્ત થવો અત્યંત દુર્ઘટ છે." આવા પ્રકારનો વિચાર કરતાં રાત્રિનો શેષભાગ વ્યતીત કર્યા પછી પ્રાત:કર્મ આચરીને જેટલામાં હું રાજસભામાં આવીને બેઠો, તેટ-

લામાં મરૂસ્થલના મુસાફરને જેમ મહાસરોવર મળે, ચાતક કુટુંબને જેમ ગ્રીષ્મઋતુમાં જળવૃષ્ટિ પ્રાપ્ત થાય, પ્રચંડ ભાસ્કરના તાપથી તપેલા મનુષ્યને જેમ આમ્રવૃક્ષોનો બગીચો મળે અને મહારોગથી પરાભવ પામેલાને જેમ સુધાથી ભરેલી વાવડી મળે તેમ કોઇ પણ ઉત્કૃષ્ટ પુણ્યોદયથી મને આપના આગમનના ખબર મળ્યા. એ ખબર સાંભળતાંજ મોટા રણસંગ્રામમાં શસ્ત્રના સમૂહથી પરાભવ પામેલો જેમ કોઈ મહા કાયર પુરૂષ બલિષ્ઠ સુભટની પૂંઠ પકડે તેમ હર્ષભરથી નિર્ભર થઇ હું આપના ચરણને શરણે આવ્યો છું. માટે આપ મારાપર મહેરબાની કરીને અને કરૂણા લાવીને કહો, કે મને આ સંસારમાં શરણભૂત કોણ થશે ?" આ પ્રમાણે ભૂપનું કથન સાંભળીને જેમણે દંતપંક્તિના પ્રકાશથી અંધકારના પટલને નાશ કરેલ છે એવા મુનીંદ્ર કહેવા લાગ્યા:—"હે મહારાજ ! જેનો તમારા જેવા અનેક પ્રાણીઓએ અને વિશેષતાથી અમોએ પણ સ્વીકાર કર્યો છે, તે તમને શરણભૂત થશે." આ પ્રમાણે સાંભળીને રાજા વિસ્મય સહિત જરા હસીને કહેવા લાગ્યો:—"હે ભગવન્! જગતના એક શરણભૂત એવા તમોને પણ બીજા કોઇનું શરણ હોય એ મોટું આશ્ચર્ય છે, માટે તે વ્યતિકર શું છે ? તેનું કૃપા કરીને સ્પષ્ટીકરણ કરો." આવો પ્રશ્ન સાંભળીને મુનીશ્વર કહેવા લાગ્યા:—"હે મહારાજ ! એ કથા ઘણી મોટી છે અને તમારૂં મન વ્યાક્ષિપ્ત છે, માટે આ વખતે વિશેષ શું કહી શકાય ?" આ પ્રમાણે સાંભળીને રાજાએ કહ્યું:-"હે ભગવંત! એમ ન બોલો, કારણ કે એક મંદ (મૂર્ખ) પ્રાણી પણ સુધાપાનની પ્રાપ્તિ થતાં વિષપાનને માટે ઉત્સુક થતો નથી. વળી મયૂર જેમ મેઘાગમનની રાહ જુએ, તેમ આપના આગમનની હું રાહ જોતો હતો, તેટલામાંજ આપ અહીં પધાર્યા છો. માટે હે વિભો ! મને અત્યારે બીજો કોઇ પણ પ્રકારનો વ્યાક્ષેપ નથી, તેથી એવો કોઇ પણ પ્રકારનો વિકલ્પ કર્યા શિવાય હે પૂજ્ય ! સ્વવચનામૃતના

પ્રક્ષેપથી આ મારૂં શ્રવણયુગલ ચિરકાળ પર્યંત પ્રીણિત-પ્રસન્ન કરો." રાજાની આવી જિજ્ઞાસા જાણીને જ્ઞાની ગુરૂ બોલ્યા:—"જો એમ હોય તો સાવધાન મનથી સાંભળો:—

અનંત જીવોનું નિવાસસ્થાન, સર્વ સંપત્તિઓનું એક મંદિર, સમસ્ત ઉત્તમજનોથી અનિર્મુક્ત, સમગ્ર આશ્ચર્યોનું એક સદન અને પર તથા અપર એવા બંને વિભાગથી નિર્મુકત ( પર પણ નહીં અને અપર પણ નહીં એવું ) તથા શાશ્વત એવું લોકોદર નામનું મોટું નગર છે. તેવો વર્ણ, તેવી જાતિ, તેવું ગોત્ર, તેવું કુળ, તેવું પુણ્ય, તેવું શિલ્પ (કળા), તેવી વિદ્યા, તેવું ધન, તેવું રત્ન, તેવી નીતિ, તેવો ધર્મ, તેવું કર્મ, તેવા વિલાસો, તેવું સુંદર નેપથ્ય, તેવી વ્યવહાર ક્રિયા અને તેવું નાટક—આમાંની એકે વસ્તુ એવી નથી કે જે તે નગરમાં જોવામાં ન આવતી હોય. અહીં અમે વધારે શું કહીએ, કારણ કે તે નગરજ સર્વમય છે. તે નગરમાં અનંત, પરસ્પર અત્યંત વિરૂદ્ધ અને મહા બલિષ્ઠ એવા ધર્માત્મક અને પાપાત્મક નામનાં બે કટક ( સૈન્ય ) હમેશાં રહે છે. તેમાં જેણે ત્રણે જગતને વશ કર્યા છે અને સર્વ પ્રાણીઓનું જે અહિતજ કરે છે એવો મોહરાજ નામનો મહીપતિ પાપસૈન્યનો નેતા છે, તે આ પ્રમાણે પોતાની સત્તા ચલાવે છે—"ઇંદ્રોને પણ તે પોતાની આજ્ઞામાં પ્રવર્ત્તાવે છે, ચક્રવર્તીઓને પણ પોતાના નિર્દેશમાં રાખે છે, બધા રાજાઓને તો તે પોતાના કિંકરની જેમ રાખે છે, અમાત્ય, શ્રેષ્ઠી અને સાર્થવાહ વિગેરેને અને સામાન્ય જનોને તો તેણે પોતાના દાસ બનાવી દીધા છે. આવી પ્રબળતા હોવાથી તે અદેવમાં પણ દેવબુદ્ધિ કરાવે છે, અગુરૂમાં ગુરૂબુદ્ધિ કરાવે છે અને અતત્ત્વમાં તત્ત્વબુદ્ધિ ઉપજાવે છે. અવસ્તુઓમાં તે મહા પ્રતિબંધ કરાવે છે, સર્વથા અસત્કૃત્યના પક્ષનેજ તે વધારે જોડે છે, મહા પાપક્રિયાઓમાં પ્રવર્ત્તાવે છે, હિંસા કરાવે છે, અસત્ય બોલાવે છે, ચોરી કરાવે છે, પરસ્ત્રીનું સેવન કરાવે છે,

મહારંભવાળા પરિગ્રહમાં જોડે છે, રાત્રિભોજનમાં મહાગૃદ્ધિને ઉત્પન્ન કરે છે, ક્રોધરૂપ મહા જ્વલનમાં પાડે છે, માનરૂપ શિલાના નિચયથી અક્કડ રાખે છે, દુષ્ટ માયારૂપ ભુજંગીના મુખથી ડંખ દેવરાવે છે, લોભરૂપ મહાસાગરમાં પાડે છે, પુત્રાદિકના પ્રેમબંધરૂપ પાશથી બાંધે છે, કલત્રાદિકના અનુરાગરૂપ સાંકળથી નિયંત્રિત કરે છે,તેમજ સમૃદ્ધિથી ભ્રષ્ટ કરે છે, અમાહાત્મ્ય ઉત્પન્ન કરે છે, દીનતા પેદા કરે છે, શોક નીપજાવે છે, દુર્ગતિમાં લઈ જાય છે, મહા ઘોર નરકમાં નાખે છે, તિર્યંચ ગતિમાં લાવે છે, હલકી જાતિના મનુષ્યોમાં લઇ જાય છે અને ત્યાં દારિદ્રય, દૌર્ભાગ્ય અને પરપરાભવાદિક વિડંબનાઓથી સતાવે છે, પાપ ક્રિયાઓમાં પ્રવર્ત્તાવે છે અને નરકાદિક દુર્ગતિમાં પુન: પુન: ગમન કરાવે છે. ”

આ પ્રમાણે એ મોહરાજા પ્રાણીઓને અતિ દુ:ખિત કરી ભવસાગરમાં ભમાવે છે, તેથી તે પ્રાણીઓને સર્વથા ‘અહિતકર’ છે એમ કહેવાય છે. તેની આજ્ઞાને માનથી માથે ચડાવનારા પ્રાણીઓને ક્રોધ, માન અને લોભાદિકથી અનંતું એવું તેનું કટક નિરંતર દુ:ખજ આપ્યા કરે છે.

હવે ચારિત્રધર્મ નામનો રાજા ધર્મસૈન્યનો નાયક છે અને તે સમ્યક્ત્વ, સદ્બોધ, સુશાસ્ત્ર, શમ, મૃદુતા, ગાંભીર્ય, સરલતા, ઔદાર્ય, સત્ય, શૌચ અને દમ (ઇંદ્રિય દમન) વિગેરે અનંત સુભટોથી પરિવૃત છે. ખરેખર ! તે પ્રાણીઓને બહુ હિતકર છે. તે પોતાની સત્તાનો આવી રીતે સદુપયોગ કરે છે:—“ દેવમાંજ દેવબુદ્ધિ કરાવે છે, ગુરૂમાંજ ગુરૂબુદ્ધિ કરાવે છે અને તત્ત્વમાંજ તત્ત્વરૂચિ કરાવે છે. અવસ્તુઓમાં થયેલ પ્રતિબંધનો તે ત્યાગ કરાવે છે, સત્ક્રિયાઓમાં પ્રવર્ત્તાવે છે, આત્મવત્ સમગ્ર પ્રાણીઓનું તે રક્ષણ કરાવે છે, અસત્યનો પરિહાર કરાવે છે, સ્તેયનું નિવારણ કરાવે છે, અબ્રહ્મનો નિષેધ કરાવે છે, આરંભયુક્ત પરિગ્રહની બુદ્ધિને શિથિલ કરાવે છે, રાત્રિ

ભોજનને નિવારે છે, પ્રશમરસથી વિભૂષિત કરે છે, મૃદુતાથી મંડન કરે છે, સરલતાથી શણગારે છે, સંતોષથી પરિતૃપ્ત રાખે છે, નિબિડ સ્નેહ બંધનથી મૂકાવે છે, અનુરાગરૂપ સાંકળોનાં બંધનને તોડે છે, આ ભવમાં પણ મહાસમૃદ્ધિ આપે છે, મોટાઇ ઉત્પન્ન કરે છે, સમસ્ત લઘુતાને આચ્છાદિત કરી દે છે, સર્વ માણસોની પ્રશંસાને પ્રાપ્ત કરાવે છે, સુગતિમાં લઇ જાય છે, નરક અને તિર્યગ્ગતિને અટકાવે છે, મહર્દ્ધિક દેવતાઓમાં જન્મ અપાવે છે, મનુષ્યોના ઉત્તમ કુળમાં અવતાર આપે છે, સમ્યક્ત્વની પ્રાપ્તિ કરાવે છે, રાજ્ય, ઐશ્વર્ય, સૌભાગ્ય અને પૂજ્યત્વ વિગેરેથી સુસ્થ કરે છે, સદ્ધર્મની ક્રિયાઓમાં પ્રવર્ત્તાવે છે અને મહર્દ્ધિક દેવતાઓમાં પુનઃ પુનઃ લઇ જાય છે. ”

આ પ્રમાણે એ સંસારવાસમાં પણ પ્રાણીઓને સુખકર હોવાથી અને છેવટે મોક્ષ પમાડનાર હોવાથી તે ખરેખરો હિતકર કહેવાય છે. આ પ્રમાણે છાવણી નાખીને રહેલી તે બંને સેનાઓ વચ્ચે પ્રાણીઓના સુખ અને દુઃખને માટે થતું યુદ્ધ નિવર્ત્તતુંજ નથી. એમને યુદ્ધ કરતાં અનંત કાળ વ્યતીત થઇ ગયો, છતાં હજુસુધી કોઇનો જય કે પરાજય એકાંતે થયો નથી. કારણ કે ત્યાં તે બંને કરતાં પણ ગરિષ્ઠ અને ત્રણે લોકનો પણ નાયક એવો કર્મપરિણામ નામે મહર્દ્ધિક રાજા છે. શુભ અને અશુભ વિગેરે સ્વરૂપથી તે વિચિત્ર કહેવાય છે, પરંતુ તે માત્ર યોગીઓનાજ લક્ષ્યમાં આવી શકે તેમ છે, સ્થૂલબુદ્ધિવાળા પ્રાણીઓ તેના યથાર્થ સ્વરૂપને જોઈ શકતા નથી. મોહરાજાનો તે મોટો ભાઇ ગણાય છે અને લોકસ્થિતિનો લઘુ બંધુ છે, તથા કાળપરિણતિ નામની સ્ત્રીનો તે ભર્ત્તા છે. વળી તે મહા સમર્થ છે અને નાટકો તેને બહુ પ્રિય લાગે છે.

તે રાજા આ પ્રમાણેની વિચિત્ર લીલા નિરંતર કર્યા કરે છે:—“ દેવતાઓને પણ તે કોઈ વખત ગધેડા બનાવી દે છે અને

ગધેડાને દેવતા બનાવે છે, તિર્યંચોને નારક બનાવે છે અને નારકને તિર્યંચનો વેષ પહેરાવે છે, હાથીઓને નાના કીડા બનાવી દે છે અને કીડાઓને હાથી બનાવે છે, ચક્રીઓને રંક બનાવે છે અને રંકને નરેંદ્ર બનાવે છે, ધનવંતોને નિર્ધન બનાવે છે અને નિર્ધનને ક્ષણવારમાં ધનવંત બનાવી દે છે, નિરોગીને તરત રોગી બનાવે છે અને રોગીને નિરોગી બનાવે છે, ચિંતાતુરને નિશ્ચિંત બનાવે છે, અને નિશ્ચિંતને ચિંતાતુર બનાવે છે, સુખીને દુઃખી બનાવે છે અને દુઃખીને સુખી બનાવી દે છે." આ પ્રમાણે કરવાથી એ સમર્થ અને બહુરૂપીતરીકે પ્રસિદ્ધ થયેલ છે. મોહરાજા અસંખ્ય નારક જીવો, અસંખ્ય દેવતાઓ, સંખ્યાબંધ માનવો તથા અનંત તિર્યંચોને પાત્ર બનાવી નાટક રચે છે. કર્મપરિણામને તે અતિ પ્રિય હોવાથી તે બધાઓને નચાવે છે અને પોતે તેમાં આનંદ માને છે. જ્યારે કર્મપરિણામ ચારિત્રધર્મના પક્ષમાં જાય છે, ત્યારે તે સારૂં વર્ત્તન ચલાવે છે અને નહિ તો તે મોહરાજાના પક્ષનું પોષણ કર્યા કરે છે. જે પક્ષમાં તે હાજર રહે છે, તે પક્ષનોજ અવશ્ય જય થાય છે અને અન્ય પક્ષનો પરાજય થાય છે એવો સાધારણ નિયમ છે.

અન્યદા બંને સૈન્યમાં તેને વર્ત્તતો જોઇને મોહમહીપતિ રોષ લાવીને તેને કહેવા લાગ્યો:—"હે મહાનુભાવ! અમે નિરંતર તમારો પક્ષ કરીએ છીએ, પ્રિય બોલીએ છીએ, અને સદા કાળજી રાખી આપને પ્રિય એવું આ નાટક રચીએ છીએ; અને આ સદાગમાદિક વૈરીઓ તો નિરંતર તે નાટકને છિન્નભિન્નજ કરી મૂકે છે, એટલુંજ નહિ પણ તેમાંથી પાત્રોને આકર્ષીને તેઓ તેમને નિવૃતિપુરીએ પહોંચાડી દે છે. આટલું છતાં તમે સદા એમનો પક્ષ લઈને શા હેતુથી અમને ચૂર્ણ કરી નાખો છો? તે અમે સમજી શકતા નથી. અથવા તો એવી બહુરૂપી તમારી ચેષ્ટાને કોણ જાણી શકે?"

આ પ્રમાણે મોહમહીધરનું બોલવું સાંભળીને જરા મ્હોં મલકાવી, તેના શિરે ચુંબન દઇ અને આદરપૂર્વક તેને આલિંગન

કરીને કર્મસંચયરાજા સાશ્રુનેત્રે કહેવા લાગ્યો:—" હે વત્સ ! તેની ચેષ્ટા બધી હું જાણું છું અને તે તું કહે છે તેમજ છે. તેઓ ઘણીવાર મારી આજ્ઞાનો પણ અનાદર કરીને સતત સ્વેચ્છાએ રમ્યા કરે છે; તથાપિ એ સંબંધમાં હું શું કરૂં ? મારે એમની સાથે પણ અનંત કાળથી ચાલ્યું આવતું આવા પ્રકારનું દાક્ષિણ્ય રાખવું પડે છે અને તેથીજ મારે કદાચિત્ ઘણા કાળે તેમનું પણ કંઈક પ્રિય કરવું પડે છે, પરંતુ મારા ચિત્તમાં તો સદૈવ તુંજ વસી રહ્યો છે. માટે હે વત્સ! તું કહે તે તારૂં પણ ઇષ્ટ સાધી આપું." આ પ્રમાણે સાંભળીને મોહરાજાએ કહ્યું કે:—" જો આપની એવી પ્રસન્નતા છે, તો તમારા અવ્યયપુરમાંથી મને તેવા સંસારી સહાયક જીવો આપો કે જેમની સહાયતાથી સુખાવહ એવા આ સમગ્ર શુકલપક્ષને હું નિર્મૂળ કરી શકું."આવી તેની માગણીથી કર્મપરિણામ રાજાએ અસંવ્યવહાર્ય નગરમાંથી દૂરભવ્યો અને અભવ્યો તેને સહાયક તરીકે આપ્યા. એટલે મોહરાજા તેમની સાથે સર્વત્ર વિલાસ કરવા લાગ્યો (ઉદય પામવા લાગ્યો). આ વાત ચારિત્રધર્મના સૈનિકોએ પોતાના રાજાને જણાવી તેથી તેનું સર્વ સૈન્ય આનંદ રહિત, નિરૂત્સાહી અને ક્રિયા રહિત થઈ ગયું. સૈન્યની તેવા પ્રકારની સ્થિતિ જોઇને સદ્બોધ નામનો મંત્રી પોતાના સ્વામીને કહેવા લાગ્યો:—" હે દેવ ! આ પ્રમાણે સત્ત્વ અને ઉત્સાહ રહિત થઇને આપ શામાટે બેસી રહ્યા છો ? આપત્તિમાં તો મોટા પુરૂષો સદા કંઇ ઉપાયજ શોધ્યા કરે છે. પગ પસારીને પડ્યા રહેવું એ તો અબળાઓ અને કાયર જનોનેજ ઉચિત છે. અગ્નિથી બળતા ઘરને જોઇને જે બાહુ બાંધીને બેસી રહે, તેને સર્વસ્વ દાહ શિવાય બીજું શું પ્રાપ્ત થવાનું હતું ? રાહુથી ગ્રસ્ત થતાં પણ સૂર્ય શું પોતાના પરાક્રમને તજી દે છે ? તેમજ તે સમગ્ર ગ્રસ્ત થયા છતાં પણ શું જગત્‌ને પ્રકાશિત કરતો નથી ? માટે ધૈર્ય પકડીને આ સંબંધમાં કંઈ ઈલાજ શોધી કાઢો." આ પ્રમાણે સાંભળીને ચા-

રિત્રધર્મ રાજાએ કહ્યું કે:—" હે મંત્રિન્ ! ઉપાયો બધા તારામાંજ વ્યવસ્થિત છે. અર્થાત્ ઉપાયો શોધી કાઢવાનું કામ તારૂં જ છે. તેથી હે વત્સ ! આ બાબતમાં તું જે કહે તેજ કરવાને અમે તૈયાર છીએ." પછી સદ્બોધ મંત્રીએ પ્રણામ કરીને વિનયપૂર્વક પોતાના સ્વામીને કહ્યું કે:—"જો એમ હોય તો આપણે સત્વર કર્મપરિણામ પાસે જઈએ. કારણ કે અગ્નિથી જેઓ દગ્ધ થયા હોય, તેમને અગ્નિ એજ સરસ ઔષધ છે. એને શત્રુ સમજીને તેની પાસે ન જવું, એ ઉચિત નથી. કારણ કે જે સર્વસ્વ બાળી નાખે છે, તેવા અગ્નિની પણ લોકો ઉપાસના કરે છે. અને વળી આપણે તો તેના શુભ પક્ષનું સદા પોષણ કરીએ છીએ. તે કારણથી છેવટે આપણે કરેલ તેનો સર્વ નાશ જાણતાં પણ એ કંઇક આપણો સત્કાર કરશે. કારણ કે દુષ્ટ મોહાદિકની જેમ તે સદાને માટે એકાંત દુષ્ટ નથી." ઇત્યાદિ સદ્બોધના કથનથી તેનેજ આગળ કરીને ચારિત્રધર્મ પોતાનો સ્વલ્પ પરિવાર લઈ કર્મપરિણામની પાસે ગયો. એટલે સદ્બોધ મંત્રીએ કર્મસંચય રાજાને નિવેદન કર્યું કે:—"હે મહારાજ! તમોએ આટલો કાળ માત્ર એકજ પક્ષમાં રહીને આવી પ્રવૃત્તિ કદી કરી નથી. કારણકે તમે સમદૃષ્ટિવાળા છો. માટે હવે અમારી ઉપેક્ષા ન કરતાં તમે તમારી અસલ સ્થિતિનું પરિપાલન કરો." આ પ્રમાણે સાંભળીને તે મહીપતિ ઘણા કાળસુધી મુંગોજ બેસી રહ્યો. પછી બરાબર વિચાર કરીને તેજ નગરમાંથી એક સહાયક લાવીને અને સદ્બોધને બતાવીને આસ્તેથી કાનમાં તેણે આ પ્રમાણે કહ્યું કે:—"અત્યારે તો જો કે મારી અનુવૃત્તિથી આ એનો અનુગામી બનશે. જો એમ ન કરે તો મોહરાજાના આખા કુટુંબનો તરતમાં નાશ થઇ જાય; પરંતુ ક્રમે ક્રમે એ તમને પ્રગટ રીતે સહાય કરશે." આ પ્રમાણે સાંભળીને ચારિત્રધર્મ રાજા સદ્બોધ મંત્રીની સાથે સ્વસ્થાને ગયો. સ્વસ્થાને જઇને તેણે સદ્બોધ મંત્રીને આ પ્રમાણે કહ્યું કે:—"એવું તે તેણે શું કર્યું? મો-

હરાજાને એણે ઘણા સહાયકો આપ્યા છે અને આપણને તો માત્ર એક સહાયક સમર્પીને તે પણ આપણને બહુકાળે કોઈ વખત દર્શન દેશે એમ કહે છે." આ પ્રમાણે સાંભળીને સદ્બોધે જરા હસીને કહ્યું કે:- "હે પ્રભો! તમે લોકમાં શું એવું નથી સાંભળ્યું? કે ગાયોનો નાશ થતાં ગોમયની પ્રાપ્તિ પણ વખણાય છે. વળી મોહ એ તેનો પ્રેમપાત્ર ભ્રાતા છે અને આપણે તે મોહના નિરંતરના વૈરી છીએ, એટલું જ નહિ પણ તેનો નાશ કરવા માટેજ નિરંતર પ્રયત્ન કર્યા કરીએ છીએ. વળી કર્મરાજાની મોટી બહેન લોકસ્થિતિની પણ મોહ કરતાં આપણી ઉપર અનંતમા ભાગ જેટલીજ માત્ર મીઠી નજર છે. પરંતુ હું એકલો છું અને શત્રુઓ અનેક છે તેથી કાંઇ ડરવાનું કારણ નથી. કારણ કે સૂર્ય પોતે એક છતાં ઘણા અંધકારનો નાશ કરે છે. વળી બહુ કાળ પછી આપણા સહાયકના આપણને દર્શન થશે એમ ધારીને પણ ખેદ કરવો ઉચિત નથી. કારણકે ક્ષુધાતુરની પીડાથી કંઈ ઉદુંબર તરત પાકતા નથી. માટે હે દેવ! તમે ધીરા થાઓ. કારણ કે ક્રમે ક્રમે અશુભનો નાશ થતાં બધું સ્વસ્થ થઈ જશે."

એ અવસરે અત્યંત સાવધાન મનથી આ બધું શ્રવણ કરતો ચંદ્રમૌલિ રાજા હર્ષપૂર્વક મનમાં આ પ્રમાણે વિચાર કરવા લાગ્યો કે—"અહો! સદ્બોધ મંત્રીની શ્રેષ્ઠતા કેવી અનુપમ છે? એનું નામ ખરેખર યથાર્થજ છે, આ પ્રમાણે બોલતાં પણ કોને આવડે? આવું આશ્ચર્યયુકત આખ્યાન કહેવા વડે આ મુનીંદ્ર મહાત્માએ ખરેખર! મારાપર મોટો ઉપકાર કર્યો છે." આ પ્રમાણેના વિચારપૂર્વક લોચન બંધ કરી ક્ષણવાર પરમાનંદનો અનુભવ મેળવી પુનઃ રાજા કહેવા લાગ્યો:—"હે ભગવાન્! પછી તે ચારિત્રધર્મ રાજાને સહાય આપનાર જીવનું આગળપર શું થયું? અમે તે વ્યતિકર સાંભળવાને બહુજ ઉત્સુક છીએ, માટે અમારી ઉપર પ્રસાદ કરી તે વૃત્તાંત સંભળાવો."

આ પ્રમાણેના શુભાગ્રહથી જ્ઞાની બોલ્યા:—" હે મહારાજ ! સાવધાન થઇને સાંભળો. કર્મપરિણામ રાજાએ તે જીવને અસંવ્યવહારનગરમાંથી લઇને વ્યવહાર નિગોદમાં મૂકયો, અને પોતે ગુપ્તરૂપ કરીને તેની પાસેજ રહ્યો. આ વ્યતિકર મોહાદિકના જાણવામાં આવવાથી તેમણે વિચાર કર્યો કે:—" અહો ! આ આપણો નાયક નારદની જેમ કેલિપ્રિય લાગે છે, ઘંટાના લોલકની જેમ, ડમરૂના મણિની જેમ, કોલિકની નળીની જેમ અને માતંગના મૃદંગની જેમ નિરંતર બંને પક્ષમાં તે આવજા કરે છે, અને એમને વારંવાર કહ્યા છતાં તે કંઇ ધ્યાનમાં લેતાજ નથી. ' ભર્યા ઘડાની પાસેજ બધા જાય છે. ' આ કહેવતને એણે સત્ય કરી બતાવી છે. કહ્યું છે કે:—

" स्वभावो नोपदेशेन, शक्यते कर्त्तुमन्यथा ।
सुतप्तान्यपि तोयानि, पुनर्गच्छंति शीतताम् " ॥ १ ॥

" ઉપદેશ દેતાં પણ સ્વભાવ ફેરવી શકાતો નથી. કારણકે પાણીને બહુ ગરમ કરવામાં આવે તો પણ તે પાછું શીતળ થઈ જાય છે. " માટે હવે તો પોતાના ભુજબળથીજ આપણે વખત પ્રમાણે ઉપાય લઇએ. " આ પ્રમાણે વિચાર કરીને કુપિત થયેલા મોહાદિક, ચારિત્રધર્મના સૈન્યને સહાય કરનાર તે સંસારી જીવની પાસે આવ્યા, અને ત્યાં વ્યવહાર નિગોદમાંજ વિચિત્ર પ્રકારના અનંત દુ:ખ કોટીનો અનુભવ કરતા એવા તે સંસારી જીવને તેમણે અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળસુધી ત્યાંજ પકડી રાખ્યો. અન્યદા કોઇ વખતે તે મોહાદિક કંઈક આઘા પાછા થયા, એટલે તે વખતનો લાભ લઇને કર્મપરિણામે તે નિગોદજીવને પૃથ્વીકાયમાં લાવી મૂકયો. ત્યાં પણ લાગ્યોગમે દુ:ખ દેખાડતા એવા રૂષ્ટ થયેલા મોહાદિકોએ અસંખ્ય ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળસુધી તેની કદર્થના કરી. ત્યાંથી પણ કાંઇક અંતર મેળવીને કર્મપરિણામ તેને અપ્કાયમાં

લઈ આવ્યો, ત્યાંથી તેજસ્કાયમાં અને ત્યાંથી વાયુકાયમાં તેને લઈ ગયો. ત્યાં પણ પ્રત્યેક કાયમાં કુપિત થઇને સામે પડેલા એવા તે મોહાદિકોએ તેને નાના પ્રકારનાં દુ:ખો દેખાડીને અસંખ્ય ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળસુધી તેની કદર્થના કરી. પછી સિત્તેર કોટિ સાગરોપમ સુધી તેને પ્રત્યેક વનસ્પતિકાયમાં અટકાવી રાખ્યો અને વચમાં વચમાં અત્યંત પ્રકુપિત થઇને તે દુષ્ટોએ એ બિચારા સંસારી જીવની બહુ કદર્થના કરી. પુન: પુન: પરાઙ્મુખ થયેલા એવા તેને વ્યવહારિ નિગોદમાં અને પૃથ્વીકાયાદિકમાં વારંવાર પાછો લઇ જઇને એકેંદ્રિયપણામાં પુન: પુન: તેને અટકાવીને અસંખ્ય પુદ્ગલ પરાવર્ત્ત સુધી તેવીજ રીતે તેની કદર્થના કરી. પછી કંઇક અંતર મેળવીને કર્મપરિણામ તેને વિકલેંદ્રિયમાં લઇ ગયો. તેની ખબર પડતાં તેની પાછળ આવીને મોહાદિ દુષ્ટોએ તેને બાંધીને અસંખ્ય વર્ષ સહસ્ર પર્યંત તેની ત્યાંજ સ્ખલના કરી. ત્યાંથી અતિ કુપિત થઇને તે મોહાદિકોએ પુન: તેને પકડીને પૂર્વોક્ત એકેંદ્રિયમાં નાખ્યો અને ત્યાં તેને અટકાવીને પૂર્વની જેમ અસંખ્ય પુદ્ગલ પરાવર્ત્ત સુધી બાંધી રાખ્યો. પુન: કોઇ વખતે તે વિકલેંદ્રિયમાં આવ્યો, એટલે તેને બાંધીને ત્યાં અસંખ્ય કાળસુધી તેઓએ તેની કદર્થના કરી. એ પ્રમાણે વિકલેંદ્રિયમાં ગમનાગમન કરતાં અનંત પુદ્ગલ પરાવર્ત્ત સુધી તેઓએ તેની કદર્થના કરી. પછી કોઇ વખતે કંઇક અંતર મળતાં કર્મપરિણામ મહાકષ્ટે તેને સંમૂચ્છિંમ પંચેંદ્રિયમાં લઇ ગયો, એટલે ત્યાં પણ દોડી જઇને તે દુષ્ટોએ તેને આઠ ભવમાં પૂર્વકોટિ પૃથક્ત્વ પર્યંત અટકાવી રાખ્યો અને 'આગળ ઉપર ચારિત્રધર્મનું સૈન્ય એને સહાયક થશે' એમ ધારી ભયભીત થઇને તેઓએ ફરીને પણ તેને પૂર્વોકત એકેંદ્રિયમાં નાખ્યો, અને ત્યાંથી પૂર્વની જેમ વિકલેંદ્રિયમાં અને સંમૂચ્છિંમ પંચેંદ્રિયમાં નાખ્યો. ત્યાં ગમનાગમન કરતાં તેને અનંત પુદ્ગલ પરાવર્ત્ત સુધી અટકાવી રાખ્યો. પછી એક વખતે

કર્મરાજા મહા મુશ્કેલીથી તેને ગર્ભજપંચેંદ્રિય તિર્યંચમાં લઇ ગયો. ત્યાં પણ તે દુષ્ટો તરત પહોંચી ગયા અને આઠ ભવમાં પૂર્વકોટી પૃથકત્વ કાળસુધી તેને પકડી રાખ્યો. ત્યારપછી પ્રબળ કોપ કરીને એકેંદ્રિયથી તિર્યંચપંચેંદ્રિય પર્યંત લઈ ગયા અને ત્યાં અનંત પુદ્ગલ પરાવર્ત્ત કાળસુધી તેને અટકાવી રાખ્યો.

એકદા પંચેંદ્રિય તિર્યંચમાં મત્સ્યાદિભવમાં આવેલા તેને જોઇને મોહાદિકોએ વિચાર કર્યો કે:—"અહો! આ કર્મપરિણામ એને આગળ આગળ લઇ ગયા શિવાય રહેવાનો નથી, અને કોઇ વખત આપણા રિપુપક્ષને પણ દેખાડશે." આથી વધારે પ્રકુપિત થઇને તેઓએ તેને મહાપાપમાં પ્રવર્ત્તાવ્યો. નિરંતર જીવહિંસા કરાવી, કેવલ માંસભક્ષણમાં તેને પ્રેર્યો, અને ત્યાંથી તેને મહાનરકમાં પાડ્યો, ત્યાં અનંત દુ:ખોનો અનુભવ કરાવી અસંખ્ય કાળ પર્યંત તેને બાંધી રાખ્યો. અન્યદા ત્યાંથી આકર્ષીને કર્મરાજા તેને પક્ષી વિગેરેની યોનિમાં લઇ ગયો, એટલે અતિ રૂષ્ટ થઇને મોહાદિકોએ પુન: પૂર્વ પ્રમાણેજ એકેંદ્રિયથી નરકાવાસ સુધીના સ્થાનોમાં લઈ જઇને ત્યાંને ત્યાંજ ગમનાગમન કરાવતાં અનંત પુદ્ગલ પરાવર્ત્ત પર્યંત તેને અટકાવી રાખ્યો. પછી ત્યાંથી પણ એકદા કર્મભૂપ તેને મહાકષ્ટે સંમૂર્ચ્છિમ મનુષ્યમાં લઇ ગયો. એટલે ત્યાં પણ સત્વર આવીને મોહાદિકોએ તેને આઠ ભવમાં આઠજ અંતર્મુહૂર્ત્ત સુધી પકડી રાખીને તરતજ ત્યાંથી પુન: એકેંદ્રિયાદિથી સંમૂર્ચ્છિમ મનુષ્ય સુધી ગમનાગમન કરાવીને અનંત પુદ્ગલ પરાવર્ત્ત સુધી તેને બાંધી રાખ્યો. પછી ત્યાંથી અન્યદા મહા મહેનતે કર્મપરિણામ રાજા તેને અનાર્ય દેશના ગર્ભજ મનુષ્યમાં લઈ ગયો, એટલે મોહરાજા ચકિત થઇ ગયો, અને તેના સૈનિકો બધા ક્ષોભ પામ્યા. 'અહો! આપણે મરાયા, કારણ કે એ વૈરી હવે બહુજ નજીક આવી ગયો છે.' આ પ્રમાણે ઉત્સાહ રહિત થઇ તેઓ દિલગીર થાય છે તેટલામાં રસગૃદ્ધિ અને અકાર્યપ્રવૃત્તિ નામની બે લક્ષ-

નાઓ ઉભી થઇને બોલી કે:—"અરે! આ સંક્ષોભ તમારો કેવા પ્રકારનો છે? કારણ કે અહીં રહેલા એ ગરીબડાને તો અમે પણ વશ કરી લઇએ તેમ છે. જો આજ્ઞા હોય તો એને ગળેથી પકડીને તમારી સેવામાં હાજર કરીએ." આ પ્રમાણે સાંભળી અત્યંત પ્રસન્ન થઇને મોહરાજાએ કહ્યું:—"અહો! આપણા સૈન્યમાં સ્ત્રીઓ પણ આવી બલિષ્ઠ છે. હે વત્સિકે! તમે ત્યાં જલદી જાઓ અને કહેલું કાર્ય કરો. તમારૂં કાર્ય સિદ્ધ થાઓ. અમે પણ સૈન્યસહિત આવીને તમને સહાય કરશું." મોહરાજાનાં આવાં વચનો સાંભળીને 'અમે બહુજ હિંમતથી કામ કરશું' આ પ્રમાણે પ્રતિજ્ઞા કરીને તે બંને ત્યાં ગઈ. પછી રસગૃદ્ધિએ તેને મદ્ય, માંસ, અપેયપાન અને અભક્ષ્ય–ભક્ષણમાં પ્રવર્ત્તાવ્યો, અને અકાર્યપ્રવૃત્તિએ માતા અને બ્હેન વિગેરે સાથેના નિંદ્ય કર્મમાં પ્રવર્ત્તાવ્યો. ત્યાંથી થોડા વખતમાં તેને મહા નરકમાં નાખી દીધો, અને પછી પૂર્વ પ્રમાણે પુન: મત્સ્ય, એકેંદ્રિયાદિ સ્થાનોમાં લઇ જઇને ત્યાં અનંત પુદ્ગલ પરાવર્ત્ત પર્યંત તેને અટકાવી રાખ્યો. પછી એકદા કર્મપરિણામ રાજા લાગ સાધીને તેને અનાર્યદેશની માતંગજાતિમાં લઇ ગયો. એટલે ત્યાં પણ રસગૃદ્ધિ અને અકાર્યપ્રવૃત્તિએ અભક્ષ્ય ભક્ષણ વિગેરેમાં પ્રવર્ત્તાવી નરકાદિકમાં પાડીને પુન: લીલામાત્રમાં તેને એકેંદ્રિયાદિમાં પ્રેરવીને અનંત પુદ્ગલપરાવર્ત્ત પર્યંત બાંધી રાખ્યો. પછી ત્યાંથી આર્યદેશમાં વેશ્યાદિકના કુળમાં ઉત્પન્ન થયો, એટલે ત્યાં પણ તે બંને દુષ્ટાઓએ તેને પાપ કરાવી એકેંદ્રિયાદિમાં લઇ જઇ ભમાવી ભમાવીને અનંત કાળસુધી બાંધી રાખ્યો. પછી તે કોઇ વખત વિશુદ્ધ જાતિ અને ક્ષેત્રના મનુષ્યપણાને પામ્યો, એટલે મોહમહારાજાએ તેની પાસે દર્શનાવરણ નામનો પોતાનો સામંત મોકલ્યો. તેણે તેને જાત્યંધ બનાવ્યો અને અશુભ નામકર્મે તેને પાષાણ સદૃશ બેડોળ ( કદરૂપો ) બનાવ્યો. એ રીતે તેને સર્વથા શોચનીય દશા પમાડીને અને પ્રાપ્ત થયેલ મનુષ્યભવને વૃથા કરાવીને પુન: એકેંદ્રિયમાં નાખ્યો અને ત્યાં અનંત કાળ-

સુધી તેને બાંધી રાખ્યો. પછી કદાચિત્ કર્મપરિણામ ફરીને પણ તેને મનુષ્યભવમાં લઇ ગયો, એટલે ત્યાં પણ દર્શનાવરણ સામંતે તેને પકડીને મૂકત્વ વિગેરે દુઃખ દઇ તેની કદર્થના કરી. એ પ્રમાણે તેને લીલા માત્રમાં કાણો અને લંગડો વિગેરે બીભત્સરૂપવાળો બનાવીને પછી અનંતીવાર અનંત પુદ્ગલ પરાવર્ત્ત પર્યંત તેણે વિડંબના પમાડી.

અન્યદા કર્મપરિણામ કષ્ટથી પુનઃ તેને મનુષ્યપણામાં લઇ આવ્યો, એટલે મોહરાજાએ અસાતાવેદનીય નામે એક દુષ્ટ ચોરટો મોકલ્યો. તેણે કોઇવાર તેને જન્મથીજ મહાકુષ્ટી બનાવ્યો. કોઇવાર વાતકી, કોઇવાર મોટા ઉદરવાળો, કોઇવાર જ્વરવાળો, કોઇવાર અતિસારવાળો, કોઇવાર કાસવાળો, કોઇવાર શ્વાસવાળો, કોઇવાર ભગંદરવાળો, કોઇવાર રકતના ગાંઠાવાળો, કોઈવાર પિત્તવાળો, કોઇ-વાર હરસવાળો, કોઈવાર શિરોરોગી, કોઇવાર કપાલરોગી, કોઇવાર નેત્રરોગી, કોઇવાર કર્ણ, કંઠ, તાલુ, જીભ, દાંત, ઓષ્ઠ, ગાલ અને મુખરોગી, કોઇવાર હૃદયશૂલી કોઇવાર કુક્ષિશૂલી, કોઈવાર પૃષ્ઠશૂલી, કોઇવાર આમરોગી, કોઈવાર પ્રમેહરોગી, કોઇવાર અરોચકી અને કોઈવાર ક્ષયરોગી બનાવ્યો. તેવી સ્થિતિમાં સદૈવ વધતી જતી અતિ તીવ્ર વેદનાના સમૂહથી શરીર ક્ષીણ થતાં આક્રંદન કરતો, દુઃખ ધરતો, શોક કરતો, વિલાપ કરતો, પોતાની હીનતા પરિચિત કે અપરિચિત સુજ્ઞ કે અજ્ઞ સમસ્ત જનોને નિવેદન કરતો, દીન થઇને કંદમૂલ વિગેરેનું ભક્ષણ કરતો, તીક્ષ્ણ કડવા ઉકાળાનું પાન કરતો, અત્યુગ્ર સેંકડો ચૂર્ણ ખાતો, અનાર્યજનના ઉપદેશથી અથવા સ્વમ-તિકલ્પનાથી પોતાના શરીરની પટુતા માટે અભક્ષ્યનું ભક્ષણ કરતો, અપેયનું પાન કરતો, ન કરવા લાયક કાર્ય કરતો, મંત્ર, તંત્ર અને બલિકર્મ વિગેરેના પ્રયોગમાં મહારંભ કરતો અને મહા પાપના સમૂહનો સંચય કરતો એવો તે મનુષ્યભવ હારી જઇને પ્રત્યેક વખતે એકેંદ્રિયાદિકમાં અનંત પુદ્ગલ પરાવર્ત્ત પર્યંત ભમ્યો.

અન્યદા પુન: કોઇ રીતે મનુષ્યજન્મ પામ્યો, એટલે મોહરાજાએ નીમેલ મહાપાપ નામના કોટવાલના આદેશથી કોઇ વખત આખેટક,[1] કોઇ વાર જાલિક,[2] કોઇ વખત સૌકરિક,[3] અને કોઇ વાર લુબ્ધક,[4] કોઈવાર કેવલ માંસ ખાવાનો વ્યસની અને કોઈ વખત મદિરાપાનમાં આસક્ત થયો. તેમજ કયાંક ખાતર ખણવાથી, કોઈવાર ધાડ પાડવાથી, કોઈવાર બંદિગ્રહ ( બાન પકડવા ) થી તથા કયાંક કર્ણાદિ તોડવાથી અનેક પ્રકારે પાપ સંચય કરવા લાગ્યો. કોઈવાર કૂટકાર, જુગારી અને ધૂર્ત્તવિદ્યાના પ્રયોગ વડે ઘણા લોકોને ઠગવાથી, કયાંક કોટવાલ, ગુપ્તિપાલ અને અમાત્યાદિકના અધમાચરણ સેવવાથી, કોઈવાર જથાબંધ તલ અને શેલડી પીલવાથી, કોઇવાર માંસ વેચવાથી, કોઈવાર મદિરાનો વ્યાપાર કરવાથી અને કોઇવાર શસ્ત્ર, લાખ, લોહ, હલ, મુશલ, ઉદૂખલ, શિલાપટ્ટ અને ઘરટ્ટ વિગેરે બહુ સાવદ્ય વસ્તુના વિક્રયથી પોતાના કુટુંબની ખરાબ રીતે આજીવિકા ચલાવનાર એવો તે પુન: એકેંદ્રિયાદિકમાં ફરી ફરીને અનંતીવાર ભમ્યો અને ત્યાં દુ:ખાર્ત્ત થઇને ફરી પણ અનંત પુદ્ગલ પરાવર્ત્ત સુધી રહ્યો.

આ પ્રમાણે મનુજગતિ નગરીમાં તે ગમનાગમન કરતો હતો, એવામાં એકદા મોહરાજા મનમાં કંઇક ચિંતા ધરાવીને પોતાના મંત્રીમંડળને એકાંતમાં બેસારી કહેવા લાગ્યો કે–" અહો ! આ સંસારી જીવની સાથે મારા આદેશથી અસંવ્યવહારનગરથી માંડીને આટલો કાળ આ મહાભાગ મિથ્યાદર્શનમહત્તમ ક્ષણવાર પણ તેનાથી અલગ ન થતાં નિરંતર ભમ્યો, અને તેની પાછળ પાછળ મારી આજ્ઞાથીજ સદૈવ તેના અનુચરની જેમ જ્ઞાનાવરણ અને અજ્ઞાન–એ બે મહાસુભટ પણ તેવીજ રીતે રહ્યા. એ ત્રણેના પ્રભાવથી એણે કોઈ-

---

૧ શીકારી. ૨ પાણીમાં જાળ નાખનાર. ૩ પક્ષીઓને માટે જાળ નાખનાર. ૪ એક પ્રકારનો હિંસક.

વાર દેવવાર્ત્તા માત્ર પણ સાંભળી નહિ, ગુરૂનું નામ પણ જાણ્યું નહીં, તત્ત્વનો લેશ પણ અવધાર્યો નહીં, વધારે શું કહીએ? તેના કાનમાં ‘ધર્મ’ એવા અક્ષરો પણ કદી પડ્યા નહિ, તેમજ જિનવચનનો અર્થ પણ એ કદી સમજી શકયો નહી, માત્ર આહાર, નિદ્રા અને મૈથુનમાં આસક્ત બનીને એ બિચારો ભમ્યો છે. હવે અત્યારે કર્મપરિણામ એને કનકપુરમાં અમરશેઠ અને નંદાભાર્યાનો પુત્ર બનાવવા ત્યાં લઈ જવાના છે એમ સાંભળવામાં આવ્યું છે. તે નગરમાં કંઇક ધર્મનો પ્રચાર હોવાથી એ સંસારી જીવના ત્યાં ગયા પછી આપણું કાંઇ ચાલી શકશે કે નહિ? તે સમજી શકાતું નથી.” આટલું સાંભળતાં મિથ્યાદર્શનમંત્રીએ અજ્ઞાનના હાથમાં તાળી દઇને કહ્યું કે:–“બહુજ સારૂં થયું, અહો બહુજ સારૂં થયું, સાથવાના કુંડા ઉપર ઘીનો ઘડો ઢલવાણો. કારણ કે તે અમરશેઠના ઘરમાં તો બાલકથી વૃદ્ધપર્યંત સહુ કોઇ આપણી આજ્ઞા પ્રમાણેજ ચાલે છે, તેથી જો આપણા યોગ્ય કંઇ વિશેષ કાર્ય હશે, તો ત્યાં આપણેજ સર્વમાં ભળી જઇશું. વળી આપણા સ્વામીનું કટક (સૈન્ય) અનંત છે એટલે ત્યાં રસગૃદ્ધિ, અકાર્યપ્રવૃત્તિ અને વ્યાધિ વિગેરે લલનાઓની પણ આપણને સહાય મળશે.”

આ પ્રમાણે મિથ્યાદર્શન મહત્તમનું ગગનભેદક ભાષણ સાંભળીને બહાર ચિત્તવ્યામોહ નામના સભામંડપમાં બેઠેલી એક લલના અને એક પંડક (નપુંસક) અટ્ટહાસપૂર્વક હસ્યા. તેથી મોહરાજાએ વિસ્મય પામીને વિપર્યાસાનવહ નામના સિંહાસનપરથી ઉભા થઇને પૂછ્યું:–“હે વત્સે! તું અને આ પંડક અહીં શા માટે હસ્યા?” પછી તે પ્રેમદા પ્રણામ કરીને બોલી કે:–“હે દેવ! સમસ્ત જગત્‌ને દુઃખ ઉપજાવવા માટે તમે પોતેજ મહા આપત્તિરૂપ ઇષ્ટજનવિયોજિકા નામની મને આપની દાસીને નિયુકત કરી છે, તે આપ જાણતા નથી? તેમજ ત્રણે ભુવનના સામર્થ્યને હણનાર, નરેંદ્ર અને દેવેંદ્રને પણ પોતાના વશવર્ત્તી રાખનાર, મહાધાટીનો નાયક, સર્વત્ર અક-

કસ્માત્ ઉપદ્રવ કરનાર અને તમારા પ્રસાદથી આબાલવૃદ્ધ સમસ્ત જગજ્જંતુઓમાં સદૈવ પ્રસિદ્ધ એવો આ મરણ નામનો પંડક છે, તેનું બળ પણ તમે જાણો છો. હું વિશેષ શું કહું ? તમારા બંધુ કર્મપરિણામ રાજાએ તે સંસારી જીવને કનકપુરમાં વસનાર અમરશેઠને ઘેર લઇ જઈને નંદાના ગર્ભમાં ઉત્પન્ન કર્યો છે, તે વાતને તો છ મહિના થઈ ગયા છે. હું તમારા મનનો અભિપ્રાય પરખીને તરતજ ત્યાં આ મરણની મદદમાં ગઇ હતી. એટલે પ્રથમ તેના પિતાને માર્યો અને તેનો જન્મ થતાં તેની માતા અને બીજા કુટુંબીજનોને આ મરણ મહા સુભટે ક્ષણવારમાં મારી નાખ્યા. પછી તે બિચારાનો પણ એવી રીતે નાશ કર્યો કે, પાછળ તેના કુળનું પણ નામ ન રહ્યું. ત્યાંથી તેને એકેંદ્રિયાદિકમાં નાખ્યો છે. ત્યાં ભમતાં ભમતાં પુનઃ અનંત પુદ્ગલપરાવર્ત્ત સુધી તે રહેશે. આ પ્રમાણે એ મહત્કાર્ય અમે બંનેએ ક્યારનું કર્યું છે. તેથી આ મિથ્યાદર્શનની અયથાર્થ એવી વચન ચતુરાઇ સાંભળીને અમને હસવું આવ્યું." આ પ્રમાણે સાંભળીને મોહરાજા ખુશી થઇને પોતાના સૈનિકો આગળ બોલ્યો કે:–"અહો ! જુઓ તો ખરા ! મારા નપુંસક સૈનિકોમાં પણ કેટલું બધું સામર્થ્ય છે ?" તે સાંભળી મરણે કહ્યું કે:–"હે સ્વામિન્ ! એમ ન બોલો, કારણ કે એ બધો આપનોજ પ્રભાવ છે. કહ્યું છે કે:—

सिद्ध्यंति मंदमतयोपि यदत्र कार्ये, संभावनागुणमवैहि तमीश्वराणाम् ।
भिंद्यात्स पंगुररूणोपि कथं तमांसि, सूर्यो रथस्य धुरि तं यदि
नोऽकरिष्यत् ॥१॥

"આવા કાર્યમાં મંદમતિવાળા પણ જે પારંગત થાય છે, તે તેમના નેતાઓનોજ પ્રભાવ સમજવો. કારણ કે જો સૂર્યે અરૂણને પોતાનો સારથિ ન બનાવ્યો હોત, તો તે પાંગળો આટલા બધા અંધકારને શી રીતે ભેદી શકત ?" એક શાખાપરથી બીજી શાખાપર

કૂદકો મારીને જવા જેટલીજ શક્તિવાળા વાનરોમાં સમુદ્ર તરી જવાની જે શક્તિ પ્રગટી હતી, તે રામચંદ્રસ્વામીનોજ પ્રભાવ સમજવો." આ પ્રમાણે સાંભળીને મોહરાજાએ કહ્યું કે:—"હે વત્સ! હવેથી સર્વ આપત્તિ સમૂહને સહાય કરનાર તરીકે ત્યાં હું તારીજ નીમણુક કરૂં છું, માટે હવે તારે સારી રીતે તપાસ રાખવી. મનુજગતિનગરીમાં આવેલા તે દુષ્ટને તારે ક્યાંય પણ ટકવા ન દેવો. ધર્મનો અક્ષર માત્ર પણ તેના જાણવામાં ન આવે તેવી રીતે સત્વર તેનું મૂળથી નિકંદન કરી નાખવું, અને પાછે મુખે તેને હાંકી કાઢવો." મોહરાજાના આવાં વચન સાંભળીને "હે સ્વામિન્! તમારો આદેશ પ્રમાણ છે" એમ કહીને મરણાદિક સર્વે ઉભા થયા. પછી ચિરકાળ એકેંદ્રિયાદિકમાં રાખ્યા પછી કર્મપરિણામે તેને લઇને કોઇ કુલટાસ્ત્રીના ગર્ભમાં મનુજગતિમાં મૂકયો. ત્યાં ઉગ્ર ઔષધના પાનથી મહાપત્તિપૂર્વક તે મરણાંતિક અવસ્થા પામ્યો અને મરણને વશ થઇ ગર્ભમાંજ ગળી ગયો. પછી ત્યાંથી પૂર્વની જેમ તે એકેંદ્રિયાદિકમાં પાછો ગયો અને ત્યાં પણ અનંતકાલ સુધી ભમ્યો. પછી કર્મપરિણામ મહા કષ્ટે તેને પ્રથમપ્રસવા સ્ત્રીના ગર્ભમાં લાવ્યો. ત્યાં પણ યોનિયંત્રથી નિષ્પીડિત થઇ મહા વેદના સમુદ્ઘાતથી તે બહાર આવ્યો, એટલે જન્મતાંજ માતાની સાથે મરણે તેને ખતમ કરી દીધો અને પાછો પૂર્વની રીતેજ એકેંદ્રિયાદિકમાં ભમાવી ભમાવીને અનંતકાળ પર્યંત તેને બાંધી રાખ્યો. એ પ્રમાણે કોઇવાર એક વર્ષનો થતાં, કોઇવાર બે વર્ષનો થતાં, કોઇવાર ત્રણ વર્ષનો થતાં યૌવન અવસ્થાએ પહોંચ્યા પહેલાં બાલ્યાવસ્થામાંજ ધર્માક્ષરની પ્રાપ્તિ વિના સર્વાપત્તિરૂપ પરિવાર સહિત મરણે તેનો અનેકવાર સંહાર કરીને પુન: પુન: તેને એકેંદ્રિયાદિકમાં નાખ્યો અને અનંત પુદ્ગલ પરાવર્ત્તપર્યંત ભમાવ્યો.

હવે મનુષ્ય ક્ષેત્રમાં શ્રીનિલય નામનું નગર છે. ત્યાં ધનતિલક

નામના શ્રેષ્ઠીની ધનમતી નામની કાંતાના ગર્ભમાં એકદા કર્મપરિણામ રાજા તે સંસારી જીવને લાવ્યો. આ ખબર મળતાં મોહરાજાએ ભયભીત થઈને તે વાત પોતાના મિથ્યાદર્શન નામના મંત્રીને જણાવી. તે પણ ક્ષણવાર નીચી નજર કરી મૌન ધરી, પછી કંઇક મસ્તક ધૂણાવીને હુંકાર કરતો બોલ્યો:—" અહો ! હવે એ શેઠનું કુળ વિશેષે કરીને આપણા યોગ્ય થશે. જો કે પ્રતિપક્ષના સૈનિકોએ હજી કોઇ રીતે તેને છેતર્યું નથી, તેમજ અમોએ પણ તેને સામાન્ય રીતેજ આપણા વશવર્ત્તી કરી રાખેલ છે, જો કે હજી વિશેષતાથી આપણી તરફ તેનું વલણ થયું નથી, તથાપિ તમારે આ સંબંધમાં કોઇ પણ પ્રકારની શંકા ન કરવી. આપણા જોવામાં આવ્યા પછી તે બિચારો ક્યાં જવાનો હતો ? થોડાજ વખતમાં તેને ગળે પકડીને પાછે પગે વાળી આપને સંદેશો મોકલાવીશ." આ પ્રમાણે પ્રતિજ્ઞા કરીને સંસારી જીવનું સ્થાન બરાબર જાણી મિથ્યાદર્શન મંત્રી મોહરાજા પાસેથી રજા લઇ પોતાને સ્થાને ગયો. ત્યાં વામકરતલપર ગાલ રાખીને ઘણો વખત ચિંતામાં ને ચિંતામાં બેસી રહ્યો. તેને ચિંતાગ્રસ્ત જોઇને કુદૃષ્ટિ નામની તેની કાંતાએ કહ્યું કે:—" હે આર્યપુત્ર ! જગતમાં અસાધારણ સૌભાગ્યની ભૂમિરૂપ એવી કઇ પ્રમદા ધન્ય છે ! કે જેને માટે દેવાગનાઓને પણ અભિલાષ કરવા યોગ્ય એવા તમને પણ આટલી બધી ચિંતા જાગી છે." તેણે કહ્યું કે:—" હે પ્રિયે ! આ અવસરે આવી મશ્કરી કરવી તને ઘટિત નથી. કારણ કે તારા શિવાય બીજી કોઇ સુંદરીને સ્વપ્ને પણ મારા મનમાં હું સ્થાન આપતો નથી. આ ચિંતા તો બીજા કાર્ય સંબંધી છે." તે સાંભળીને કુદૃષ્ટિ એકદમ કટાક્ષપાત કરીને બોલી કે:—" હે સ્વામિન્ ! એવું તે શું કાર્ય છે ? કે જેમાં લીલામાત્રથી ત્રણ ભુવનને વશ કરનાર એવા આપ આર્યપુત્રનું પણ મન વ્યાક્ષિપ્ત થઇ ગયું છે. જો તે મને કહેવા જેવું હોય, તો કહો." એટલે તે બોલ્યો કે:—" હે સુલોચને ! આટલો વખત

તને ન કહેવા જેવું મેં શું બાકી રાખ્યું છે? કારણ કે મારે ઘેર મહત્વના સર્વે કાર્યોની ચિંતા કરનારી તો તુંજ છે. માટે પ્રસ્તુત કાર્ય પણ સાંભળ—" કર્મપરિણામ રાજાએ ચારિત્રધર્મની સહાય માટે નિર્માણ કરેલા સંસારી જીવને અત્યારે શ્રીનિલય નગર નિવાસી ધનતિલક શેઠને ઘેર જન્મ આપ્યો છે. તેને ધર્મ ન પામવા દેવાની મેં સ્વામી પાસે પ્રતિજ્ઞા કરી છે, તે તારા સાંભળવામાં પણ આવી હશે." તે બોલી કે:—" હા, તે મારા સાંભળવામાં આવી છે." એટલે મિથ્યાદર્શને કહ્યું કે:—" હે કમલવદને! એ બહુ દુર્ઘટ કામ છે. કારણ કે કર્મપરિણામ સામા પક્ષમાં ભળી ગયો છે. તેમજ તે શેઠના કુળમાં અમારી સત્તા હજી બરાબર જામી નથી. હે પ્રિયે! વધારે શું કહું? અમારી સત્તા નીચેના કુળને પણ ફસાવવા સામા પક્ષવાળા નિપુણ છે, અને તેમાં સર્વોત્કૃષ્ટ સમ્યગ્દર્શન તો આપણો કટ્ટો શત્રુ છે. તેને ઇંદ્રોને પણ સેવનીય, ચક્રધરોને પણ પ્રાર્થનીય, દેવતાઓ અને મહા મુનિઓના મનમાં પણ વસેલી, રાજાઓના મનને પણ વશ કરનારી, મહા વિદ્વાનોને પણ અભિલષણીય, ધ્યાનીઓને ધ્યેય અને પરમ સૌભાગ્યરૂપ સુધાની એક સરિતા સમાન સમસ્તધર્મબુદ્ધિ નામની પુત્રી છે. પ્રાણીઓને પોતાને વશ કરવાને કર્મપરિણામ રાજા પ્રથમ તે પુત્રીનેજ મોકલે છે. એને જોઇને કેટલાક પ્રાણીઓ અમારાથી સારી રીતે વાસિત છતાં, અમારા સ્વામીના ભકત છતાં અને મારા ચરણોમાં નિરંતર લાગેલા હોવા છતાં તરતજ તેઓ એનાપર મોહી પડે છે, બીજા કામોને મંદ કરી દે છે અને મોટા કુળમાં ઉત્પન્ન થયેલી અને સૌભાગ્યસમન્વિત એવી અન્ય વનિતાઓથી વિરામ પામે છે, અમારા ઉપદેશને તેઓ ગણકારતા નથી, અને પોતાના કુટુંબીઓનો સર્વથા ત્યાગ કરીને જેમ ઘેલા બની ગયા હોય તેમ તેની પુંઠે ને પુંઠે ભમે છે, તેના સમ્યગ્દર્શન પિતાનેજ માન આપે છે, અમારા મોહસ્વામીનો તિરસ્કાર કરે છે, સર્વથા એનેજ વશ થઇ જાય છે, તેનામાંજ

અતિ આસક્ત થઇ અમને તો એક વૈરી જેવા સમજે છે અને અમારા સમગ્ર પક્ષને મૂળથી ઉખેડી નાખવા તેઓ મથન કરે છે. હે પ્રિયે! આ પ્રમાણે અમારા પક્ષનો ક્ષય કરતી તેને જોઇને મારા મનમાં નિરંતર ચિંતા વધ્યા કરે છે.” આટલું સાંભળીને કાંઇક અવજ્ઞાપૂર્વક મ્હોં મલકાવીને કુદૃષ્ટિએ કહ્યું કે:—“હે આર્યપુત્ર! શરદ ઋતુના ચંદ્રમાની ચંદ્રિકાયુક્ત પૂર્ણિમાની રાત્રિએ દૂરથી આકડાના પાંદડાને જોઇ વાઘના કાનની કલ્પના કરનારા વાણીયાની જેમ સ્વમતિકલ્પિત એવી આ તમારી ધાસ્તી અસ્થાને છે. આ બાબતમાં જો તમારા મનમાં શંકા આવતી હોય તો તેના સમાધાનમાં કહું છું કે:—“કર્મપરિણામ સામા પક્ષમાં જઇ ચડ્યો છે; એમ જે તમારૂં કહેવું છે તે જો કે સત્ય છે, છતાં પણ એ બલવાન્ જે જે પક્ષમાં ભળે છે, ત્યાં સ્વામિત્વ તો પોતાનુંજ રાખે છે. એટલે આ એકવાર આપણને મળે છે, અને બીજીવાર તેમનામાં પણ ભળી જાય છે! તેથી ભય જેવું છે, એવી તમને આ શંકા થતી હોય, તો તે પણ યથાર્થ નથી. કારણ કે ઘણીવાર તો તે આપણી સાથેજ મળતો રહે છે, માત્ર કોઇક વારજ તેમની સાથે મળે છે. આપણામાં તે બહુ નિબિડ છે, અને તેમનામાં દાક્ષિણ્ય માત્રથી વર્તે છે. આપણો તો તે સ્વજાતિ જેવો છે, વૈરીપક્ષમાં તેનો એટલો બધો પરિચય નથી. વળી એ સંસારી જીવને પુન: પુન: પાછો વાળીને આટલો વખત તેની તમે કદર્થના કરી તે પણ સર્વત્ર એ કર્મપરિણામ મધ્યવર્તી હતો તેથી થયું છે. એના વિના તમારાથી તેનું કદી પણ અનિષ્ટ થઇ ન શકે, તેમ બીજો કોઇ તેનું ઇષ્ટ પણ નજ કરી શકે. વળી તમે કહ્યું કે—“અમારી સત્તા નીચે રહેલાઓને પણ ફેરવી નાખવામાં સામા પક્ષવાળા નિપુણ છે.” તે વાતથી પણ મને તો હસવું આવે છે. કારણ કે તે નિપુણતા ધરાવનારાઓએ પણ અનાદિકાળથી એક નિગોદમાં રહેનારા અનંતા જીવોને અદ્યાપિ પોતાને વશ કર્યા નથી.

પરંતુ માત્ર તેમાંનો અનંતમો ભાગજ તેમણે વશ કર્યો છે, બાકી તો ત્રણે ભુવનના અનંત જંતુઓનો સમૂહ તમારૂંજ દાસત્વ કરે છે, અને સંસારની રંગભૂમિમાં તે નિરંતર નાટક કરતા નાચ્યા કરે છે. તો અહીં ખરા નિપુણ તે કોણ કહેવાય ? માટે હવે તમારે નિર્ભય થઇને રહેવું. વળી બીજું તમે 'તેની દુહિતા ઇંદ્રોને પણ સેવનીય છે' વિગેરે કહ્યું, તે તો ભયંકર ચોરના દર્શનથી ભય પામી ભ્રમિત મનથી અશ્વારૂઢ થયેલો અતિ કાયર પુરૂષ જેમ અશ્વને ભૂલી જાય, તેમ હે પ્રિયતમ ! અત્યારે તમે તમારૂં પોતાનું પણ ભાન ભૂલી ગયા છો, એમ મને લાગે છે. કારણ કે આપણી પણ તેવીજ અધર્મબુદ્ધિ નામની દુહિતા છે, અને તે તેની પુત્રીથી અનંતગુણા સૌભાગ્યવંત પુરૂષોને પણ વલ્લભ છે. તેના પગની પાનીથી દબાએલ આ ત્રણે ભુવન નિરંતર પ્રાયઃ તેની સેવામાંજ હાજર રહે છે. તે સમ્યગ્દર્શનની દુહિતા તો મારી પુત્રીની બીકથી ભયાકુલ થઇને છાની છાનીજ ફર્યા કરે છે. વળી આપણી પુત્રીથી તજાયેલા, બહુ વક્રવાદથી ભરેલા અને દુર્વિદગ્ધ એવા કેટલાક માત્ર ગણ્યા ગાંઠ્યા માણસોજ તેનો આશ્રય કરે છે. માટે તે બિચારી ગરીબડીનું મારી આગળ શા માટે વર્ણન કરો છો ! વધારે શું કહું ? તમે ત્યાં ચાલો અને જો તમે બહુ ડરતા હો તો મનેજ ત્યાં મોકલો, કે જેથી તેને તમારી દુહિતાનો દાસ બનાવી ગળે પકડી અહીં લઇ આવીને તમારી પાસે હાજર કરૂં. પૂર્વે બહુવાર તેનો અનુભવ કરેલો હોવાથી તે બિચારાને હું સારી રીતે જાણું છું. હે પ્રિયતમ ! આ પ્રમાણે પોતાની બડાઇ બતાવીને બોલવું એ મહિલાજનને જો કે લાયક નથી. કારણ કે વનિતાઓ વિનયથી, અલ્પભાષણથી અને લજ્જાથીજ શોભે છે. આવી ધૃષ્ટતા તો તેમની નિંદારૂપ (દૂષણરૂપ) ગણાય છે, છતાં પણ અતિ લાગણીના વશથીજ હું આવીરીતે બોલી શકી છું. માટે મહેરબાની કરીને આ મારો અપરાધ ક્ષમા કરશો." આ પ્રમાણેનું ભાષણ સાંભળીને મિથ્યાદર્શને જરા હસીને કહ્યું

કે:—" હે પ્રિયે ! મહિલાજન મોહરાજાને વધારે માન્ય હોવાથી તેમને આમ બોલતાં લજ્જાનો સંભવ પ્રાય: હોતો નથી. હે કાંતા ! તેં ઠીકજ કહ્યું છે, તો હવે તુંજ ત્યાં જા અને જેમ આપણા રાજાની ફત્તેહ થાય તેમ કર." તે બોલી કે:—" હે પ્રાણેશ ! એમ ન બોલો, તમારા ઉદયમાંજ અમારી જેવાની પ્રગલ્ભતા છે, તે વિના અમે શું માત્ર ? માટે તમારે પણ અમારી સાથે ત્યાં આવવુંજ પડશે." એટલે સાથે આવવાની કબૂલાત આપીને મિથ્યાદર્શન બોલ્યો કે:–"હે ભદ્રે! આપણ બંને વિયુક્ત રહીને કદી પણ કંઈ કાર્ય કરવું નહીં એજ ઘટિત છે. માટે હું પણ ત્યાં આવીને તટસ્થ રહી બધું જોયા કરીશ." આ પ્રમાણે કહીને તે મિથ્યાદર્શન પોતાની પુત્રી અને સ્ત્રી સાથે ત્યાં ગયો અને તેની પાછળ મોહરાજાએ વ્યસનો, ધનપિપાસા અને લાભાંતરાય વિગેરે સર્વ આપત્તિઓને પણ મોકલી.

હવે શ્રીનિલય નગરમાં ધનતિલકની કાંતાએ પુત્રને જન્મ આપ્યો, એટલે શ્રેષ્ઠીએ વર્ધાપન મહોત્સવ કરી વૈશ્રમણ એવું નામ રાખ્યું. અનુક્રમે તે મોટો થયો અને બધી કળાઓ શીખ્યો. જ્યારે તે યૌવનવય પામ્યો, ત્યારે ધનપિપાસાએ પોતાનો અવસર જાણીને સહર્ષ ગૂઢ ઉર:પીડનપૂર્વક તેનું આલિંગન કર્યું, એટલે તે પણ હર્ષાવેશમાં આવી ગયો. પછી ધનપિપાસા સાથે રમવાને રસિક એવા તેને તેણીએ કહ્યું કે:—" હે ભદ્ર ! જો મને પ્રિયા કરવા ચાહતા હો તો ધન મેળવવાના અનેક ઉપાયો કરો. તમે રત્ન, સુવર્ણ ને વસ્ત્રાદિક વેચવાની દુકાનો માંડો. સોપારી, ગંધ, ધાન્ય, કપાસ, ગળી, લોહ અને લાખ વિગેરેનો વ્યાપાર કરો, અન્ય વણિક્પુત્રો (વાણોતરો) ને બીજા દેશોમાં મોકલો, બહુ પ્રકારના કરીઆણાઓ ભરીને ગાડાંઓને દૂર દૂર મોકલાવો. બળદો તથા ઉંટો ખરીદીને અન્ય પ્રદેશમાં મોકલો, ગધેડાઓની પણ તપાસ કરો, ઉંચી જાતનાં કરિયાણાં ભરીને વહાણોને સમુદ્રમાર્ગે ચલાવો, શુક, સારિકા વગેરે પક્ષીઓને વેચાતા લ્યો,

વાતુર્વાદનો અભ્યાસ કરો, ખાણો ખોદાવો, રસ મેળવવાને માટે બિલ-પ્રવેશ કરો, અને કૃત્રિમ કરિયાણા બનાવવાની કોશીશ કરો.” આ પ્રમાણે એક સાથે તેનો લાંબો ઉપદેશ સાંભળીને એક ઉંચો શ્વાસ લઇને તે બોલ્યો:—

“હે તન્વંગી! તેં મને ઠીક ઉપદેશ આપ્યો. કારણ કે આટલી ખટપટ કર્યા વિના ગૃહાંગણે રત્નની રાશિઓ એકત્ર થતી નથી, તેમજ સોનાના ઢગલા પણ થતા નથી.” આ પ્રમાણે કહીને પ્રથમ સુવર્ણની બજારમાં જઇને તેણે વિપુલ વ્યવહાર શરૂ કર્યો, એટલે લાભાંતરાય પોતાનો દાવ જાણીને તે વૈશ્રમણની પડખે ચડ્યો. તેના પ્રભાવથી તેને એક કાણી કોડીનો પણ લાભ થવો મુશ્કેલ થઇ પડ્યો. એટલે તે વિચારવા લાગ્યો કે:—‘અહો ! આજ તો હાટનું ભાડું પણ પેદા ન થયું.’ ભાડાની પ્રાપ્તિ થતાં તે વિચારતો કે,—‘અહા! વણિકપુત્રો (નોકરો) ના પગાર જેટલી પણ આજ પેદાશ ન થઇ.’ તેની પ્રાપ્તિ થતાં ચિંતવતો કે:—‘ઘરના ખર્ચ જેટલો લાભ પણ ન મળ્યો.’ તેનો લાભ થતાં ભોગોપભોગાદિની આશંસા કરતો અને ઉપાર્જિત ધનથી તેની પણ કંઈ કંઇ પ્રાપ્તિ થતાં અધિક અધિક અભિલાષા થવાથી તેનું ધન મૂળમાંથી પણ કંઇક ઓછું થવા લાગ્યું, એટલે ધનની પિપાસાથી આર્ત્તધ્યાન કરતો તે આમતેમ જોવા લાગ્યો. એટલામાં અન્યદા ઉદ્‌ભ્રાંત લોચનવાળો કોઇ પુરૂષ ઉતાવળી ગતિથી તેની પાસે આવ્યો અને તેને એકાંતમાં લઇ જઇને મસ્તક અને કંઠાદિકના આભરણોનું મોટું પોટકું બતાવ્યું. એટલે તે પુરૂષના ઇંગિતાકારથી ‘આ ચોરીનો માલ છે’ એમ જાણતાં છતાં—‘આ બધું લઇ લે, કંઈપણ રહેવા દઈશ નહિ, કોણ જાણે છે? આગળપર જે થવાનું હશે તે થશે.’ આ પ્રમાણે ધનપિપાસાએ તેને અંતરમાં ઇસારત કરી, એટલે તે બધું તેણે અલ્પમૂલ્યથી લઇ લીધું. પછી તે તસ્કર ગયો કે તરતજ તેની પછવાડે રાજપુરૂષો આવ્યા, તેમણે ધન-

માલ સહિત તે વણિકપુત્રને બાંધીને આગળ કર્યો, અને લાકડી વિગેરેના માર મારતા કૃપાણ વિગેરે શસ્ત્રોથી નિર્દય રીતે કૂટતા અને રસ્તામાં સર્વત્ર માણસોથી નિંદા કરાવતા તેને રાજદરબારમાં લઇ ગયા. ત્યાં 'તમારાં આ આભરણો આણે આવી રીતે લીધાં છે,' એ રીતે રાજાને નિવેદન કર્યું, એટલે રાજાએ તેનો વધ કરવાની આજ્ઞા કરી. પછી તેના પિતાએ મહાજન એકત્ર કરી રાજાને વિજ્ઞપ્તિ કરી, એટલે મહાજનના ઉપરોધથી ન છુટકે મોટો દંડ લઇને રાજાએ તેને છોડી મૂક્યો. પછી પુન: ધનપિપાસાએ પ્રેરિત થઈ નગરમાંજ તે ઘણા પાપવ્યાપારો કરવા લાગ્યો, પરંતુ અંતરાય તેના મહા લાભને સર્વત્ર અટકાવી દેતો, તેથી તે પગલે પગલે મહા આપત્તિઓથી પીડાવા લાગ્યો.

એકદા ધનપિપાસાએ તેને દેશાંતર જવાની પ્રેરણા કરી, એટલે માબાપને છોડીને ઘણા કરિયાણાથી ગાડાઓ ભરી દેશાંતર ચાલ્યો. માર્ગમાં મોટી અટવી આવી, ત્યાં બધા સાર્થને તૃષા લાગી. તપાસ કરતાં કયાંઇથી પાણી ન મળ્યું, એટલે જળની આશા છોડી દઇને બધો સાથ મૂર્ચ્છાથી આંખો બંધ કરી પડી રહ્યો, અને બિલકુલ બેભાન થઈ ગયો. એવામાં ત્યાં ચોરોની મોટી ધાડ આવી. તેઓ સાથને બેભાન થયેલો જોઇને તેનું ધન શંબલાદિ બધું હરણ કરીને ચાલ્યા ગયા. પછી ત્યાં કોઇક મુસાફર આવ્યો, તેણે દયાની લાગણીથી કયાંકથી થોડું પાણી લાવીને તેમને પીવરાવ્યું એટલે બધા સ્વસ્થ થયા. પછી તેણે તેમને જળાશયનો માર્ગ બતાવ્યો, એટલે તેઓ બધા ત્યાં જઈને જળપાન કરી ન્હાઈ અને સ્વસ્થ થયા. એટલે આગળ ચાલવા લાગ્યા, પણ શંબલ વિગેરેના અભાવથી સર્વે પોતપોતાને ઠેકાણે ચાલ્યા ગયા. વૈશ્રમણ પણ એક ગામ પાસે આવી પહોંચ્યો. ત્યાં ક્ષુધાથી બહુ પીડિત થઇને એક વૃક્ષની છાયામાં મૂર્ચ્છિત થઈને પડયો. ત્યાં કોઇ દયાળુ પુરૂષે તેને જોયો, એટલે તેને કંઈક ભાત વિગેરે ખવરાવીને સ્વસ્થ કર્યો. પછી આગળ ચાલતાં તે અત્યંત

થાકયો, પગે ચાલી શકવાને તે અસમર્થ થઇ ગયો અને સુકુમારપણા-થી પગના તળીયા ફાટીને તેમાંથી શોણિતની ધારા છૂટવા લાગી. આથી તેને વારંવાર મૂર્ચ્છા આવવા લાગી એટલે તે માર્ગના શ્રમથી પૃથ્વીપર આળોટતો, પડતો, દુ:ખિત થતો, આક્રંદ કરતો, શોક અને વિલાપ કરવા લાગ્યો. ધન અને કુટુંબના વિયોગથી બાહ્ય અને અંતર મહા દુ:ખ પામતો સતો દીનતાથી અતિ કંગાળ થઇને દીન-ચેષ્ટા કરવા લાગ્યો. પછી મહા મુશ્કેલીથી પ્રતિગ્રામે ભિક્ષાને માટે ભટકવા લાગ્યો, પરંતુ મહા નિર્દય અને અતિ ક્રૂર એવો અંતરાય તેના લાભને તે સ્થિતિમાં પણ અટકાવી દેવા લાગ્યો.

આ પ્રમાણે અતિ નિષ્કરૂણ અને પગલે પગલે આવીને પડતી એવી મહા આપત્તિઓથી વ્યાકુળ થતો તે મહાકષ્ટે કોઈ સમુદ્રને કાંઠે આવી પહોંચ્યો. " આ કોઇ વણિકપુત્ર છે " એમ ધારીને કોઇ શ્રેષ્ઠી તેને સાથે તેડી ગયો. ત્યાં તેની મદદથી કંઈક તેને ધનની પ્રાપ્તિ થઇ, એટલે પુન: ધનપિપાસાની પ્રેરણાથી તેણે વ્યાપાર કરવો શરૂ કર્યો, તેથી ઘણું ધન તેણે મેળવ્યું. એકદા, તેણે કયાંક આ પ્રમાણે શ્લોક સાંભળ્યો:—

" इक्षुक्षेत्रं समुद्रश्च, योनिपोषणमेव च ।
प्रसादो भूभुजां चैव, सद्यो घ्नंति दरिद्रताम् " ॥१॥

" ઇક્ષુક્ષેત્ર, સમુદ્ર, યોનિપોષણ અને રાજપ્રસાદ—એ દરિદ્રતા-નો નાશ કરનારા છે. " આથી તેને ધનપિપાસાએ વધારે ઉત્સાહિત કર્યો, એટલે કરિયાણાથી વહાણ ભરીને તે સમુદ્ર માર્ગે ચાલ્યો. ત્યાં મધ્ય ભાગમાં જતાં ઘનમંડલ ઉંચે આકાશમાં પ્રસર્યું, મેઘ અને સમુદ્રની ગગનસ્પર્શી ગર્જના થવા લાગી, વીજળી ચારે બાજુ ચ-મકવા લાગી, અને પ્રતિકૂલ પવન વાવા લાગ્યો. આવા મામલામાં બહુજ ઉંચે ઉછળતી મોટી મોટી લહરીઓથી તેના યાનપાત્રના

સેંકડો કકડા થઈ ગયા. ત્યાં વૈશ્રમણને એક વ્હાણનું પાટીયું હાથ આવવાથી તે જળચર જંતુઓના અને જળકલ્લોલના આઘાતથી થતા દુ:ખોનો અનુભવ કરતો, સમુદ્રના કલ્લોલોની શ્રેણીથી ઘસડાતો જ્યાં પોતાના દેશનું નામ પણ ન જણાય અને પોતાના મિત્ર કે સ્વજનોના સમાચારની વાત પણ ન સંભળાય એવા કોઇ દૂર પ્રદેશમાં તે નીકળ્યો. ત્યાં દુ:ખના ભારથી દબાઇ ગયેલા એવા તેની પુંઠે ગુંમડા પર થતી ફોડકીની જેમ વ્યાધિરૂપ મહા આપત્તિ વળગી. તેના પ્રભાવથી તેને જ્વર લાગુ પડ્યો, શિરોવ્યથા શરૂ થઇ, શૂળરૂપ શલ્યથી અને અન્ય રોગોથી તે પીડાવા લાગ્યો. ત્યાં શૂન્ય દેવકુલમાં સૂતો, વૃક્ષો નીચે બેસતો, પ્રપાઓમાં પડતો, મઠોમાં આળોટતો, ધર્મશાળાઓમાં આક્રંદ કરતો, ઘેર ઘેર ભમતો, દીનવચન બોલતો, પથ્ય ઔષધ વિગેરે યાચતો અને સર્વત્ર લાભાંતરાયથી નિરાશ થતો એવો તે ચિરકાળ દુ:ખી થયો. છેવટે મહા મુશ્કેલીથી તે રોગમુક્ત થયો. પુન: ધનપિપાસાથી પ્રેરિત થઇને તે વેપાર કરવા લાગ્યો. બહુવાર કષ્ટ સહન કરતાં તે થોડું ધન મેળવી શકયો. એટલે પાછો કયાંક રાજાઓથી દંડાયો, કોઇવાર ધૂર્તોથી ઠગાયો, કોઇવાર ચોરોથી લુંટાયો, કયાંક અગ્નિથી ઉપદ્રવ પામ્યો. આ પ્રમાણે કષ્ટ સહીને વિવિધ દેશોમાં પર્યટન કરતાં તે કોઇવાર ધાતુર્વાદ કરતો, અભક્ષ્ય ભક્ષતો અને અનાચાર સેવતો, કયાંક ખાણ ખોદતો, ત્યાં વળી વ્યંતર કે પિશાચના અધિષ્ટિત શિલા અને ઉપલ વિગેરેથી પ્રતિઘાત પામતો, કયાંક સર્પો અને વીંછીઓના ડંખથી વેદના પામતો એવો તે મહાવેદનાઓને સહન કરવા લાગ્યો.

આ પ્રમાણે પ્રતિસમય પડતી આપત્તિઓથી ખેદ પામતો, ધન, સ્વજન, દેશ અને સ્રીથી વિમુક્ત થઇને અતિદુ:ખથી ગામ, નગરાદિકમાં ભટકતો ભટકતો એકદા તે કોઇક મઠમાં ગયો. ત્યાં કોઇક ધર્મશાસ્ત્ર વાંચનારના મુખથી તેણે એક શ્લોક સાંભળ્યો:—

" स्वजनधनभवनयौवन—वनितातन्वाद्यनित्यमिदमखिलम् ।
ज्ञात्वापत्राणसमं, धर्मं शरणं भजत लोकाः " ॥१॥

" સ્વજન, ધન, ઘર, યૌવન, વનિતા અને શરીરાદિ બધું અનિત્ય છે, માટે એક ધર્મનેજ આપત્તિથી રક્ષણ કરનાર સમજીને હે ભવ્યજનો ! તેનું શરણ લ્યો. " આ શ્લોક સાંભળતાં તેણે વિચાર કર્યો કે:—" અહો ! દુ:ખી પ્રાણીઓ જ્યાં જાય છે અને જેની પાસે પોતાનું દુ:ખ નિવેદન કરે છે, તે બધા એમજ કહે છે કે:- ' પૂર્વ ભવમાં તમે ધર્મારાધન નથી કર્યું', તે માટે ધર્મરહિત અશરણ પ્રાણીઓને પગલે પગલે મહાસંકટો વેઠવા પડે છે.' તો ખરેખર ! કેવળ દુ:ખથી વ્યાપ્ત આ સંસારમાં ધર્મ એકજ શરણ છે, બીજું કોઇ શરણ નથી." આ પ્રમાણે તે વિચાર કરે છે, એવામાં મિથ્યાદર્શનની કુદૃષ્ટિ નામની સ્ત્રીએ વિચાર કર્યો કે:-" અહો ! આજે લાંબે વખતે મને અવસર મળ્યો છે. કારણ કે અત્યારે સામા પક્ષવાળાના વૈરાગ્ય નામના મનુષ્યની સાથે એની સોબત થઇ લાગે છે. માટે જો એની પૂંઠેજ અમારો રસ્તો રોકનારી સમ્યગ્દર્શનની પુત્રી કોઇ રીતે આવી પહોંચશે, તો બધી બાજી ખતમ થઇ જશે." આ પ્રમાણે વિચાર કરીને તેણે (અ)ધર્મબુદ્ધિનામની પોતાની દુહિતા તેની પાસે મોકલી દીધી. તે વૈશ્રમણની પાસે ગઇ, એટલે તેના પ્રભાવથી તેને ધર્મકર્મ કરવાની મતિ ઉત્પન્ન થઇ. પછી તેણે વિચાર કર્યો કે:—" જ્યારે બધા સુજ્ઞજનોનો આ એકજ અભિપ્રાય છે, તો સર્વ અભીષ્ટાર્થને સિદ્ધ કરનાર એવા ધર્મનું આરાધનજ પ્રથમ શામાટે ન કરવું ? પુષ્ટ કારણનો સદ્ભાવ હશે, તો કાર્યો સ્વયમેવ સિદ્ધ થશે. માટે હવે સ્વદેશમાં જાઉં અને માતા પિતાના દર્શન કરૂં. ત્યાં ગયા પછી અવશ્યમેવ ધર્મનુંજ આરાધન કરીશ. " આ પ્રમાણે નિશ્ચય કરીને તે સમુદ્ર કિનારે ગયો. ત્યાં નોકર થઇને કોઇક વહાણમાં આરૂઢ થયો અને સામે

કિનારે પહોંચ્યો. પછી મહાકષ્ટે સ્થળમાર્ગ ઓળંગીને તે પોતાને દેશ પહોંચ્યો.

હવે શ્રીનિલય નગરમાં તે આવ્યો, તે વખતે તેના માતપિતા મરણ પામ્યા હતા, પરિજન બીજે કયાંક ચાલ્યો ગયો હતો, ઘર જીર્ણ થઇ ગયું હતું, હાટ પડી ગયા હતા, અને સર્વ વિભવ નષ્ટ થઇ ગયો હતો. આવા પ્રકારની સ્થિતિ જોઇને તે પરમ ખેદ પામ્યો. મહાશોકમાં પડ્યો, બહુ વખત તેણે વિલાપ કર્યો, પોતાના આત્માને વારંવાર નિંદવા લાગ્યો, પછી મનમાં ધર્મબુદ્ધિ લાવીને મહાકષ્ટે આત્માને સમજાવીને તેણે માતપિતાની ઉત્તરક્રિયા કરી.

એવા અવસરમાં ચારિત્રધર્મ વિગેરે સર્વેએ એકત્ર થઇને સદ્‌બોધ મંત્રીને કર્મપરિણામની પાસે મોકલ્યો. તેણે ત્યાં જઇને તેની પાસે વિજ્ઞપ્તિ કરી કે:—"હે મહારાજ! 'આ એક સંસારી જીવ તમારો સહાયક થશે' એમ તમે પૂર્વે કબૂલાત આપી છે. તમારી એ વાતને અત્યારે અનંત પુદ્‌ગલપરાવર્ત્ત થઇ ગયા, પરંતુ અદ્યાપિ તે અમારા વાર્ત્તાપ્રસંગમાં પણ આવેલ નથી. માટે આમ કેમ થયું? કારણ કે મહા પુરૂષોનું વચન યુગાંતે પણ અન્યથા થતું નથી." આ પ્રમાણે સાંભળીને કર્મ રાજાએ ભ્રગુટીના ઉત્ક્ષેપપૂર્વક મુખ ઉંચે કરીને કહ્યું કે:—"હે વત્સ! તે વ્યતિકર કેમ બને છે, તે અદ્યાપ તું જાણતો નથી? હું તો તમારી સન્મુખ તેને લાવીને મૂકું છું, પરંતુ મારા બાંધવો બહુજ ઉશ્કેરાઇ જઇને તે બિચારાને પુન: પુન: પાછો ફેરવીને ભમાવે છે. તો આવા ગૃહવિરોધમાં મારો શો ઉપાય? તેમ વળી મારા એકલાથી અહીં કંઇ થઇ શકે તેમ નથી, પરંતુ તથાપ્રકારનો (ભવ્યત્વ) સ્વભાવ, લોકસ્થિતિ, ઉદ્યમ, કાળ અને નિયતિ વિગેરેની પણ અહીં જરૂર છે. માટે તેમની સાથે બરાબર વિચાર કરીને અવસર આવ્યે તમારૂં પણ સમીહિત સર્વ સિદ્ધ કરીશ. મારૂં વચન હું ભૂલી ગયો નથી." આ પ્રમાણે સાંભળીને સદ્‌બોધ બોલ્યો કે:—"અત્યારે ખરે-

ખર! ધર્મબુદ્ધિ તેની પાસે ગઇ છે, એમ સાંભળવામાં આવે છે, તો અમારે ત્યાં જવાનો શું હજી અવસર નથી આવ્યો ?" આ પ્રમાણે સાંભળતાં કર્મરાજા પોતાના સ્વભાવ નામના અમાત્યના કરતલપર તાળી દઇને ઉંચેથી હસીને બોલ્યો:—"અહો ! તે ધર્મબુદ્ધિ પણ ખરી ! જુઓ, આ સદ્બોધ પણ શું બોલે છે ? તે મહાપાપબુદ્ધિજ કેવળ હિંસારૂપજ છે. માત્ર તે નામથીજ પોતાનું ધર્મબુદ્ધિપણું જણાવી નામમાત્રથી સદૃશતામાં ભ્રમિત થનાર બિચારા આ સમગ્ર જગત્‌ને ઠગે છે. જે ધર્મબુદ્ધિને તું સમ્યગ્દર્શનની દુહિતા તરીકે ઓળખે છે, તે તો અન્યજ છે. કારણ કે તે તો પ્રાણીઓને સુધાવૃષ્ટિ સમાન છે, અને તમારા અભ્યુદયનો હેતુ છે. આ તો તેમને કુપથ્ય ઔષધ અને મહાકાલકૂટ વિષની વેલડી તુલ્ય છે, અને તમારૂં મૂળથી ઉન્મૂલન કરવાવાળી છે. જગત્‌માં નામથી તુલ્ય એવા પદાર્થો પણ વિપરીત સ્વભાવવાળા હોય છે. સદ્યઃ ઘાત કરનાર ઝેર અને જીવનીય ( જીવન આપનાર ઔષધિ વિશેષ ) એ બંનેનું 'વિષ' એવું તુલ્યજ નામ છે. ધત્તૂરાનું પાન અને નાગરવેલનું પાન—એ બંનેનું 'પાન' એવું નામ સરખું છે. કાંસાના, સીસાના, તાંબાના, રૂપાના અને સુવર્ણના બનાવેલા રૂપિઆ વગેરેનું 'રૂપ્યક' એવું નામ એક સરખુંજ છે. આમ્ર અને નિંબ એ બંનેની 'વૃક્ષ' એવી સંજ્ઞા સંજ્ઞા સમાન છે. દહીં, દૂધ, ઘી, સરસીનું તેલ, કરંજતેલ અને અરનાલ વિગેરેના રસની 'રસ' એવી સંજ્ઞા સદૃશજ છે, પણ એ પદાર્થોના સ્વભાવની ભિન્નતા સહુના જાણવામાંજ છે. તે હિંસા અમારા ભ્રાતૃસચિવની[1] દુહિતા હોવાથી તેના સંબધમાં આવું બોલવું જો કે અમને ઉચિત નથી, છતાં પણ શત્રુ અને મિત્રનું યથાર્થ બોલતાં અમને કોઈ જાતની પણ હાનિ નથી." આ પ્રમાણે સાંભળી સ્વભાવ નામના અમાત્યે કહ્યું કે:—"હે દેવ ! આમ બોલવાથી શું ?

૧ ભાઇના મંત્રીની.

નિરંતર અનુભવ કરતા એવા આ લોકો તેનું સર્વ ચેષ્ટિત ન જાણતા હોય તેમ નથી." પછી મસ્તક ધૂણાવીને અને નખની આચ્છોટિકા કરીને કર્મપરિણામ રાજાએ કહ્યું:—" અહો! તેં સાચું કહ્યું. કારણ કે એ પોતે સદ્બોધ છે, માટે એનાથી શું અજાણ્યું હોય? તે બધું જાણે છે, પરંતુ એ તરૂણ અને ધૂર્ત્ત હોવાથી અમને મોટા પુરૂષો બનાવીને છેતરે છે." આથી બંને કાન આડો હાથ રાખીને સદ્બોધ બોલ્યો:- " અહો! તમે આમ ન બોલો. આ બધો તમારોજ પ્રસાદ છે. હવે અમે જઇએ છીએ, અમારા લાયક કંઈ પણ કામકાજ હોય તો ફરમાવશો." કર્મરાજાએ કહ્યું કે:-" એમજ કરશું. તમે જાઓ. માર્ગમાં તમને કુશલતા પ્રાપ્ત થજો." પછી ચારિત્રધર્મ પાસે આવીને તેણે બધું વૃત્તાંત નિવેદન કર્યું.

હવે માતપિતાના મરણ સંબંધી દુ:ખથી દુ:ખિત થતા વૈશ્રમણને કુદૃષ્ટિની પુત્રીએ વિશેષતાથી ધર્મ કરવાનો નિશ્ચય કરાવ્યો, અને તે નગરમાં રહેનાર સ્વયંભૂ નામના ત્રિદંડીના મઠમાં તેને ખેંચીને લઇ ગઈ. ત્યાં તેને ધર્મ શ્રવણ કરાવરાવ્યો અને પ્રતિદિન ત્યા આવવાનો અભિગ્રહ લેવરાવ્યો. એટલે પુન: પુન: ત્યાં આવતાં તેની વાસના એટલે સુધી વધી ગઇ કે, તેની પાસે તેણે દીક્ષા લઇ લીધી. પછી ત્રિદંડીએ પોતાના આચારની શિખામણ આપી, એટલે તે શૌચવાદ કરવા લાગ્યો. નદ્યાદિકના અણગળ પાણીમાં દરરોજ ત્રણવાર સ્નાન કરવા લાગ્યો અને તાંબાના ભાજન, લંગોટી વિગેરે ઉપકરણોને વારંવાર ધોવા લાગ્યો. પછી તેના ગુરૂ મરણ પામ્યા એટલે તેને ઠેકાણે તે આવ્યો. નિરંતર ઉન્માર્ગનોજ ઉપદેશ દેતો, સન્માર્ગને દૂષિત કરતો અને સદ્ધર્મચારીઓપર દ્વેષ ધરતો, નિરંતર પોતાના આત્માનેજ અધિક માનવા લાગ્યો. આ પ્રમાણે કુધર્મબુદ્ધિને વશ થયેલો તે મઠાદિકમાં બહુ આસક્ત થઇ મરણ પામીને પાછો એકેંદ્રિયાદિકમાં ગયો અને ત્યાં અનંત પુદ્ગલ પરાવર્ત્ત સુધી પુન: પુન: ભમ્યો. આ

પોતાની પુત્રીનું કાર્ય જોઇ કુદૃષ્ટિ તેનાપર પ્રસન્ન થઇ અને તેણે પોતાના સ્વામી મિથ્યાદર્શનને સંતુષ્ટ કર્યો એટલે તેણે મોહરાજાને તે વાત સંભળાવીને આનંદિત કર્યો.

પુનઃ મહાકષ્ટે કર્મપરિણામ રાજા તેને મનુષ્ય ગતિમાં લઈ આવ્યો. ત્યાં સોમદત્ત નામે બ્રહ્મદત્ત બ્રાહ્મણનો પુત્ર થયો. ત્યાં પણ પોતાની પુત્રી, મોહરાજાએ મોકલેલ પોતાનો ભર્ત્તાર અને પોતાને સહાયભૂત એવા કુગ્રહાદિ પરિજન-એને આગળ કરીને કુદૃષ્ટિ બહુજ તેની પાસેને પાસે રહી. એટલે ત્યાં પણ તેણે યજ્ઞારંભમાં તેને ઉત્સાહી કર્યો, પશુવધમાં પ્રવર્ત્તાવ્યો, તેનું માંસ ભક્ષણ કરાવ્યું. હળ, લોહ, તલ, લવણ, કપાસ, ઉપાનહ, અશ્વ, બળદ, ભૂમિ, અને શસ્ત્રાદિક સંબંધી વ્યાપારના મહારંભમાં તેને જોડ્યો. તેમજ પારકી કન્યાઓના વિવાહ કરાવવા તેને પ્રેર્યો. એ પ્રમાણે ધર્મના છળથી બીજાં પણ ઘણાં પાપ કરાવીને તેને નરકમાં પાડયો. ત્યાંથી એકેંદ્રિયાદિકમાં લઈ જઇને અને ત્યાં અટકાવી રાખીને અનંત પુદ્ગલ પરાવર્ત્ત સુધી તેને ભમાવ્યો. એ રીતે અન્ય અન્ય સૌગત (બૌદ્ધ) વિગેરે દર્શનોનો ઉપાસક બનાવીને અને ત્યાં ધર્મના મિષથી બહુ પ્રકારના પાપો કરાવીને સકુટુંબ મિથ્યાદર્શન સચિવે તે બિચારાને વારંવાર પાછો ફેરવીને એકેંદ્રિયાદિકમાં નાખ્યો અને ત્યાં અનંત પુદ્ગલ પરાવર્ત્ત સુધી તેને ભમાવ્યો.

એકદા મનુષ્યક્ષેત્રમાં આવેલા સૌભાગ્યપુર નામના નગરમાં સુંદર ગૃહસ્થને ઘેર તેને વરૂણ નામના પુત્રરૂપે ઉત્પન્ન કરીને કર્મપરિણામે વિચાર કર્યો કે:—"હવે તો કોઇ પણ રીતે ચારિત્રધર્મની પાસે મારે લઇ જવો જોઇએ, પરંતુ કેવલ નામનીજ ધર્મબુદ્ધિ મહાપાપિણી જ્યાંસુધી એના પડખેથી દૂર નહિ થાય, ત્યાંસુધી એમ થવું અશક્ય છે. અને તેનો બહિષ્કાર તો સમ્યગ્દર્શનની દુહિતા શુદ્ધબુદ્ધિનો આને સંસર્ગ (સ્વીકાર) થાય તોજ થાય તેમ છે. તે બંનેની

વિશેષતા જો આના જાણવામાં આવે તો તેનો સ્વીકાર તે પોતેજ કરશે. તે વિશેષતા તો શુદ્ધસિદ્ધાંત શ્રુતિ ( શ્રવણ ) રૂપ ( નામની ) દૂતિકાના કથનથીજ તે સમજી શકશે. અને તે દૂતિકાનું આગમન તો સદાગમની પાસેજ સંભવે છે. અને તે સદાગમ સદૈવ સદ્‌ગુરૂની સમીપેજ રહે છે, માટે એની સમીપે સદ્‌ગુરૂને લઈ આવું કે જેથી બધું કામ પાર પડે. ”

આ પ્રમાણેનું કર્મપરિણામનું આકૂત ( ગૂઢાર્થ ) સમજીને મોહરાજા ભય પામ્યો, રાગકેસરી ગભરાયો, દ્વેષગજેંદ્ર ડોલાયમાન થવા લાગ્યો અને તેનું સમસ્ત કુટુંબ જાણે વજ્રથી હણાયું હોય તેવું થઈ ગયું. પછી તેનો મંત્રીવર્ગ એકત્ર થયો, બધા સામંતો આવ્યા, તે સર્વેએ મળીને મોહરાજાને કહ્યું કે-“ હે દેવ ! ત્રણ ભુવનને ક્ષોભ પમાડનાર એવા આપને આટલો બધો ક્ષોભ શાનો થયો છે ? ” આવા પ્રશ્નથી દીર્ઘ નિસાસો નાખીને તે બોલ્યો કે:-“ તમે કહો છો એ વાત સાચી છે. મારો એક લઘુ બાળક માત્ર ઇંદ્રાદિકને પણ ક્ષોભ પમાડી શકે છે, પણ મારા પરિવારને ક્ષોભ પમાડવાને કોઇ સમર્થ નથી. પરંતુ શું કરીએ ? અમે આ કુટિલ એવા ગૃહવિરોધથી સર્વથા કંટાળી ગયા છીએ. ” આ પ્રમાણે સાંભળીને તેઓ બોલ્યા કે:-“હે દેવ ! શું કર્મપરિણામની સાથે કંઇ નવી ખટપટ જાગી છે ? ” એટલે મોહરાજાએ કહ્યું-“ ખરેખર ! નૂતન તો કંઈજ નથી, તમે જાણો છો, તે સંસારી જીવ સંબંધીજ વ્યતિકર અમને ખેદ પમાડનાર છે. તેની પાસે કોઈક સદ્‌ગુરૂએ અમારા વૈરી સદાગમને લાવવાનો પ્રયત્ન કર્યો છે એમ સાંભળવામાં આવ્યું છે, તે અમને સમૂળ વિનષ્ટ કરે તેવો છે. તે અમારા કુળરૂપ કદલીને દાવાનળની જ્વાલા સમાન શ્રુતિદૂતિકાને તેની પાસે મોકલનાર છે. ” આ પ્રમાણે સાંભળીને તેઓએ હુંકાર કર્યો અને સર્વે બોલ્યા કે:-“ જો એમ હોય તો પણ તમારે કોઇ રીતે ક્ષોભ પામવો નહીં. અમે એવી રીતની રચના રચશું કે,

જેથી આપને આફત લાવનાર સદ્‌ગુરૂજ ત્યાં આવી નહીં શકે." આવાં તેમનાં વચનોથી કંઈક આશ્વાસન પામીને મોહમહીપતિ બોલ્યો:–"હે વત્સો! તમે એવીજ ગોઠવણ કરો અને મારા મનના મનોરથ પૂરો." પછી તેના સૈનિકો બધા સંસારી જીવ પાસે ગયા અને તેમણે સાથે મળીને બરાબર વિચાર કરી ગુરૂને તેની પાસે આવતાંજ અપશુકન બતાવ્યા, શિષ્યને ભણાવવા વિગેરે કાર્ય સંબંધી વ્યાક્ષેપ ઉભા કર્યા, શિરોવ્યથા વિગેરે રોગોને જાગ્રત કર્યા, વચવચમાં રાજવિરોધ વિગેરે વિઘ્નો ઉત્પન્ન કર્યા. આવાં વિઘ્નો બતાવીને તેની પાસે આવતાંજ સ્ખલિત કર્યા. એટલે કુદૃષ્ટિની પુત્રીના વચનથી ધર્મછળ કરી અનેક મહા પાપ કરતાં તે મહા આપત્તિમાં આવી પડ્યો. એટલે મરણે અવસર સાધીને તેનો સંહાર કર્યો. ત્યાંથી પાછો મોહરાજા તેને એકેંદ્રિયાદિકમાં લઇ ગયો અને ત્યાં અનંત કાળસુધી તેને બાંધી રાખ્યો. પુન: કર્મપરિણામે તેને મનુષ્યક્ષેત્રમાં વિમલપુર નામના નગરમાં રમણશેઠને ઘેર સુમિત્ર નામના પુત્રપણે ઉત્પન્ન કર્યો અને તે યૌવન–અવસ્થા પામ્યો.

એકદા મોહસૈન્યથી અસ્ખલિતઅંતરવાળા, સંયમશ્રીને ભેટેલા, પ્રશમાલંકારથી સુશોભિત, તપતેજથી દુર્ધર્ષ (પ્રતાપી), સૌમ્ય મુખકમળની સંપત્તિથી ભવ્ય ભ્રમરોને ગમન કરવા યોગ્ય, શીલરૂપ વિલેપનની સુગંધથી વિલિપ્ત, સદ્‌ગુણરૂપ શૃંગારથી સર્વાંગે મંડિત, ચારિત્રની પ્રતિજ્ઞામાં અચલ, સમ્યક્ત્વ (દર્શન)માં દૃઢ અને મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાનમાં નિષ્ઠાવાળા, ગુણજલધિ નામના આચાર્યને સદાગમ સહિત બહુશાલક નામના ઉદ્યાનમાં કર્મપરિણામ લઈ આવ્યો. તે હકીકત જાણવાથી શુદ્ધ સિદ્ધાંત સાંભળવાને ઉત્કંઠિત એવા રાજા, અમાત્ય, શ્રેષ્ઠી, સાર્થવાહ વિગેરે તેમની પાસે ગયા. એટલે સુમિત્ર પણ જેટલામાં ત્યાં જાય છે તેટલામાં તે વ્યતિકર જાણીને 'અરે! આ સંસારી જીવને પકડો, નહિ તો આપણે બધા માર્યા જઇશું.' એમ

બોલતા મોહરાજાએ તરતજ ઉઠીને તેને અટકાવવા માટે પોતાના સુભટો મોકલ્યા. તેનું યથાર્થ નિરૂપણ આ પ્રમાણે છે–પ્રથમ આલસ્યને તેના શરીરમાં પ્રવેશ કરાવ્યો. ગૃહ કુટુંબ વિગેરેનો મોહ ઉત્પન્ન કરાવ્યો. 'આ લોકો શું જાણે છે?' આવા પ્રકારની અવજ્ઞા ઉત્પન્ન કરી, જાતિ વિગેરેનો મદ ઉલ્લસિત કર્યો, ક્રોધને પ્રવર્ત્તાવ્યો, પ્રમાદને ઉત્સુક કર્યો, કૃપણતા વધારી, નરકાદિકનાં દુ:ખનો ભય તજાવ્યો, શોકને હાજર કર્યો, કુદૃષ્ટિના ઉપદેશથી ઉત્પન્ન થતું જ્ઞાન વધારે પ્રગટાવ્યું, ઘર, હાટ, કૃષીકર્મ, વિષય વિગેરેની ચપલતા જાગ્રત કરી, નટ નાટક વિગેરે કુતૂહલ જોવાનો શોખ વધાર્યો, દ્યૂતક્રીડાને દાખલ કરી—ઇત્યાદિ સુભટો બધા કોલાહલ કરતા ત્યાં ગયા. અને એકેક દિવસે તેમનામાંના એકેક સુભટે ગુરૂ પાસે જતા સુમિત્રને ગળાથી પકડીને બલાત્કારથી અટકાવી જવા ન દીધો. પછી ગુરૂ પણ અન્યત્ર વિહાર કરી ગયા. અનુક્રમે સુમિત્ર પણ યમનો અતિથિ થયો (મરણ પામ્યો), અને પૂર્વની જેમ પાછો એકેંદ્રિયાદિકમાં અનંતકાળ ભમ્યો. પછી કર્મપરિણામ તેને પુન: મનુષ્યગતિમાં લઈ આવ્યો અને મહાકષ્ટે તેની પાસે સદ્દગુરૂ અને સદાગમને પણ લાવ્યો, પરંતુ આલસ્યાદિકથી બાધા પામીને તે બિચારો પૂર્વની જેમજ શ્રુતિસંગમ ન પામ્યો. કુદૃષ્ટિ અને તેની પુત્રીએ તેને પાછો વાળ્યો. અને પુન: એકેંદ્રિયાદિકમાં અનંતકાળ ભમાવ્યો. આ પ્રમાણે અનંતી વખત થયું.

અન્યદા અવંતી નામની નગરીમાં ગંગદત્ત નામના ગૃહપતિના સિંધુદત્ત નામના પુત્રપણે કર્મપરિણામે ઉત્પન્ન કર્યો, અને તે યૌવનાવસ્થા પામ્યો, ત્યારે કર્મપરિણામ તે પ્રદેશમાં સદ્દગુરૂ અને સદાગમને લઇ આવ્યો અને બળાત્કારે આલસ્યાદિકનો નિષેધ કરીને સદ્દગુરૂ અને સદાગમની પાસે તેને લઈ ગયો. એટલે તે વૃત્તાંત જાણીને મોહરાજા ચિંતારૂપ મહાસાગરમાં મગ્ન થઇ ગયો અને બોલ્યો

કે:—"અહો! મંત્રી સામંતો! 'ધમણમાં જેટલો પવન ભર્યો હતો તેટલો બધો નીકળી ગયો.' હવે તે વૈરીની પાસે મારે કોને મોકલવું? કારણ કે તેને શ્રુતિસંગમ થયો છે." આ પ્રમાણે સાંભળીને જ્ઞાનાવરણ નામનો સામંત ઉભો થઇને બોલ્યો:—"હે દેવ! એમ કાયરતા ન દર્શાવો, કારણ કે તમારૂં સૈન્ય તો અનંતું છે. ભરેલા સમુદ્રમાંથી હજી એક બિંદુ પણ લેવાયો નથી. અત્યારે તો મારી પુત્રી શૂન્યતાનો ત્યાં અવસર છે. ભલે શ્રુતિસંગમ તેને પ્રાપ્ત થયો છતાં પણ મારી પુત્રીના ત્યાં જવાથી તે નિષ્ફળ જ થઇ જવાનો! માટે એને આદેશ કરો." મોહમહીપતિએ તરતજ તેને આજ્ઞા કરી, એટલે તે ત્યાં ગઇ. સિંધુદત્તને સદ્ગુરૂ અને સદાગમના સમાગમથી શ્રુતિલાભ થયો, અને શ્રુતિએ તેને સ્પષ્ટતાથી મિથ્યાદર્શન, કુદૃષ્ટિ અને તેની દુહિતાના દોષો બતાવ્યા, સમ્યગ્દર્શન અને તેની પુત્રીના ગુણો વર્ણવ્યા, મોહના મર્મ બધા કહી દીધા, તેની સેનાની ચેષ્ટાઓ બધી કહી બતાવી અને ચારિત્રધર્મના પ્રસાદની સંપત્તિઓનું વર્ણન કર્યું, તેમજ ચારિત્રધર્મ રાજાના સૈન્યના સમાગમથી ઉત્પન્ન થનારા સુખસંદોહને પણ કહી સંભળાવ્યો, પરંતુ શૂન્યતાના સમાગમથી તેનો ભાષિતાર્થ તો દૂર રહ્યો, પણ 'હું કોણ? આ કોણ? આ શું કહેવામાં આવે છે?' આટલું પણ તેના સમજવામાં ન આવ્યું. પછી પર્ષદા ઉઠી, એટલે કોઇએ તેને પૂછ્યું કે:—'હે ભદ્ર! તેં શું સાંભળ્યું?' તેણે કહ્યું કે:—'હું કશું જાણતો નથી.' ત્યારપછી કોઇ કોઇ દિવસ મિત્રાદિકના આગ્રહથી તે ગુરૂસમીપે ગયો, એટલે શ્રુતિસંગમ પણ થયો, પરંતુ શૂન્યતાના સંનિધાનથી ચાલણીમાંના જળની જેમ તેના અંતરમાં કશું રહી શક્યું નહીં. એટલે ગુરૂ અને સદાગમ પણ અન્યત્ર ચાલ્યા ગયા. ત્યારપછી કુદૃષ્ટિ અને (અ) ધર્મબુદ્ધિ જ્યારે સિંધુદત્તને ભાગવતાદિક અન્યદર્શનીઓના સમાગમમાં લઈ જાય, ત્યારે શૂન્યતા તેનો સંગ છોડી દેતી હતી. એટલે તેનું

બધું કથન તે સાંભળતો અને તે પ્રમાણે આચરણ કરતો હતો. આ પ્રમાણે મહાપાપના સંચયથી તેને પુનઃ ત્યાંથી ઉપાડીને એકેંદ્રિયાદિકમાં લઇ જઇ અનંતકાલ સુધી બાંધીને ભમાવ્યો.

એકદા કર્મરાજાએ વિચાર કર્યો કેઃ—"અહો! આ બિચારો કોઇ રીતે પણ ચારિત્રધર્મના સૈન્યમાં પ્રવેશ પામી શકતો નથી. કારણ કે મારા બાંધવો અદ્યાપિ બળવંત છે, તેમને નિર્બળ બનાવવાનો ઉપાય જો કે મારા જાણવામાં છે, પરંતુ તેમ કરતાં તેમના શરીરને મોટી હાની પહોંચે તેમ છે અને તેઓ મારા શરીરથી અભિન્ન છે, તેથી તેમના શરીરનો ક્ષય થતાં પરમાર્થથી મારા શરીરનો ક્ષય થાય તેમ છે, માટે હવે મારે શું કરવું? અથવા તો સ્વીકૃતનો નિર્વાહ કરતાં જે થવાનું હોય તે થાઓ. આવી ચિંતા કરવાથી શું? કહ્યું છે કેઃ—

"देहेपि जनितदाहं, सिंधुर्वडवानलं शशी शशकम् ।
न त्यजति कलंककरं, प्रतिपन्नपरा हि सत्पुरुषाः" ॥ १ ॥

"પોતાને દગ્ધ કરી શોષણ કરનાર છતાં સમુદ્ર વડવાનલને કદી તજતો નથી અને પોતાને કલંકરૂપ હોવા છતાં શશી શશક (મૃગ) ને તજતો નથી. કારણ કે સત્પુરૂષો સ્વીકૃતનું પાલન કરનારા હોય છે." રાભસિકપણા (સહસાત્કાર) થી ઉપકાર કરવા જતાં ગુણીજનો પોતાના નુકશાનને પણ ગણકારતા નથી (દરકાર કરતા નથી). કારણ કે દીવાની વાટ પોતાના અંગને બાળીને પણ પ્રકાશ ઉત્પન્ન કરે છે. જો કે ચારિત્રધર્મ વિગેરે મારા ક્ષયને માટેજ પ્રયત્ન કરી રહ્યા છે, માટે 'તે પરમશત્રુઓ પર ઉપકાર કરવાથી શું?' એમ પણ ખ્યાલ ન કરવો. કારણ કેઃ-ઉપકારી અથવા તો મત્સર રહિત જનપર દયાની લાગણી દર્શાવવી તેમાં વિશેષતા શું છે? પરંતુ શત્રુ કે સહસા

અપરાધ કરનાર જન ઉપર દયાળુ મન રાખવું એજ અતિ ઉત્તમતા છે. તેમજ વળી કહ્યું છે કે:—

"अपास्य लक्ष्मीहरणोत्थवैरता–मचिंतयित्वा च तदद्रिमर्दनम् ।
ददौ निवासं हरये महार्णवो, विमत्सरा धीरधियां हि वृत्तयः" ॥१॥

"લક્ષ્મીનું હરણ કરવાથી જાગ્રત થયેલ વૈરને અલગ કરીને અને પર્વતથી પોતાને કરેલ મર્દનને પણ મનમાં નહીં લાવીને મહાસાગરે હરિને પોતામાં નિવાસ આપ્યો છે, માટે ખરેખર ! ધીર પુરૂષોની વૃત્તિઓ મત્સરરહિતજ હોય છે." અથવા તો તેઓ (ચારિત્ર-ધર્મ વિગેરે) મારા શુભ વિભાગનું સદૈવ પોષણ કર્યા કરે છે અને સવિસ્તર મારા સ્વરૂપને સારી રીતે જાણે છે. વળી તેઓજ લોકમાં મને સમ્યક્ રીતે પ્રખ્યાત કરે છે અને મારી પ્રસિદ્ધિને ત્રણે ભુવનમાં વિસ્તારે છે. નહિ તો મારૂં નામ પણ કોણ જાણી શકત ? પ્રસિદ્ધિના અર્થી પુરૂષો શું આ જગતમાં ઓછા છે ? કે જેઓ અન્યની પ્રસિદ્ધિ સહન કરી શકતા નથી. કહ્યું છે કે:—

"तमसाऽनिशं शशांको, गमनं न त्यजति खिद्यमानोपि ।
एतावती प्रसिद्धिर्यस्मादन्यत्र गमनकृताम्" ॥ १ ॥

"અંધકારથી નિરંતર પરાભવ પામતાં પણ શશાંક (ચંદ્ર) પોતાના ગમનને છોડતો નથી. જેથી અન્યત્ર ગમન કરનારાઓની પણ આટલી બધી પ્રસિદ્ધિ જોવામાં આવે છે." ઇત્યાદિ વિચાર કરીને કર્મમહારાજાએ એકદા તે સંસારી જીવને વિજયવર્ધન નામના નગરમાં સુલસશ્રેષ્ઠીને ઘેર પુત્રપણે ઉત્પન્ન કર્યો. તેનું નંદન એવું નામ રાખવામાં આવ્યું. તે યૌવનવય પામ્યો, એટલે કર્મપરિણામે અવસરે તેની પાસે છાની રીતે આવીને યથાપ્રવૃત્તિકરણ નામનું ખડ્ગ તેને આપ્યું, અને કાનમાં કહ્યું કે:–" આ ખડ્ગથી આત્મશત્રુ મોહરા-

જાનો કંઇક ન્યૂન એક સિત્તેરમો ભાગ મૂકીને બાકીના ઓગણોત્તેર કરતાં કંઇક અધિક દેહભાગોને ખંડિત કરજે. તથા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાય એ સામંતોનો પણ કંઇક ન્યૂન એક ત્રીશમો ભાગ બાદ કરી બીજા કંઇક અધિક ઓગણત્રીશ શરીરના ભાગોને ખંડિત કરજે. એજ રીતે નામ અને ગોત્ર—એ બંને શત્રુનો પણ કંઇક ન્યૂન એક વીશમો ભાગ મૂકીને બાકીના કંઇક અધિક શરીરના ઓગણીશ વિભાગોને છેદી નાખજે, આ પ્રમાણે ખંડિત કરીને તેમને અધઃપતિત કરતાં તેમનું સમસ્ત સૈન્ય ખંડિત અને અધઃપતિત થઇ જશે. પછી નિરાકુલ થઇને તું સમગ્ર સુખસંદોહના કારણભૂત એવા સમ્યગ્દર્શન નામના અમાત્યના ભવનનું દ્વાર જોઇ શકીશ. તે દ્વાર નિબિડ એવા રાગ, દ્વેષની પરિણતિરૂપ ગ્રંથિના કપાટથી બંધ રહે છે, તેને ઉઘાડવાનો ઉપાય પછીથી તને કહીશ. અત્યારે તો જેટલું બતાવ્યું તેટલું કર.”

નંદનકુમારે તેજ પ્રમાણે બધું કર્યું. એટલે કે યથાપ્રવૃત્તિકરણ વડે ઉપર કહ્યા પ્રમાણે સાતે કર્મોની સ્થિતિ ઘટાડી. એટલે તે નગરના દ્વાર પાસે રહેલો કર્મભૂપતિ સહસ્રામ્રવન નામના ઉદ્યાનમાં સદ્‌ગુરૂ અને સદાગમને લઇ આવ્યો. પછી તેમની પાસે નંદનને લઇ ગયો અને તેના સહાયક તરીકે તેને દક્ષતા આપી, એટલે તેના ભયથી શૂન્યતા પલાયન કરી ગઇ.

હવે તે અવસરે અહીં મોહરાજા મૂર્ચ્છા પામ્યો, જ્ઞાનાવરણીયાદિ સામંતો રૂદન કરવા લાગ્યા, નામ અને ગોત્ર આક્રંદ કરવા લાગ્યા અને રાગકેસરી પ્રમુખ સમસ્ત સૈન્યમાં વિલાપ થઇ રહ્યો. તે વખતે આત્માને સ્વસ્થ કરીને અને કંઇક ટેકો લઇને મિથ્યાદર્શન મહત્તમ ઉઠયો, અને તેવી અવસ્થાએ પહોંચેલું સમગ્ર સૈન્ય તેણે જોયું. તેથી પગથી માથાસુધી ઈર્ષ્યાથી ભરપૂર થઇને અશ્રદ્ધાન નામનું મહાદુષ્ટ ચૂર્ણ લઇને તે દોડયો, અને નંદન પાસે ગયો. તે વખતે સદ્‌ગુરૂ અને

સદાગમે વિશુદ્ધશ્રુતિના મુખથી મોહ અને મિથ્યાદર્શનાદિકના સમગ્ર દોષો તેને કહ્યા, ચારિત્રધર્મ અને સમ્યગ્દર્શનાદિકના અશેષ ગુણો કહી બતાવ્યા, ધર્મના ફલરૂપ સ્વર્ગ અને મોક્ષ સમજાવ્યા અને પાપના ફળરૂપ નરકાદિક જણાવ્યા, એટલે દક્ષતાના પ્રભાવથી નંદન તે બધું સમજી ગયો. એવામાં તરતજ મિથ્યાદર્શને અશ્રદ્ધાન નામનું મહાદુષ્ટ ચૂર્ણ તેને આપી દીધું. તેની અસર થતાં નંદને વિચાર કર્યો કે:—"અહો! તે મિથ્યાદર્શનાદિક કયાં છે? અને આ ચારિત્રધર્મ તથા સમ્યગ્દર્શનાદિક કયાં છે? પાપથી નરકની પ્રાપ્તિ થાય છે, એમ કોણે જોયું છે? અને ધર્મ કરતાં સ્વર્ગ કે મોક્ષમાં જઇને કોણ પાછું આવ્યું છે? માટે ખરેખર! એમની આ વિચિત્ર ચર્ચા મહાસાહસને સૂચવનારી છે." ઇત્યાદિ વિચાર કરીને તે પાસે રહેલાઓને આસ્તે આસ્તે પોતાના વિચારો કહેવા લાગ્યો અને વારંવાર હાથે તાળી દઇને તે ગુરૂ વિગેરેનો ઉપહાસ (મશ્કરી) કરવા લાગ્યો. આથી કર્મપરિણામ રાજા તેની ઉપર અત્યંત રૂષ્ટમાન થયો એટલે મોહાદિક સંતુષ્ટ થયા. પુન: તેઓ પુષ્ટ થઇ સાંગોપાંગ શરીરવાળા થઇ ગયા.[1] પછી રોષ લાવીને તેઓએ નંદનને ગળાવડે પકડીને સમ્યગ્દર્શન મહામાત્યના ભવનદ્વાર આગળથી હાંકી કાઢ્યો, અને હજારોગમે પાપ કરાવ્યાં. પરિણામે પુન: એકેંદ્રિયાદિકમાં તેને લઇ ગયા અને ત્યાં અનંતકાળ સુધી તેને બાંધી રાખ્યો.

એ રીતે કોઇવાર નરકમાં, કોઇવાર સંજ્ઞિપંચેંદ્રિય તિર્યંચ કે મનુષ્યમાં અને કોઇ વખત દેવગતિમાં પૂર્વોક્ત રીતથી મોહાદિકને ખંડિત કરીને યથોક્ત સ્વરૂપવાળા સમ્યગ્દર્શન અમાત્યના ભવનદ્વાર આગળ (યથાપ્રવૃત્તકરણવડે) તે અનંતીવાર આવ્યો, પરંતુ કયાંક અશ્રદ્ધાનથી, કયાંક રાગાદિકના વશથી, કયાંક ક્રોધાદિકથી અને કયાંક

૧ સાતે કર્મોની સ્થિતિ ઉત્કૃષ્ટ હતી તેટલી મિથ્યાત્વના યોગે બંધાણી એમ સમજવું.

વિષયગૃદ્ધિ વિગેરેથી મહાપાપ ઉપાર્જન કરાવીનેતે દ્વારમાં પ્રવેશ કરવા ન દેતાં પુનઃ પુષ્ટ અને સાંગોપાંગ થયેલા મોહાદિકોએ પૂર્વ પ્રમાણે તેને પાછો વાળ્યો, એટલે દરેક વખતે એકેંદ્રિયાદિકમાં તે અનંતકાળસુધી અટકી રહ્યો.

હવે અહીં મનુષ્યક્ષેત્રમાં મલયાપુર નામનું નગર છે. ત્યાં ઇંદ્રિ નામનો રાજા અને તેને વિજયા નામની ભાર્યા છે. એકદા કર્મપરિણામે તે સંસારી જીવને તેમના પુત્રપણે ઉત્પન્ન કર્યો. ત્યાં તેનું વિશ્વસેન એવું નામ રાખવામાં આવ્યું. તે મોટો થયો અને સર્વ કળાઓ શીખ્યો, તથા યુવતિજનના મનને મોહ પમાડનાર એવું ભરયૌવન તે પામ્યો. પછી એકદા તે રાજકુમારોથી પરિવૃત્ત થઇને ક્રીડા કરવા માટે અશોકસુંદર નામના ઉદ્યાનમાં ગયો. ત્યાં કર્મરાજાએ પુનઃ તેને સદ્ગુરૂ અને સદાગમ દેખાડ્યા. તેમના દર્શન માત્રથી વિશિષ્ટતર વીર્ય ઉલ્લસિત થતાં કર્મભૂપાલ પાસેથી પ્રાપ્ત થયેલ પૂર્વોક્ત ખડ્ગને વિશેષ તીક્ષ્ણ બનાવીને મોહાદિક શત્રુઓનો પૂર્વ કરતાં અધિકતર છેદ કરીને તે રાજકુમાર પોતાના પરિવાર સહિત કંઇપણ સ્ખલના વિના સદ્ગુરૂ અને સદાગમની સમીપે ગયો. ત્યાં તેમને સવિનય નમસ્કાર કરીને યોગ્ય સ્થાને બેઠો. ગુરૂએ સદાગમને કહીને તેને શ્રુતિસંગમ કરાવ્યો. તેણે કાન પાસે આવીને તેને આ પ્રમાણે કહ્યું:—"હે ભદ્ર! દુષ્ટ મોહરાજાના મિથ્યાદર્શન મંત્રીએ તને ભોળવીને ભવસાગરમાં ભમાવ્યો. વળી દુષ્ટબુદ્ધિ એવો તે પોતાની કુદૃષ્ટિ નામની ભાર્યા સાથે સ્વસુતાને ધર્મબુદ્ધિના નામથી ઓળખાવીને તારી પાસે મોકલે છે, પરંતુ ખરી રીતે તો મહા પાપબુદ્ધિ એવી તે ત્રણ જગતમાં ભમીને બિચારા અખિલ પ્રાણીઓને વશ કરી ધર્મના છળથી તેમના હાથે મોટાં પાપો કરાવી અત્યંત ભયંકર નરકમાં પાડે છે અને પછી અનંતો કાળ સંસારમાં ભમાવે છે, તેમજ પોતાના મિથ્યાદર્શન પિતાની અને કુદૃષ્ટિ માતાની તેમની પાસે બહુજ સેવા કરાવે છે. તે

બંને એ પ્રાણીઓની કેવી દશા કરે છે. તેનું તારી પાસે કેટલું વર્ણન કરીએ?–રાગાદિ દોષમુક્ત અને કેવળ ગુણરૂપ એવા દેવમાં તે અદેવબુદ્ધિ અને નિરંતર દ્વેષભાવ ઉત્પન્ન કરે છે, તેમજ તે બંને દુષ્ટો નિ:સ્પૃહ અને દયાળુ એવા ગુરૂમાં સદા અગુરૂબુદ્ધિ કરાવે છે, એટલુંજ નહિ પણ દયા, દાન, ક્ષમા, શીલ, ધ્યાન અને જ્ઞાનાદિકની મતિને નિર્ગુણીમાં સ્થાપન કરે છે, અર્થાત્ નિર્ગુણીને તેવા ગુણવાળા મનાવે છે. સદ્ધર્મમાં સર્વદા દ્વેષ કરાવે છે અને જીવહિંસારૂપ અધર્મમાં અત્યંત પક્ષપાત કરાવે છે. આથી જીવો વિપરીત મતિવાળા થઇને બહુ પાપનો સંચય કરે છે અને તેના પરિણામે તેઓ એવું દુ:ખ સહન કરે છે કે જે શબ્દોથી કહીજ ન શકાય. હે ભદ્ર! એ મોહાદિક સર્વ વૈરીઓએ મળીને તારી પણ આટલા અનંત કાળસુધી બહુજ કદર્થના કરી છે. તેમાં પણ દુષ્ટબુદ્ધિવાળો, દુરંત અને દુ:ખનેજ આપવાવાળો એવો મિથ્યાદર્શન મંત્રી તો સહકુટુંબ તારો વિશેષે વૈરી છે, તેની ભાર્યા અને પુત્રીએ તો તને જે દુ:ખો આપ્યાં છે, તેનું યથાર્થ વર્ણન સહસ્રમુખવાળો પણ કોણ કરી શકે તેમ છે?"

આ પ્રમાણે શ્રુતિનું કથન સાંભળીને રાજકુમાર ભયભીત થઈ ગયો. પછી શાંત થઇને ગુરૂને પ્રણામ કરી તે સગદ્‌ગદગિરાથી આ પ્રમાણે કહેવા લાગ્યો:–" હે પ્રભો! પ્રથમ તો આટલો કાળજ મારો વૃથા ગયો, અને તેમાં ચિત્તની અજ્ઞાનતાથી હું કંઇપણ જાણી શક્યો નહિ. તો શરણરહિત અને તે શત્રુઓએ નિરંકુશપણે દુ:ખપાત્ર કરેલા એવા મને હવે કોણ શરણ થશે?" પછી સદ્‌ગુરૂની પ્રેરણાથી પુન: શ્રુતિએ તેને કહ્યું કે:–" ભદ્ર! મેં આ વાત તને અનંતીવાર નિવેદન કરી છે, પરંતુ કોઇવાર શૂન્યતાથી, કોઇવાર અશ્રદ્ધાનથી, કવચિત્ દ્વેષથી, ક્યાંક મોહથી, ક્યાંક શઠતાથી, અને કોઈવાર મદથી, કુદૃષ્ટિની પુત્રીમાં અત્યંત રાગાંધ થઇને તેં બધું વ્યર્થ કર્યું છે. (લક્ષ્યમાં લીધું નથી) માટે હવે અત્યારે આત્માને સ્વસ્થ રાખીને ખાસ હિતકા-

રક એવું મારૂં વાકય તારે સાંભળવું.” પછી અંજલિ જોડીને તે ઉપયોગ સહિત સાંભળવા લાગ્યો, એટલે શ્રુતિ કહેવા લાગી કે—

“ અહીં સદ્‌ગુણી, અમૃતના સાગર સમાન અને રાજ્યનો મહાભાર જેમણે સંપાદન કર્યો છે એવા ચારિત્રધર્મ નામના રાજા છે. તેને સમ્યગ્દર્શન નામે સન્મંત્રી, સદાગમ નામે સહોદર અને સર્વ જંતુઓને હિતકારક એવો સદ્‌બોધ નામનો એક જ્યેષ્ઠ બાંધવ (સંબંધી) છે, જેના નામમાત્રથી તેના અદ્‌ભુત પરાક્રમનું સ્મરણ કરતું મોહરાજાનું અશેષ સૈન્ય છિન્નપત્રની જેમ કંપે છે. વિશેષે કરીને વૈર ધરાવનાર એવા દુષ્ટ મિથ્યાદર્શનને તો તેના કુટુંબ સહિત તેણે અનેકવાર પિષ્ટપ્રાય કરી નાખ્યો છે. ( ચૂરી નાખ્યો છે. ) તે સદ્‌બોધ ધર્મપ્રાસાદનો સજ્જડ પાયો છે, મોક્ષવૃક્ષનું મૂળ છે અને સમગ્ર ગુણરૂપ ભૂપીઠને ધારણ કરવામાં શેષનાગ સમાન છે. આ જગતમાં એવી કોઇ સમૃદ્ધિ નથી, એવું કોઈ સુખ નથી અને એવું કોઈ સ્થાન નથી કે જે સમ્યક રીતે આશ્રય કરાયેલ અને સંતુષ્ટ થયેલ એવો તે પ્રાણીઓને આપી ન શકે. તેને રૂપ, સૌભાગ્યાદિક ગુણોની એક ભૂમિકા અને પોતાના યથાર્થ નામથી લોકમાં પ્રસિદ્ધિ પામેલી ધર્મબુદ્ધિ નામની દુહિતા છે. જેને મનમાં ધારણ કરતાં તે પ્રાણીઓને તત્કાળ સુખ આપે છે, વળી તેનો સમાગમ સુધાસરિત્‌ની જેમ નિ:સીમ સુખ કર્ત્તા છે. જે પ્રાણીઓ તેને ભજે છે તેઓ તેના બતાવવાથી સમ્યગ્દર્શન મંત્રીરૂપ મહાત્માને જોઈ શકે છે. અને તેના દર્શન થતાંજ મોહશત્રુના સૈન્યથી થતા દુ:ખોને લીધે ત્રાસ પામેલા એવા સર્વ પ્રાણીઓને સદાને માટે શરણ મળે છે. પરંતુ તેની પુત્રી સાથે જે પ્રાણીઓ સંબંધ ધરાવતા નથી તેઓને શરણ તો દૂર રહો, પણ તેઓ તેના દર્શન પણ કરી શકતા નથી. માટે હે સુંદર ! તારે જે કાંઇ અપેક્ષા છે, તે સર્વ તેની સાથે મળતાં સિદ્ધ થાય તેમ છે. તેથી હું તને પ્રથમ તેના દર્શન કરાવું કે જેથી તને સ્વસ્થતા થાય.” આ પ્રમાણે સાંભળીને ભવ્ય જીવ બો-

હ્યો કે-" હું તૈયારજ છું, માટે મારી ઉપર પ્રસાદ કરીને સમુત્સુક મનવાળા એવા મને સત્વર તેનું દર્શન કરાવો." તેની ઉત્સુકતા જોઇને અને તેનામાં વિશેષ યોગ્યતા આવેલી સમજીને સદ્દગુરૂએ સદાગમ અને શ્રુતિના મુખથી પુન: મોહમહાચરટ, મિથ્યાદર્શન, કુદૃષ્ટિ અને કુધર્મબુદ્ધિ વિગેરેના દુર્ગુણોનું સવિસ્તર વર્ણન કરીને શુદ્ધધર્મના ગુણો તેની પાસે એટલે સુધી વર્ણવ્યા કે જેથી તેને શુદ્ધધર્મ કરવાની બુદ્ધિ ઉત્પન્ન થઇ. પછી સંવેગયુક્ત મનવાળા એવા તેણે કહ્યું કે:—

"હે ભગવન્! તમોએ કહેલ સદાગમના પ્રસાદથી મને ધર્મબુદ્ધિ પ્રાપ્ત થઇ છે. તેની પ્રાપ્તિથી હું વિચાર કરૂં છું કે, તમારા કહેલ ધર્મનુંજ હું આચરણ કરૂં. કુદૃષ્ટિ, કુધર્મબુદ્ધિ વિગેરેના સંસર્ગ છોડી દઉં. માટે હવે કૃપા કરીને આપનો કહેલ ધર્મ કરવાનો ઉપાયવિધિ બતાવો." ગુરૂએ કહ્યું કે:—"હે ભદ્ર! આ ધર્મબુદ્ધિમાં જો તારો સ્થિર અનુરાગ થયો છે, તો તે અનુરાગજ ધર્મવિધાનનો ઉપાયવિધિ કહેવામાં અમને ઉત્સાહી બનાવે છે. સાંભળ! શુદ્ધ ધર્મ કરવાની ઇચ્છાવાળાએ પ્રથમ બીજા બધાનો ત્યાગ કરી સમ્યક્ મન, વચન અને કાયાથી સમ્યગ્દર્શન અમાત્યને સ્વામીભાવથી સ્વીકારવો જોઇએ. અને તેને કલુષતા ન લાગે તેને માટે સર્વ પ્રકારે યત્નથી સંભાળ રાખવી જોઇએ. તેનું સમ્યક્ રીતે આરાધન કરતાં તે એવી રીતે પ્રસન્ન થાય છે કે જેથી ઉત્તરોત્તર સર્વ પ્રકારના ગુણોની પ્રાપ્તિ થાય છે." આ પ્રમાણે સાંભળીને રાજપુત્રે વિચાર કર્યો કે:—"અહો! સમ્યક્દર્શન કોઈ મહા પ્રભાવિક લાગે છે. એનું સમ્યગ્દર્શન નામ પણ કેવું સુંદર છે? પણ એને મારે કેવી રીતે જોવો અને શી રીતે ઓળખવો?" આ પ્રમાણે રાજપુત્ર વિચાર કરે છે એટલામાં 'આ અવસર ઠીક છે' એમ સમજીને કર્મભૂપાલે તેને વિશુદ્ધતર અધ્યવસાયરૂપ અપૂર્વકરણ નામનો દૃઢ અને તીક્ષ્ણ કુઠાર (કુહાડો) આપ્યો અને કાનમાં કંઇક ગુપ્તરીતે કહ્યું. એટલે ઉલ્લાસપૂર્વક અપૂર્વ વીર્ય વિશેષની પ્રાપ્તિ

થતાં તે કુઠારથી બલાત્કારે નિબિડ રાગદ્વેષની પરિણતિરૂપ ગ્રંથિ નામના મહાપ્રતોલીના બંને કપાટ (કમાડ)ને તોડી પાડીને પ્રતિ સમયે મોહાદિક શત્રુઓનો નિર્દયતાથી નાશ કરતો રાજકુમાર સમ્યગ્દર્શન મહા અમાત્યના શરદિંદુના ઉદ્યોત સમાન ધવલ અંતઃકરણ નામના મહાપ્રાસાદના આંગણા આગળ આવી પહોંચ્યો, એટલે સ્વપ્રતિજ્ઞા નિર્વાહથી સંતુષ્ટ થયેલા કર્મમહારાજાએ એને વિશુદ્ધતમ અધ્યવસાયરૂપ અનિવૃત્તિકરણ નામનો મહા વજ્રદંડ આપ્યો. તે વજ્રદંડવડે મોહરાજાના પુત્ર દ્વેષગજેંદ્રના અનંતાનુબંધી ક્રોધ અને માન નામના બંને પુત્રો, તથા મોહાંગજ રાગકેસરીની અનંતાનુબંધિની માયા નામની દુહિતા તથા અનંતાનુબંધી લોભ નામનો પુત્ર અને તે મિથ્યાદર્શન દુષ્ટ અમાત્ય–એ પાંચે મહાશત્રુઓને હણતાં પણ અત્યંત ઇર્ષ્યા કરતા અને મનમાં અતિ દુષ્ટતા લાવી કોઈ રીતે પણ પૂંઠને ન મૂકતા એવા તેમને વિશ્વસેન કુમારે એવી રીતે ઠાર કર્યા કે, જેથી બુંબારવ કરતા કરતા તે પાંચે કંઇક જીવિત બાકી રહેલ હોવાથી પલાયન કરીને ચિત્તવૃત્તિ નામની મહા અટવીમાં કયાંક મૂર્ચ્છિત થઇને સંતાઈ ગયા.

પછી કોઇ પ્રતિબંધક ન હોવાથી રાજકુમારે સમ્યગ્દર્શનના અંતરકરણ નામના આવાસમાં પ્રવેશ કર્યો, અને ત્યાં ઔપશમિક સમ્યક્ત્વ રૂપધારી સમ્યગ્દર્શન મહાઅમાત્યને જોયો. પછી પુષ્કરાવર્ત્ત મેઘની વૃષ્ટિથી દવદગ્ધ વૃક્ષની જેમ, ગ્રીષ્મઋતુમાં મહાસરોવરના જળસિંચનથી મરૂભૂમિના મુસાફરની જેમ, સુધારસનું સિંચન કરનારા સુજનવચનના પ્રબંધથી દુર્જનના દુર્વચને સંતપ્ત થયેલા સાધુની જેમ, બહુ દ્રવ્યના લાભથી આજન્મ દારિદ્રયથી પરાભવ પામેલા મહાદરિદ્રીની જેમ, વસંત માસના સંબંધથી શિશિરના હિમપાત વડે દગ્ધ થયેલા કમલખંડની જેમ, અકસ્માત્ પ્રાપ્ત થયેલ પ્રિયસંગમથી ચિરકાળથી વિયોગી થઇ તેના વિરહથી સંતપ્ત થયેલ વિરહિણી

ઓની જેમ, અનાદિકાળના વિરૂદ્ધ એવા મોહાદિક શત્રુઓએ ઉત્પન્ન કરેલાં દુ:ખો જેનાં દગ્ધ થઇ ગયાં છે એવો તે અમૃતપ્રવાહના સંપાતસદૃશ તેના દર્શનથી અત્યંત શીતલ થઇ ગયો. પછી પૂર્વે કહેલ છતાં ફરીને પૂછતા એવા તેને ગુરૂમહારાજે તે સમ્યગ્દર્શનનું સ્વરૂપ સવિસ્તર કહી બતાવ્યું, અને તેને પુન: પુન: જાગ્રત ( ઉત્તેજિત ) કર્યો. તથા તે રાજકુમારને આ પ્રમાણે શિખામણ આપી કે—

" હે ભદ્ર ! 'યાવજ્જીવિત એજ મારા સ્વામી છે, બીજું કોઈ નહિ ' એ પ્રતિજ્ઞા દેવતાઓ પણ ચલાયમાન ન કરી શકે, તેવી રીતે તારે દૃઢ ધારી રાખવી. કદાચ પ્રાણ જતા હોય તો પણ કદી મૂકવી નહિ. તેમજ વળી શંકા, કાંક્ષા, વિચિકિત્સા, પાખંડી પરિચય, પાખંડી પ્રશંસા, પિંડપ્રદાન અને પ્રપાદાન વિગેરે ભેદો સર્વથા એને લાંછન લગાડનારા છે, માટે આત્મહિતૈષીએ તેનો દૂરથીજ ત્યાગ કરવો યોગ્ય છે, નહિ તો લેશ પણ એ કલુષિત થતાં પુન: પૂર્વ પ્રમાણેજ મોહાદિક પ્રૌઢ ( બલિષ્ઠ ) થઇ જશે. અને તેથી સર્વ અપકારો સંભારીને અતિશય પ્રકુપિત થઈ, દાંતવડે ઓષ્ઠને પીસતા એવા તેઓ રોષથી તને ગળાવડે પકડીને ખેંચી જશે, નિ:શંક થઇને તને સ્વવશ બનાવી દેશે અને પછી ક્રૂર થઇને અધિક વિડંબના પમાડશે. માટે હે વત્સ ! એ દુષ્ટાત્માઓને અવકાશજ ન આપવો. અર્થાત્ તેઓ ન આવી શકે તેવી સાવચેતી રાખવી. પછી સમ્યગ્ રીતે આરાધન કરાયેલો એ સમ્યગ્દર્શન અમાત્ય અવસરે તારી યોગ્યતા જાણીને પ્રણતજનપર અતિ વત્સલ અને સકલ સુખો આપનાર એવા ચારિત્રધર્મ મહા ચક્રવર્ત્તી તને બતાવશે. પછી નિબિડ આરાધનાથી સંતુષ્ટ થયેલો એવો તે ચારિત્રધર્મરાજા પોતાના શરીરથી અભિન્ન, પરમ વલ્લભ એવું જગતનું ગૌરવ તથા મહા સામ્રાજ્યને આપવાવાળા એવા પ્રવર લક્ષણોથી સમન્વિત, સમગ્ર સૌખ્યના સ્થાનસદૃશ અને સમગ્ર ગુણ તથા સર્વસ્વ લક્ષ્મીના એક ભંડારરૂપ એવી દેશ-

વિરતિ અને સર્વવિરતિ નામની પોતાની બંને પુત્રીઓ તને આપશે. તે બંને અતિ નિપુણજનોને પણ રંજનીય અને દુરારાધ્ય છે. પરંતુ તેમના ચિત્તને કોઇ રીતે કલુષિત ન કરતાં અને તેના સેવનથી સુખ પરંપરાનો અનુભવ કરતાં અનુક્રમે તું પરમ ઐશ્વર્યમય, નિઃસીમ એવા અનંત સુખયુકત, અપ્રતિપાતિ અને સકલ લોક તેમજ ત્રૈલોક્યની ઉપર વર્ત્તતું એવું નિવૃત્તિપુરીનું પરમેશ્વરત્વ પામીશ."

ગુરૂમહારાજનું આ પ્રમાણેનું કથન સમ્યક્રીતે સાંભળીને અને સ્વીકારીને ક્ષણવારમાં અન્ય મિથ્યાત્વ દળીયાંનો જેમાં ક્ષય તેમજ ઉપશમ છે એવા ક્ષાયોપશમિક સમ્યકત્વનો સેવક બનીને ગુરૂને ચરણે પ્રણામ કરી સપરિવાર વિશ્વસેનકુમાર મનમાં હર્ષ પામતો સ્વસ્થાને ગયો. પછી ગુરૂનાં તે વચનોને સંભારતો અને તેમના કહ્યા પ્રમાણે અનુષ્ઠાન કરતો તે સમ્યગ્દર્શનની સેવામાં દિવસો નિર્ગમન કરવા લાગ્યો.

એકદા કર્મપરિણામે વિચાર કર્યો કેઃ—" અહો ! એણે પોતાની પ્રતિજ્ઞાનો નિર્વાહ કર્યો, તેથી હું હવે નિશ્ચિંત થયો. કારણ કે સમ્યગ્દર્શનનો એને મેલાપ થઇ ગયો. અને વળી કદાચ મારા બાંધવો એનાપર ગાઢ ગુસ્સે થશે, તથાપિ હવે એને અર્ધપુદ્ગલપરાવર્ત્ત કરતાં કંઇક ન્યૂનજ સંસારમાં ભમાવી શકશે. માટે હવે તો તેટલો કાળ વ્યતીત થયા પછીજ એને પ્રૌઢ સહાયતા આપીને નિવૃત્તિપુરીના પરમેશ્વરત્વનો લાભ અપાવીશ."

અહીં એકદા તે વિશ્વસેનકુમારનો પિતા મરણ પામ્યો, એટલે તે રાજા થયો અને રાજ્ય પાળવા લાગ્યો. અન્યદા પોતાના પરિવારને નિરાનંદ, ભગ્નઉત્સાહ અને પ્રાયઃ તદ્દન વ્યાપારરહિત એવા જોઇને અત્યંત કુપિત થઇ ઇર્ષ્યાને વહન કરતો મોહનરેંદ્રનો જ્યેષ્ઠપુત્ર રાગકેસરી પોતાનું કુદષ્ટિરાગ રૂપ બનાવીને પિતાને પ્રણામ કરી સ્વ-

સ્થાનથી બહાર નીકળ્યો, અને વિશ્વસેન નરેંદ્રની પાસે આવીને છિદ્ર જોવા લાગ્યો.

એક દિવસે ‘ રાજાએ સમ્યક્ત્વ અંગીકાર કર્યું છે ’ એવા ખબર સાંભળીને પૂર્વ પરિચિતપણાથી અમર્ષ લાવીને, જેણે અનેક દુષ્ટ વિદ્યાના મંત્રજાપ બીજાને શીખવ્યા છે અને જે કૂડ કપટમાં બહુ કુશળ છે એવો વિશ્વભૂતિ નામનો ત્રિદંડી તે નગરના ઉદ્યાનમાં આવી પહોંચ્યો. તેણે અજ્ઞાનતપસ્યા અને વિદ્યામંત્રાદિ કૂટથી આક્ષિપ્ત કરેલા નગરના બધા લોકો ત્યાં આવવા લાગ્યા. પરંતુ સમ્યક્ત્વમાલિન્યના ભયથી રાજા એકવાર પણ ત્યાં ગયો નહિ. એટલે ત્રિદંડીએ કોઈના મુખથી તે રાજાને કહેવરાવ્યું કે:—“ શું એટલા બધા પૂર્વપરિચયનો અંતજ આવી ગયો કે જેથી એકવાર દર્શનમાત્ર પણ તમારાથી થઇ શકતા નથી ? શું એટલાથી પણ તમને કંઇ નુકશાની આવી જશે ? ” પછી પૂર્વ દાક્ષિણ્યથી અને તેના વચનના ઉપરોધથી રાજા તેની પાસે ગયો. એટલે તેણે મહા વ્યાક્ષેપ કરવાવાળા એવા વિદ્યામંત્રના અનેક કૌતુક બતાવ્યા. તે વખતે પોતાનો અવસર જાણીને કુદૃષ્ટિરાગ રાજાના અંતઃકરણમાં દાખલ થયો અને તેના સંનિધાનથી ત્રિદંડીએ કંઈક તેને રંજિત કર્યો. બીજે દિવસે રાજા આવ્યો, એટલે તેણે અન્ય અન્ય અપૂર્વ કૌતુક બતાવ્યા. રાજાને અને પરિજનને કંકણ બાંધ્યાં, તેની રક્ષા કરી અને તેને એટલે સુધી વિશ્વાસ બેસાર્યો કે, કુદૃષ્ટિરાગ રૂપધારી રાગકેસરીથી તે એવી રીતે વાસિત થઈ ગયો કે, જેથી સમ્યગ્દર્શનથી વિરક્ત થઇ સર્વ લોક સમક્ષ કહેવા લાગ્યો કે—‘ આ શ્વેત વસ્ત્રધારી ભિક્ષુકો કંઇ પણ જાણતા નથી અને આ ત્રિદંડી ભગવંતના જ્ઞાનનો તો પ્રત્યક્ષ મહિમા દેખાય છે. ” આ પ્રમાણે થવાથી સમ્યગ્દર્શને વિચાર કર્યો કે:—“ અહો ! કુદૃષ્ટિરાગ, સ્નેહરાગ અને વિષયરાગ એ ત્રણ રૂપમાંથી કુદૃષ્ટિરાગનું રૂપ ધારણ કરીને રાગકેસરી અહીં

પ્રાપ્ત થયો છે અને અજ્ઞાન ચરટ તો ખરેખર ! રોગીઓને માટે જેમ જ્વર, તેમ સર્વને માટે એ બીજો હાજરજ છે. એ પાપીઓની જ્યાં આવી સંગતિ હોય, ત્યાં પછી કહેવુંજ શું ? તેમાંનો એક જ્યાં હોય ત્યાં બીજા પણ મોહ, ક્રોધ, માન વિગેરે સર્વે છાની રીતે આવીને પ્રગટ થાયજ છે; માટે હવે એની સાથે રહેવું અમને શ્રેયસ્કર નથી. ” આ પ્રમાણે વિચાર કરીને સમ્યગ્દર્શન તરતજ અદૃશ્ય થઈ ગયો, એટલે તેજ ક્ષણે કયાંથી પણ પ્રગટ થઇને જેણે ઉદય મેળવ્યો છે એવા મિથ્યાદર્શને પ્રવેશ કર્યો અને કુપિત થઇને તેને ગળાવડે પકડી અન્ય અન્ય–મંત્ર, તંત્ર અને કૂટવિદ્યાદિકમાં કુશળ તેમજ અજ્ઞાનકષ્ટ કરનારાઓની પાસે લઇ ગયો. એટલે પુનઃ ધર્મના છળથી મહાપાપ કરતા એવા તેનો મરણે સંહાર કર્યો અને મોહાદિક સર્વ શત્રુઓ મળીને પૂર્વની જેમ તેને એકેંદ્રિયાદિકમાં લઈ ગયા અને ત્યાં અતિ દુઃખિત કરીને તેને અનંતકાળ સુધી બાંધી રાખ્યો.

એકદા કર્મરાજાએ પુનઃ તેને મનુજ ક્ષેત્રમાં ધનવંતશ્રેષ્ઠીને ઘેર સુભગ નામથી પુત્રપણે ઉત્પન્ન કર્યો. તે યૌવન વય પામ્યો, એટલે પુનઃ સદ્ગુરૂ અને સદાગમની સમીપે લઇ જઇ ક્ષાયોપશમિક સમ્યકત્વરૂપ ધારી સમ્યગ્દર્શનનો તેને સંગ કરાવ્યો, એટલે પૂર્વની પેઠે મિથ્યાદર્શનાદિક પલાયન કરી ગયા. પછી કેટલાક વર્ષો સુધી તેણે સમ્યગ્દર્શનની સેવા કરી. એકદા સ્ત્રી પરણેલા એવા તેને પુત્ર થયો, એટલે અવસર જાણીને બીજા સ્નેહરાગના રૂપને ધારણ કરી રાગકેસરીએ આવીને તેને ઘેરી લીધો. તેના સંનિધાનથી તેને ભાઇ ઉપર અત્યંત સ્નેહ ઉત્પન્ન થયો, માબાપ ઉપર પણ અસાધારણ સ્નેહ જાગ્યો, બંધુવર્ગપર અધિક પ્રીતિ થઈ, બ્હેનોપર પ્રભૂત પ્રેમબંધ થયો અને પરિજનપર પણ માણસોને આશ્ચર્ય ઉપજાવે તેવો સ્નેહ પ્રગટ્યો. અરે ! વધારે શું કહીએ ? ઘર સંબંધી દાસ્યાદિક નોકરોને પણ જો પોતે બ્હારથી આવતાં ન જુએ, તો સંભ્રાંત થઇને પૂછે કે–‘ અમુક

ક્યાં ગયો છે ?' પછી ક્ષુધા, તૃષા વિગેરેની પણ દરકાર ન કરતાં ત્યાંસુધી તેની શોધ કરે કે, જ્યારે તેને જુએ, ત્યારેજ તેને શાંતિ વળે. વળી પુત્રપર તો એને જે પ્રીતિબંધ થયો, તેની તો વાતજ શી કરવી ? તેનું વર્ણન આ પ્રમાણે-બાલ્યાવસ્થાથી તેને ઉત્સંગમાં લેય, ગાઢ આલિંગન કરે, નાસિકાના મલથી ખરડાયેલા તેના મુખને વારંવાર ચુંબન કરે, તેના લાળ, મળ, મૂત્ર અને મેલથી ખરડાયેલા પોતાના વસ્ત્રાદિકને પોતાને હાથેજ પ્રક્ષાલન કરે, મળ વિગેરેથી ખરડાયેલા તે બાલકને પણ પોતેજ ન્હવરાવે ધોવરાવે, તેને કેડપર લઇને ત્રિપથ, ચતુષ્પથ વિગેરે રસ્તાપર પરિભ્રમણ કરે, જાણે ગ્રહથી ઘેરાયેલો હોય તેમ લોકોના ઉપહાસને પણ લક્ષ્યમાં ન લેય, તેની ચેષ્ટામાં લગ્ન થયો સતો દિવસ છતાં ભોજન ન કરે, તેને સુવરાવવામાં વ્યગ્ર થઈ રાત્રિએ બરાબર નિદ્રા પણ ન કરે, તે પુત્ર કંઇક મોટો થયો એટલે બીજા બધાનો અનાદર કરીને સ્નિગ્ધ અને મધુર એવું ખાદ્ય અને પેય ભાજનમાંથી લઇને પોતે તેને ખવરાવે પીવરાવે, પછી તે કંઇક ભણવા લાગ્યો એટલે તેની સાથે પોતે નિશાળે જાય અને તેની પાસે બેસે, કદાચિત્ તેને શરીરમાં જો કંઇ વ્યાધિ થાય તો રાતદિવસ તેની પાસેજ બેસી રહે, અનેક વૈદ્યોને બોલાવે, વિવિધ ઔષધોપચાર કરે, ગણક[1], ભૌતિક[2] અને મંત્ર તંત્રના વેત્તાઓને આદરપૂર્વક બોલાવે, તેમની પાસે સેંકડો દોરા ધાગા વિગેરે પ્રયોગો કરાવે અને જ્યાંસુધી તે નિરોગી ન થાય ત્યાંસુધી દીન થઇને પોતે શોક કરે કે-'અરે ! આપણે હણાયા ! કંઇ ખબર નથી પડતી કે પુત્રને શું થશે ?' તેનાપરથી ઉત્તારણાદિ કરે, પોતે લાંઘણ કરે, અને રાત દિવસ પોતે પથારીમાં પડ્યો પડ્યો જાગ્યાજ કરે.

આ પ્રમાણે સ્નેહમાં મૂઢ બની યૌવનવય પામતાં પુત્રને પરણાવ્યો, અને પછી હાટે બેસાર્યો, પોતે પાસે રહીને તેને બધી વ-

---

૧ જ્યોતિષી. ૨ ભૂત પ્રેતના કાઢનાર ( ભુવા )

ણિક્કળાઓ શીખવી. પોતાનો પિતા ધનદત્તશેઠ મરણ પામ્યો એટલે તેણે દાટેલું અને છાનું રાખેલું બધું ધન પોતાના પુત્રને બતાવ્યું, અને બધા ગૃહકાર્યમાં તેને જોડી દીધો, પોતે બીલકુલ નિવૃત્ત થઈ ગયો અર્થાત્ પોતાના હાથમાં કંઈ પણ ન રાખ્યું. આ પ્રમાણે પુત્રની ચેષ્ટામાં મૂઢ બનેલા એવા સુભગે દેવને વિસારી દીધા, ગુરૂના દર્શન માત્ર પણ મૂકી દીધા, અને તેના ચિત્તમાંથી તેમનાં હિતવચનો પણ ગળી ગયાં, પુત્રાદિના મોહવડે હવે સાધર્મિકના બોલથી તેને શાંતિ ન વળતી, શિષ્ટજનોના ઉપદેશમાં તેને પ્રીતિ ન જાગતી, ધર્મકથા તેને એક વૈરિણી જેવી લાગતી અને સમ્યગ્દર્શનનું નામ લેતાં પણ તેને દુ:ખ થતું હતું. પછી સ્નેહરાગના રૂપધારી એવા રાગકેસરીનું આ પ્રકારનું ચેષ્ટિત સમજીને સમ્યગ્દર્શન પૂર્વની જેમ અદૃશ્ય થઇ ગયો. એટલે પોતાના કુટુંબ અને પરિજન સાથે મિથ્યાદર્શને પ્રવેશ કર્યો, તેણે ઉદય પામીને સુભગને ઘેરી લીધો.

પછી પ્રૌઢ થયેલ પુત્રે પોતાની પૂર સત્તા જમાવીને પોતાની સ્ત્રી વિગેરેના વચનથી એકીસાથેજ પૂર્વના બધા ઉપકારોપર પાણી ફેરવી 'તમે સર્વદા અમને ઉદ્વેગ કરો છો અને સર્વ અનર્થોનું મૂળ છો. મને સુખે બેસવા પણ દેતા નથી.' આવો મિથ્યા દોષારોપ કરીને પોતાના પિતા સુભગને ઘરમાંથી કાઢી મૂકયો. પછી મિથ્યાદર્શનને વશ થઇ, સદ્ધર્મ બુદ્ધિથી વિયુક્ત થઇ, ઘેર ઘેર ભિક્ષા માગતા, મન, વચન, કાયાથી અતિ દીન અને દુ:ખી થતા તેમજ જેણે ઘણાં પાપ ઉપાર્જન કર્યાં છે એવા તે સુભગને મિથ્યાદર્શન પુન: પૂર્વની પેઠે એકેંદ્રિયાદિકમાં લઇ ગયો અને ત્યાં ઘણો કાળ બાંધી રાખ્યો.

અન્યદા કર્મપરિણામરાજા તેને પુન: મનુજક્ષેત્રમાં લઈ આવ્યો. ત્યાં કોઇ ગૃહપતિનો સિંહ નામે પુત્ર થયો. અને ત્યાં પણ પુન: સમ્યગ્દર્શનની સંગતિ થઇ. એટલે તેણે ઘણા દિવસસુધી તેની સેવા કરી. પછી તે યૌવનવય પામ્યો, ત્યારે રાગકેસરીએ ત્રીજું વિષયરાગનું

રૂપ ધારણ કરીને તેના અંતરમાં પ્રવેશ કર્યો. તેના સંનિધાનથી તે મધુર એવી વેણુ અને વીણા વિગેરેના નાદમાં મૂર્ચ્છા પામવા લાગ્યો, અતિશય રમણીય એવા સ્ત્રીયાદિકના રૂપમાં આસક્ત થવા લાગ્યો, સુગંધમાં ગૃદ્ધિ પામવા લાગ્યો, મિષ્ટ વિગેરે રસમાં લુબ્ધ થવા લાગ્યો અને સ્ત્રીયાદિકના કોમળ સ્પર્શમાં તન્મય થવા લાગ્યો. તેને લલનાના લાલિત્યનું પાન કરવામાં જે અનુરાગ જાગ્યો, તેની તો વાતજ શી કરવી ? તેનું વર્ણન આ પ્રમાણે—કામિનીના કટાક્ષ અને હાવભાવમાં મુગ્ધ બની તેણે પોતાના માતપિતાને ઘરથી બહાર કહાડી મૂકયાં, ભગિની વિગેરે સમગ્ર કુટુંબનો તેણે દૂરથીજ ત્યાગ કરી દીધો, જે પ્રાણપ્રિયા કહે તેજ સત્ય, જે તે કરે તેજ હિત, બીજું બધું અસત્ય અને અહિત એમ માનીને તે એક મૃગાક્ષીનેજ શરણે રહ્યો. પછી પોતાની કંઇક સત્તા જામી એટલે તેની કમલાક્ષી ( સ્ત્રી ) એ દાસ્યાદિક સર્વ પ્રથમના પરિવારને દૂર કર્યો અને પોતાના કહ્યા પ્રમાણે ચાલે એવા અન્ય પરિજનને નીમી દીધા. પછી સર્વ રીતે નિશ્ચિંત થઇને તે દરરોજ સુગંધી જળથી સ્નાન કરવા લાગી, સુગંધીદ્રવ્યોનું વિલેપન કરવા લાગી, કિંમતી વસ્ત્રો પહેરવા લાગી, પ્રતિદિન નવાંનવાં ભૂષણો સજવા લાગી, જે પસંદ પડે તે ખાવા લાગી, પોતાને યોગ્ય લાગે તેને દાન આપવા લાગી અને સ્વેચ્છાએ નટવિટજનો સાથે ક્રીડા કરવા લાગી. તથાપિ માયાગર્ભિત વિનીત વચનોના પ્રાંચથી તે પોતાના ભર્તારનું એવી રીતે રંજન કરતી રહી કે જેથી એ ખરેખરી સતી છે, પવિત્ર છે, શીલવતી છે અને હિતકારક છે એમ સમજીને તે દેવતાની જેમ તેને માનવા લાગ્યો.

એક દિવસ પતિના સ્નેહની પરીક્ષાને માટે તે લલનાએ કંઇક ખોટું દૂષણ બતાવીને પોતાના પગની પાનીથી તેને મસ્તકપર પ્રહાર કર્યો, એટલે તે તેના ચરણનું મર્દન કરતો બોલ્યો કે—" હે પ્રિયે ! હું સમજ્યો, તારૂં કહેવું કિંચિત્ પણ કપટવાળું કે અસત્ય મને

લાગતુંજ નથી, માટે હવે પછી હું તેવી રીતે કદી નહીં કરૂં. વળી જો તારો મારાપર અપ્રતિમ પ્રેમ ન હોય, તો ગોશીર્ષચંદનના રસ કરતાં પણ અતિ શીતળ એવા પોતાના ચરણપ્રહારથી તું મને સુખ ઉપજાવે ખરી ? ” ભર્તારના આ પ્રમાણેના વચનોથી તેણે નિશ્ચય કર્યો કે—“ આ બિચારો મારો દાસ છે, તો હવે હું સ્વેચ્છાએ બહાર શા માટે ભ્રમણ કરૂં ? મનગમતા પુરૂષને ઘેરજ લાવી શકું તેમ છું. પછી બીજે દિવસે રાત્રિએ કોઇક તરૂણ પુરૂષને પોતાના ઘરના આંગણા આગળ ઉભો રાખીને તેણે પોતાના ભર્તારને કહ્યું કે:—“ આપણા વડીલોની પાસેથી સ્વર્ગમાંથી આવેલ કોઇ મનુષ્ય દ્વાર આગળ ઉભો છે અને તે મારી સાથેજ એકાંતમાં કંઇક વાતચીત કરવા માગે છે, પરંતુ આપને પૂછ્યા વિના હું કંઇ પણ કરૂં તેમ નથી. કારણ કે લોકો પરઘરના સંતાપને લઈનેજ ફરતા ફરે છે, એટલે તેઓ બીજુંજ કંઇ ધારી લેય. બાકી હું કેવી છું તે તો આપજ સારી રીતે જાણો છો માટે હું વધારે બીજું શું કહું ? ” આ પ્રમાણે સાંભળીને તેણે કહ્યું કે:—‘ આમ બોલવું તને ઉચિત નથી. શું તારા સંબંધી મને કંઈપણ વ્હેમ હોય ? હું બીજા અલ્પજ્ઞ લોકો જેવો નથી કે, બીજાનું બોલવું મનમાં લાવીને પોતાના ઘરની ફજેતી કરૂં ? માટે જા, તું ખુશીથી તે જે તને કહે તે સાંભળ. તારે તેનો એવી રીતે સત્કાર કરવો કે, જેથી વડીલો આપણાપર સદા પ્રસન્ન રહે. ’ આ પ્રમાણે ભોળા ભર્ત્તારનો હુકમ થતાં તે માયાયુક્ત મૃગાક્ષી તે પુરૂષ પાસે ગઈ અને સ્વેચ્છાએ તેની સાથે ક્રીડા કરી. પછી તેણે આવીને ભર્ત્તારને કહ્યું કે:—પ્રથમ તો તેણે ‘ તમે અમારી બરાબર ભક્તિ કરતા નથી ’ આવા દોષો બતાવીને મારી કંઇક કદર્થના કરી, પરંતુ પછી ભકિત અને વિનયથી મેં તેને એવી રીતે સંતુષ્ટ કર્યો કે હવે તે તમારા વડીલોને અવશ્યમેવ પ્રસન્નજ કરશે. વડીલોના બીજાં પણ ઘણા કામને માટે તે અહીં આવેલો છે, તેથી મેં તેને નિમંત્રણ કર્યું

છે કે:—" જ્યાંસુધી તમારે અહીં રહેવાનું થાય, ત્યાંસુધી અમારે ઘેર ભોજન કરવું." પછી તેણે કહ્યું કે:—' એ તેં બહુજ સારૂં કર્યું, હવે દાળ, ભાત અને ઘેબર વિગેરેથી તેને સારી રીતે ભોજન કરાવજે.' પછી તે જારનું પ્રતિદિન સારી રીતે પોષણ કરવા લાગી અને રંજન કરવા લાગી. પછી પોતાના ભર્ત્તારને કોઇ દિવસે કુંકુમના જેવા રાતાં શુષ્ક પુષ્પો આપીને અને કોઇવાર બીજોરાં કે દાડિમ વિગેરેનાં ફળ આપીને યાતો બીજી કોઇ અપૂર્વ વસ્તુ આપીને તે બોલતી કે:— ' સર્વ સંકટો સહન કરીને પણ મેં તમારા વડીલોને એવા પરિતુષ્ટ કર્યા છે અને ભકિતથી વશ કર્યા છે કે જેથી તેઓ એ પુરૂષના હાથથી આ વસ્તુઓ તમને આપે છે.' આ પ્રમાણે સાંભળીને તે પૂર્વજોને ભકિતપૂર્વક સાષ્ટાંગ પ્રણામ કરવા લાગ્યો અને શેષાદિકને માથે ચડાવવા લાગ્યો. જો કદી કોઇ તેને કહે કે, ' તારી ભાર્યા દુ:શીલા છે ' તો તે કહે કે:—' હું બધું જાણું છું.' પછી મનમાં વિચારે કે ' આટલા માટેજ મારી પ્રિયાએ મને પ્રથમથીજ નિવેદન કરી દીધું છે.' આ પ્રમાણે મનમાં વિચારી તે કોઇને પણ વિશેષ ઉત્તર ન આપે. એક દિવસ કોઇ અદેખા પુરૂષે તેને કહ્યું કે:—' જે તારે ઘેર રોજ ભોજન કરે છે, તે ચાલ તને બતાવું.' આથી તે તેની સાથે ગયો અને તે પરપુરૂષને પોતાને ઘેર બેઠેલો જોયો, એટલે તે સર્વ વૃત્તાંત પોતાની પ્રિયાને કહીને તેણે પૂછયું કે:—' પ્રિયે ! આ શું ? ' એટલે તેણે કહ્યુ કે:—" હં ! ! તમે પણ હવે પરઘરભંજક જનોના વચનને વશ થયા ! તો હવે એ મનોરથો પણ તમારા ફલિત થશે. કારણકે આ દુનીઆમાં એક બીજાની સરખા ઘણા લોકો તમારા જોવામાં આવશે, તેથી કોઈક વખત તો મારી જેવી લલનાને જોઇને તમે આલિંગન પણ કરશો, એટલે કયાંક અનર્થનો અનુભવ પણ કરવો પડશે." ઈત્યાદિ વચનોથી તેને ઠપકો દઇને અને પોતાનું કાંઇક રૂષ્ટમાન સ્વરૂપ બતાવીને તેને નિરૂત્તર કરી દીધો. પછી ભોજનાદિકને માટે ઘેર આવતા તે જારપુરૂષનો તેણીએ નિષેધ કર્યો.

પછી એક દિવસ વખત મેળવીને તેણીએ જે શ્રેષ્ઠ ભેંશ પોતાને ઘરે દૂઝતી હતી, તેને જારપુરૂષ પાસે લેવરાવીને કોઇ ગુપ્તસ્થાને સંતાડાવી દીધી. એટલે સિંહે ભેંશ ન દેખવાથી પૂછ્યું કેઃ—'પ્રિયે! ભેંશ કેમ દેખાતી નથી?' તે બોલી કેઃ—'હું કશું જાણતી નથી.' પછી તે વ્યતિકરથી દુઃખ પામતો તે ભેંશને સર્વત્ર શોધવા લાગ્યો. જ્યારે ક્યાંઇ પણ તેનો પત્તો ન મળ્યો, ત્યારે ઘેર આવી લાંબો નિસાસો નાખીને બોલ્યોઃ—'હે પ્રિયે! એવી કિંમતી ભેંશ ગુમાવી કે જેવી આ પૃથ્વીપર પણ બીજી નહીં હોય.' પછી તે સ્ત્રી બોલી કેઃ—'જેવી તમારી વડીલોપર ભક્તિ થઇ છે, તેવું તમને ફળ મળ્યું. હજી પણ વધારે ગુમાવશો.' આથી એકદમ તે ઉભો થઇ તેના પગ પકડીને બોલ્યો કેઃ—'જે તું કહે છે, તે બધું સત્ય છે. લોકોના કહેવાપરથી મેં વડીલોની અવજ્ઞા કરી તેનું ફળ મળ્યું; માટે હવે તેમને એવીરીતે આરાધ, કે જેથી તેઓ પુનઃ આપણાપર પ્રસન્ન થાય.' આ સાંભળી તે કુપિત થઈને બોલી કેઃ—'અરે! દુષ્ટ! હવે મારાથી દૂરજ રહે.' એમ કહી તે વારંવાર પોતાના પાદપ્રહારથી તેની નિર્ભંછના કરવા લાગી. એટલે તે અત્યંત ભયભીત થઇને તેના ચરણમાં પોતાનું મસ્તક રાખીને તેની પાસે પોતાના અપરાધની ક્ષમા માગવા લાગ્યો. આથી તે શાંત થઇને બોલી કેઃ—'હવે તે વડીલોનું આરાધન કરીશ કે, જેથી તેઓ પુનઃ તારાપર પ્રસાદ કરશે, પરંતુ હવે પછી તું પરઘરના પંડિતો જેવા લોકોનાં વચનો પર વિશ્વાસ કરીશ?' તે બોલ્યો કેઃ—'હે પ્રિયે! આ જન્મમાં હવે તેવું વિપરીત હું કદાપિ કરીશ નહિ. શું આટલેથીજ મને શિખામણ નથી મળી?' ઇત્યાદિ બોલતા તે મુગ્ધને તે કુલટાએ પોતાની બાબતમાં દૃઢ વિશ્વાસી કરી દીધો. પછી તેણે સારૂં બળિદાન કર્યું અને સુગંધી પુષ્પો લાવીને વડીલોની પૂજા કરી, સુગંધી ધૂપ કર્યો. પછી રાત્રિએ પ્રથમ પહોર વીતતાં પોતાના તે જારપુરૂષને બોલાવીને તેણે ભર્ત્તારને કહ્યું કેઃ—

"પિતૃસંબંધી તે પુરૂષ દ્વારે આવીને ઉભો છે.' એટલે તે બોલ્યો કે:—'જા. તે શું કહે છે તે સાંભળ, અને તેની સારી રીતે ભક્તિ કર. વધારે શું કહું? જેમ આપણું સારૂં થાય, તેમ તારે કરવું.' પછી તે જારપુરૂષની સાથે યથેષ્ટ સ્થાને ગઇ અને પ્રભાતે આવીને પ્રિયતમને કહેવા લાગી કે:—'ઘણી સારી વસ્તુઓ આપીને વડીલોને પ્રસન્ન કર્યા છે, માટે હવે ગમે ત્યાંથી ભેંશ તરત પાછી આવશે, અને વળી બીજું પણ તમારૂં સર્વ રીતે કુશળ કરશે.' પછી પ્રભાતે પ્રકાશ પ્રસરવા લાગ્યો, તેવામાં તો બરાડા પાડતી ભેંશ કયાંકથી આવીને દ્વાર આગળ ઉભી રહી. એટલે સિંહ બહુજ સંતુષ્ટ થયો અને તેને પોતાની પ્રિયા ઉપર સંપૂર્ણ વિશ્વાસ આવ્યો અને તે પ્રિયતમા ઉપર અત્યંત અનુરક્ત થઇ ગયો. તેણીએ માનતાનું નામ લઇને તેનું શિરોમુંડન વિગેરે પણ કરાવ્યું. આ પ્રમાણે વિષયરાગરૂપધારી રાગકેસરીએ તેને વશ કરી એવી રીતે વિડંબિત કર્યો કે તે દેવ, ગુરૂ વિગેરેનો પણ ત્યાગ કરીને પોતાની લલનામાંજ એક ચિત્ત લગાવીને રહ્યો.

એકદા કોઇએ તેને પૂછ્યું કે:—'અરે! તેં સમ્યગ્દર્શનની સેવા કરવાનો અભિગ્રહ લીધો છે, છતાં અત્યારે આમ કેમ?' એટલે સિંહ ઉદ્ધંઠપણે બોલ્યો કે:—

"सम्यग्दर्शनमेतस्याः, प्रियाया एव निश्चितम् ।
सम्यग्दर्शनोन्यस्तु, कोऽपि धूर्त्तप्रकल्पितः" ॥ १ ॥

"હે ભદ્ર! આ પ્રિયાના મુખારવિંદના દર્શન એજ ખરેખર! સમ્યગ્દર્શન છે. બીજું સમ્યગ્દર્શન તો કોઇ ધૂર્તોએ કલ્પિત કરેલું જણાય છે." આ પ્રમાણે બોલતા એવા તે સિંહમાં રાગકેસરીની અત્યંત વ્યાપ્તિ જોઇને પ્રથમની જેમ સમ્યગ્દર્શન ચાલ્યો ગયો. એટલે મિથ્યાદર્શને પ્રવેશ કર્યો. અનુક્રમે મરણે તેનો સંહાર કર્યો એટલે તે તેને

પૂર્વ પ્રમાણેજ એકેંદ્રિયાદિકમાં લઇ ગયો અને ત્યાં ઘણા કાળ સુધી તેને બાંધી રાખ્યો.

અન્યદા કર્મરાજાએ તેને પુન: મનુષ્ય ક્ષેત્રમાં જિનદાસશેઠને ઘેર પુત્રીપણે ઉત્પન્ન કર્યો. તેનું જિનશ્રી એવું નામ રાખવામાં આવ્યું. જિનદાસ શેઠનું સમગ્ર કુટુંબ સમ્યગ્દર્શન પામેલ હોવાથી જિનશ્રી પણ સમ્યક્ત્વ વાસિત થઇ તેને ભોગપુર નિવાસી વિમલ શેઠની સાથે પરણાવી. તે પણ શ્રાવક હોવાથી જિનશ્રી તેને ઘેર જૈન ધર્મ સારી રીતે પાળી શકતી હતી. દેવને વંદન કરતી, ગુરૂને નમસ્કાર કરતી અને તેમની પાસે ધર્મશ્રવણ કરતી હતી. અનુક્રમે તેને બે પુત્ર થયા અને ઘરનું નાયકપણું મળ્યું. પછી મોટા પુત્રને કોઇ સાર્થવાહની ધનશ્રી નામની પુત્રી સાથે પરણાવ્યો.

હવે દ્વેષગજેંદ્ર નામના પુત્રે મોહરાજાને વિજ્ઞપ્તિ કરી કે—"મારા વડીલ બંધુ રાગકેસરીએ આપના મનને સારીરીતે સંતોષ પમાડ્યો છે. હવે અત્યારે તો અનુક્રમે પ્રાપ્ત થયેલું આ કાર્ય મારે લઘુબંધુને કરવાનું છે." આ પ્રમાણે કહીને અને પિતાને નમસ્કાર કરીને તે અમર્ષને ધારણ કરતો જિનશ્રી પાસે ગયો. તેના સંનિધાનથી તેને ધનશ્રી વધૂ ઉપર દ્વેષભાવ ઉત્પન્ન થયો. એટલે તે દૃષ્ટિએ પડે તોપણ એને બળતરા ઉત્પન્ન થાય, મધુર વાક્ય તો તેની પાસે તે કદી બોલેજ નહિ, તેના ભોજનમાં મિષ્ટાન્ન વિગેરે કદી પણ તે આપે નહિ, વિના કારણે કર્કશ વચનો કહ્યા કરે, કોઇ વખત કડછી વિગેરેથી તેને માથામાં મારે પણ ખરી, તે જે જે કામ કરે તે બધાંમાં દૂષણોજ બતાવે, તેના હાથે કોઇ ભિક્ષુકમાત્રને પણ દાન અપાવે નહિ, આટલું છતાં વધૂ તેનો સર્વ પ્રકારે વિનય સાચવે અને કેવળ પરમ ભક્તિથી તેના પગ ધુએ, છતાં ઉલટી તેને તે પોતાની પાનીનો પ્રહાર કરીને નિર્ભર્ત્સના કરે, તે શરીર દાબવા આવે ત્યારે તેને તે બંને હાથવતી દૂર કરે. પિરસવાને માટે તે કદાચ પાસે બેસે કે ઉભી રહે તો પણ તે

તેનો તિરસ્કાર કરે, અને 'વહુની મુખત્યારીથી કંઇ પણ કામ ન થાય' એવા હેતુથી તે ક્ષણવાર પણ પોતાના ઘરનો ત્યાગ ન કરે. દેવવંદન, ગુરૂદર્શન અને ધર્મચિંતન કે શ્રવણ તે કદી પણ શાંતિથી કે મનોભાવનાથી ન કરે, પૂર્વે વહુથી ભાંગી ગયેલી ઢાંકણી વિગેરેનું સ્મરણ કરીને વગર અપરાધે અપરાધ ઉભો કરી બધા માણસોને તે કહેતી ફરે અને શુદ્ધસ્વભાવવાળી એવી વધૂપર વારંવાર આક્રોશ કરે. તેમજ નિરંતર દ્વેષરૂપ અગ્નિથી અંતરમાં બળતી ને બળતી રહે.

અનુક્રમે તેનું આ બધું સ્વરૂપ, શેષ પરિજન સહિત વિમલશ્રેષ્ઠીના અને સમસ્ત નગરના જાણવામાં આવ્યું. પછી જો કોઈ તેને કંઇ શિખામણ આપવા જાય, તો તેની ઉપર પણ તે અતિશય રોષ કરે. આ પ્રમાણે દ્વેષાગ્નિથી અત્યંત બળતી તેને જોઇને સમ્યગ્દર્શને તેનો સર્વથા ત્યાગ કર્યો, એટલે મિથ્યાદર્શન અને બીજા મોહસૈન્યે તેને નિ:શંક થઇને ઘેરી લીધો. એકદા તે બહુ દ્વેષમાં આવી ગઇ હતી. તે વખતે કોઇ મહર્દ્ધિક શેઠ વિમલશ્રેષ્ઠીની પાસે આવ્યો. તેના ઘરમાં બેઠેલા એવા તેણે મૌન રહેલી વધૂપર ગાઢ આક્રોશ કરતી જિનશ્રીને જોઇ. એટલે તેણે કહ્યું કે:—" હે મહાભાગે ! તું આમ વૃથા ખેદ શા માટે કરે છે ? કારણ કે:—

" सत्कं कस्य गृहमिदं, यास्यति सह केन चेयमपि लक्ष्मीः ।
कतिपयदिनपर्यंते, न त्वं न गृहं न चेयं श्रीः " ॥ १ ॥

" આ ઘર કોનું ? અને આ લક્ષ્મી પણ કોની સાથે જવાની છે ? કેટલાક દિવસ પછી તું પણ નહીં રહે, આ ગૃહ નહિ રહે અને આ લક્ષ્મી પણ નહિ રહે. " આ તારી વધૂ બિચારી સારા સ્વભાવવાળી જણાય છે, તો એને નિરર્થક સંતાપ શા માટે કરે છે ? વળી કાલે આ ઘર વિગેરે બધું તેને આધીનજ થવાનું છે." આ પ્રમાણે બહુ રીતે સમજાવીને તે ગયો. તેના પર પણ તે મહા ક્રોધમાં તો

આવી ગઇ, પણ તેની સાથે તો કંઇ ચાલ્યું નહિ. એટલે તેનો રોષ વહુ ઉપર ઉતારીને 'અરે! કપટી! દુષ્ટે! તું કાંઇ સંકેત કરીને મારી પાસે આ શિખામણ આપનારને લઇ આવી!' એમ આક્ષેપપૂર્વક કહેતી શાક સમારવાની એક તીક્ષ્ણ છરી પાસે પડી હતી તે લઇને તે બિચારી વધૂ ઉપર દોડી અને તેને નીચે પાડીને તેનો ઘાત કરવાની ઇચ્છાથી તેની છાતી ઉપર ચડી બેઠી. આથી બધા પરિજનો હાહારવ કરતા દોડ્યા. એટલે તે તેમનાપર પણ પ્રહાર કરવા તૂટી પડી, તેથી પરિજનોએ પણ પાની, પત્થર અને લાકડી વિગેરેથી તેને એટલે સુધી મારી કે, તે તરતજ મરણ પામી. આ અનુચિત બનાવ જોઇને વિમલશ્રેષ્ઠીએ સકુટુંબ દીક્ષા લીધી. જિનશ્રીનો જીવ ત્યાંથી નરકમાં જઇને પુનઃ એકેંદ્રિયાદિકમાં અત્યંત દુઃખિત થઇને અનંતકાળ સુધી ભમ્યો.

એકદા તે સંસારી જીવ મનુષ્યક્ષેત્રમાં જ્વલનશિખ નામે શ્રીમાન્ બ્રાહ્મણ થયો. ત્યાં પણ સાધુ અને શ્રાવકના સંસર્ગથી તેને કોઈ રીતે સમ્યક્ત્વનો લાભ થયો, અને તેણે ઘણા દિવસ જિનધર્મ પાળ્યો. અન્યદા મોહરાજાએ તેની સમીપે નિર્ધનતાને મોકલી, તેની સાથે તેની સહચારિણી દરિદ્રતા પણ આવી. તે બંનેએ જ્વલનશિખને અત્યંત ઘેરી લીધો, તેથી તે બિચારો નિર્ધન ને દરિદ્રી થઇ જવાથી કોઈ ગામડામાં જઇને રહ્યો. ત્યાં આજીવિકાનું અન્ય સાધન ન હોવાથી તે હળ ખેડવા લાગ્યો.

હવે અનંતાનુબંધી ક્રોધ–જેનું બીજું નામ વૈશ્વાનર છે, તે દ્વેષગજેંદ્રના જ્યેષ્ઠપુત્રે દ્વેષગજેંદ્રને વિજ્ઞપ્તિ કરી કેઃ–" હે તાત! હું પહેલાં પણ જ્વલનશિખ પાસે હતો. કેવળ ત્યાં વચમાં સમ્યગ્દર્શન શત્રુ આવીને રહ્યો અને તેણે અમને દૂર કરી દીધા. હવે અત્યારે ત્યાં જવાનો અવસર છે. માટે તમે વિશ્રાંતિ લ્યો અને મને આજ્ઞા કરો કે જેથી હું પણ મારૂં બળ બતાવું, અને આપના પ્રસા-

દથી આપણા વૈરી સમ્યગ્દર્શનને ત્યાંથી કહાડી મૂકું." આથી પિતાએ રજા આપી એટલે તે અનંતાનુબંધી ક્રોધ જ્વલનશિખ પાસે ગયો. તેના સંનિધાનથી યથાર્થ નામવાળો થયેલો તે વારંવાર ક્રોધથી બળતો સતો પોતાની ભાર્યાને તાડન કરતો અને કોઇ તેને છોડાવવા આવે તોપણ મૂકતો નહિ, બાળકોને પણ અયોગ્યરીતે મારતો અને બાંધતો, પિતાની પણ પરવા ન કરતો, માતાને પણ ગણકારતો નહિ, બાંધવોનો વિચાર પણ ન કરતો, શિષ્ટજનોને તો જોતો પણ નહિ, ગુરૂ કે વૃધ્ધોનો પણ વિચાર ન કરતો, સર્વની સાથે વિના કારણ કોપજ કરતો. આ પ્રમાણે એક વૈશ્વાનરરૂપ થયેલો, ભ્રકુટી ચડાવીને પગ, મસ્તક અને શરીરને તામ્રરૂપ કરતો, ઉગતા સૂર્યના જેવા રક્ત નેત્ર કરતો, છિન્નપર્ણની જેમ કંપતો અને પરસેવાના બિંદુઓ પાડતો એવો તે યોગ્યાયોગ્ય કથનના ભાન વિનાજ જેમ તેમ બકયા કરતો હતો. આવી પ્રચંડતાથી તે સર્વત્ર કર્પરક એવા નામથી પ્રસિદ્ધ થયો.

એકદા નીચ કુલોચિત કૃત્ય કરનાર એવો તે ચણાના ખેતરમાં હળ ખેડતો હતો, હળ સાથે એક ગળિયો બળદ જોડ્યો હતો, તે તરૂણ અને પુષ્ટ છતાં પણ ચાલતો નહી એટલે તીવ્ર ક્રોધમાં આવીને તે વિપ્ર તેને ચાબુક અને લાકડીવતી ખૂબ મારતો, છતાં પણ તે ન ચાલે ત્યારે પછ-વાડેની બંને જંઘામાં, ખુરના પૃષ્ટ ભાગમાં, પાસેના બંને ઉદર ભાગમાં, આગળના બાહુપ્રદેશમાં, સ્કંધમાં અને ગ્રીવા (ડોક) માં તે દોરડી અને ચાબુકવતી સખ્ત માર મારતો હતો. આથી તે બિચારો ગળીયો બળદ જીભ બહાર કહાડીને નીચે બેસી ગયો. એટલે તે અત્યંત ક્રોધમાં આવી ગયો, અને તેની જીભ બાંધીને પૂછડું મર-ડવા લાગ્યો, તથા અતિ સ્થૂલ એવા માટીના ઢેફાવતી તેને એટલેસુધી માર્યો કે, તે મહા પુષ્ટ છતાં તરતજ પ્રાણ રહિત થઈ ગયો. આટલું કર્યા છતાં પણ તે વિપ્રનો કોપાગ્નિ શાંત ન થયો, તે તો અધિક અધિક જાજ્વલ્યમાનજ થતો ગયો. છેવટે તે અત્યંત ક્રોધથી અંધ બની ગયો.

એવામાં તેનું હૃદય અત્યંત ક્રોધાવેશથી એકાએક અંધ થઈ જવાને લીધે તે હરી પ્રાણથી મુક્ત થઈ ગયો, અર્થાત્ મરણ પામ્યો. પછી મિથ્યાદર્શન વિગેરે મોહસૈન્યે તેને પકડીને ઘોર નરકમાં નાખી દીધો, અને મહાદુ:ખથી પીડિત કરી તેને ઘણા કાળસુધી સંસારમાં ભમાવ્યો.

એકદા કર્મરાજાએ સમ્યગ્દૃષ્ટિ ધનંજય નામના મહારાજાની સમગ્ર અંત:પુરમાં પ્રધાન એવી રૂક્મિણી નામની પરમ શ્રાવિકા (રાણીની) કુક્ષિએ તેને કુબેરનામે પુત્રપણે ઉત્પન્ન કર્યો. ત્યાં પણ શ્રાવક કુળમાં ઉત્પન્ન થયેલ હોવાથી તેને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ (સંગતિ) થઈ. બુદ્ધિના બળથી તે થોડા સમયમાં અનેક કળાઓ શીખ્યો, અને સમગ્ર કામિનીઓને ઇષ્ટ એવું ભરયૌવન પામ્યો.

હવે વિષમપલ્લીવાળા વનમાં રહેનારો અને ધનંજય રાજાના પૂર્વજોથી પણ નહિ સધાયેલો એવો વ્યાઘ્ર નામનો પલ્લીપતિ હતો. તે સર્વદા દુર્ગાદેવીના પ્રસાદથી (દુર્ગ-કિલ્લાના અવષ્ટંભ આધાર) થી ધનંજય રાજાના સમગ્ર દેશોને લૂંટતો હતો. તે અવસરે તેણે તેના કોઈક દેશમાં બહુ ઉપદ્રવ કર્યો, તેથી કુબેરકુમારે તેનાપર ચડાઈ કરી. તેણે દૈવયોગે તેને પકડયો, અને તેનો કિલ્લો પોતાને તાબે કર્યો. તેથી રાજકુમારનાં ગીતગાન થવા લાગ્યા, ઘર ઘર તેના પાઠ પઢાવા લાગ્યા, બંદિજનો તેની સ્તુતિ કરવા લાગ્યા. આથી અવસર મેળવીને વૈશ્વાનરનો સહોદર અને જેનું બીજું નામ શૈલરાજ છે એવો અનંતાનુબંધી માન નામનો દ્વેષગજેંદ્રનો બીજો પુત્ર પિતાની રજા લઇને તેની પાસે આવી પહોંચ્યો. તેના સંનિધાનથી તેનું હૃદય ઉદ્ધત બન્યું, નેત્રો ઉંચે ચડી ગયાં, શરીર અક્કડ થયું, પોતાના શૌર્યસંમદના ઉત્કર્ષથી તે ભૂમંડલમાં પણ સમાઇ શકતો નહિ, ત્રણ ભુવનમાં પણ તે સમાતો નહિ અને બધા લોક સમક્ષ તે બોલતો કે:—“ અમારા પૂર્વજોએ તો એક રાંડીરાંડની જેમ રાજ્ય કર્યું છે, જેઓ આ બિચારા પલ્લીપતિને પણ સાધી શકયા નહોતા. વળી આ મારા પિતા ધનંજય તે વણિક્

જેવાજ છે. જો મારો જન્મ એમને ઘેર ન થયો હોત તો આટલા દિવસમાં આ મહાચરટે એમને તો બાંધીજ લીધા હોત." આ પ્રમાણેના તેના વચનો સાંભળી તેને ફોલી ખાનારા અને સ્વચ્છંદચારી એવા તેના મિત્રો તેની પાસે આવીને કહેવા લાગ્યા કે:—" કુમારશ્રી જે કહે છે તે બરાબર છે. આ કુમાર તો દેવતાઓને પણ અગમ્ય છે, આ કુમાર શિવાય બીજો કોઇ એ ચરટને પકડવા સમર્થજ નથી. નહિ તો આટલા દિવસસુધી કોઇએ પણ એની સન્મુખ જવાનું સાહસ પણ કેમ ન કર્યું ?" ઇત્યાદિ વચનોથી તેઓએ તેને ખુબ ચડાવ્યો, એટલે તે અત્યંત અક્કડ બની ગયો.

પછી તે પોતાના સ્થાનપરથી પિતાને પ્રણામ કરવા જતો નહિ, પિતાની સાથે વાત માત્ર પણ કરતો નહિ, માતાને પણ પ્રણામ કરતો નહિ, દેવને પણ નમતો નહિ, ગુરૂને વંદન પણ કરતો નહિ, વૃદ્ધોને સન્માન પણ આપતો નહિ, પાસે રહેનારા વિદ્વાનોને બોલાવતો પણ નહિ, કેવળ પ્રવર શૃંગાર સજી મોટા સિંહાસન પર આરૂઢ થઇ તાંબૂલથી ગાલ પૂરીને સ્ખલિત ભાષાથી કંઇ કંઇ બોલતો અને એક આંખ કાણી કરીને તથા એક આંખને વાંકી કરીને અશેષ ત્રણે ભુવનને તૃણખલા સમાન ગણતો અને પોતાના રહેવાના મહેલમાંજ ખુશામતીયા દુષ્ટજનોથી પરિવેષ્ટિત થઇને રહેતો હતો.

હવે એક દિવસ રાજાએ કંઇક શિખામણ દઇને પ્રથમ મંત્રીઓને તેની પાસે મોકલ્યા. તેઓએ જઇને કહ્યું કે:—" હે કુમાર ! પિતાજી આપને કહેવરાવે છે કે "ઘણા દિવસો થયા અમે તને મળવાને ઉત્કંઠિત થયા છીએ, માટે અહીં આવો અને અમારી સાથે મધુર વાર્તાલાપ કરો." આથી તેણે નાકનો અગ્રભાગ મરડીને આડી નજર કરી અવજ્ઞાપૂર્વક કહ્યું કે:—" ત્યાં શું પ્રયોજન છે ! શું બીજા કોઇએ તેમને સંકટમાં નાખ્યા છે ? જો એમ હોય તો વાત કરો, કે જેથી તેમને બાધા કરનાર ઇંદ્રને પણ બાંધીને તેમની પાસે મોકલી દઉં. પરંતુ

અમે કોઇની પાસે પણ જતા નથી. જો અહીં અમારી પાસે પણ કોઇ નહિ આવે, તો અમારે કોઈનું પણ પ્રયોજન નથી. એવો કોણ સમર્થ છે? શું કોઇ કાંઈ પણ કરી શકે છે?" આ પ્રમાણે સાંભળી મંત્રીઓએ કહ્યું કે:—"હે કુમાર! પોતાના શૌર્યની કથામાત્રથી રિપુસમૂહનો ઉચ્છેદ કરનાર અને વડીલોની ભક્તિ કરનાર એવો તમારા જેવો પુત્ર હોય, ત્યાંસુધી રાજાને બાધા કરનાર કોઇ છેજ નહિ, પરંતુ આમ આપ જેવાને કહેવું યોગ્ય નથી કે 'હું પિતાની પાસે પણ આવતો નથી.' કહ્યું છે કે—

"शौर्यं सौंदर्यं वा, विद्या लक्ष्मीर्वचस्वितान्यो वा।
शोभां न वहति गुणो, विनयालंकारपरिहीनः" ॥ १ ॥

'શૌર્ય, સૌંદર્ય, વિદ્યા, લક્ષ્મી, પાંડિત્ય કે અન્ય કોઇ ગુણ જો વિનયરૂપ અલંકારરહિત હોય તો તે શોભા પામતો નથી. તેમજ વળી:—

"त्यागो गुणो गुणशताधिको मतो मे,
विद्या विभूषयति तं यदि किं ब्रवीमि?
पर्याप्तमस्ति यदि शौर्यमपीह किंतु,
यद्यस्ति तेषु विनयः स गुणाधिराजः" ॥ १ ॥

"સો ગુણથી દાનગુણ અધિક છે એમ હું માનું છું, તેને પણ જો વિદ્યા વિભૂષિત કરે તો પછી કહેવુંજ શું? અને તેમાં પણ જો શૌર્ય હોય તો તો ઘણુંજ સારૂં, પરંતુ તે બધા ગુણો સાથે જો વિનય હોય તો તે અત્યંત શ્રેષ્ઠ, કેમકે તે ગુણાધિરાજ ગણાય છે." વળી તમોએ પણ શાસ્ત્રમાં સાંભળ્યું છે કે:—

"दुःप्रतिकारौ मातापितरौ स्वामी गुरुश्च लोकेऽस्मिन्।
तत्र गुरुरिहामुत्र च, सुदुःकरतरप्रतिकारः" ॥ १ ॥

"માતા, પિતા, સ્વામી, અને ગુરૂ વિગેરે વડીલોના ઉપકારનો બદલો આ લોકમાં કોઇ રીતે વળી શકતો નથી. તેમાં પણ ગુરૂના ઉપકારનો બદલો તો આ લોક કે પરલોકમાં પણ વાળવો મુશ્કેલ છે." આ પ્રમાણે કહીને તેઓ હજી આગળ પણ કહેવા જતા હતા, તેટલામાં શૈલરાજ (માન) ની પ્રેરણાથી કુબેરકુમાર બોલ્યો કે:—"અરે દુર્વિંગ્ધો! સ્વયમેવ ત્રૈલોક્યના સકલ તત્ત્વને જાણનાર એવા મને પણ શિક્ષા આપનાર તમે કોણ? માટે જાઓ, તમારા બાપનેજ આ પ્રમાણે શિખામણ આપો." આ પ્રમાણે કહીને તેણે તેમને ગળાવડે પકડીને દ્વાર સુધી કહાડી મૂકયા. પછી તેમણે જઇને તે બધી હકીકત રાજાને નિવેદન કરી. એટલે રાજાએ વિચાર કર્યો કે:—"અહો! મારા પુત્રને શૈલરાજે (માને) ગાઢ રીતે ઘેરી લીધો છે, માટે રાજ્યનો ત્યાગ કરી દઉં. એવા રાજ્યથી પણ શું, કે જ્યાં મોહ મહાશત્રુના સૈન્યથી આવી રીતે પ્રાણીઓ વિડંબના પામે છે." આ પ્રમાણે વિચાર કરીને તેણે કુબેરકુમારનો રાજ્યાભિષેક કરવા તૈયારી કરાવી, પરંતુ એ વાત કોઈની પાસે પણ તેણે કહી નહિ.

પછી એક દિવસ રાજાએ તેને બોલાવવા માટે નગરના મોટા મોટા ગૃહસ્થોને મોકલ્યા. તેઓએ જઇ પ્રણામ કરીને કહ્યું કે:—"હે કુમાર! કંઈક મોટું કામ છે, માટે એક ક્ષણભર રાજાજીની પાસે આવી જાઓ." શૈલરાજની પ્રેરણાથી તેમનું પણ તેણે અપમાન કર્યું. મંત્રીઓ ગયા, તેઓ પણ વિલક્ષ થઇને પાછા વળ્યા. પછી રાજાએ સામંતોને મોકલ્યા અને ત્યારપછી માંડલિક (ખંડણી ભરનારા) ને મોકલ્યા, તેમનું પણ તેણે પૂર્વ પ્રમાણેજ અપમાન કર્યું. પછી તેની માતાને મોકલી, એટલે તેની પણ તેણે અવજ્ઞાપૂર્વક નિર્ભર્ત્સના કરી, પરંતુ પુત્રપરના સ્નેહથી પ્રેરાઇને તે ઘણી દિલગીર છતાં તેને પગે લાગીને મહાકષ્ટથી કોઇ પણ રીતે રાજા પાસે લઇ આવી. રાજાએ તેને બેસવાને મોટું સિંહાસન આપ્યું, ત્યાં ઉંચે મુખ કરીને

એક ભ્રકુટી માત્ર પણ નમાવ્યા શિવાય તે બેઠા. પછી રાજાએ કહ્યું કે:—" હે વત્સ ! તારા શૌર્યગુણને સાંભળીને રંજિત થયેલા રાજાઓએ તને પોતપોતાની કન્યાઓ આપવા ઘણા દેશોમાંથી આ દૂતો મોકલ્યા છે, તેમનું પાણિગ્રહણ કરીને તેમના મનોરથ સફળ કર. તથા આ રાજ્યને અંગીકાર કર, કે જેથી તારો મહારાજ્યાભિષેક કરીએ. અમે ચિરકાળ ભોગ ભોગવ્યા, માટે હવે તો અમે પૂર્વજોના માર્ગને અનુસરશું અને સંસારસાગરથી પાર ઉતારવાવાળી મહાનૌકા સમાન એવી જૈની દિક્ષાનો આશ્રય કરશું." આ પ્રમાણે સાંભળવા સાથે શૈલરાજે તેના કાનમાં એક ગાઢતર મંત્ર આપી દીધો, તેથી ભંભેરાઈને તે ભ્રકુટી ઉંચે ચડાવીને બોલ્યો કે:—" શું આટલાજ માત્ર પ્રયોજનને માટે આવા મોટા આગ્રહથી મને અહીં બોલાવ્યો ? પરંતુ આ દિવસ કે રજનીનો પ્રલય કેમ નથી થતો ? કે અમે પણ બીજાનું આપેલું રાજ્ય ગ્રહણ કરીએ." ઇત્યાદિ આક્ષેપ સહિત બોલીને અને પોતાના પગની પાનીના પ્રહારથી આસનપર આઘાત કરીને તે ઉઠ્યો. ત્યાંથી બહાર નીકળતાંજ 'આ તદ્દન નાલાયક છે' એમ ધારીને સમ્યગ્દર્શને તેની સર્વથા ઉપેક્ષા કરી દીધી. પછી મિથ્યાત્વ અને શૈલરાજાદિ મોહસૈન્ય જેની સાથે છે એવો તે નગરની બહાર નીકળી મહા અટવીમાં આવી પહોંચ્યો. પછી રાજાએ નીલ નામના તેના લઘુ બંધુને રાજ્યભાર આપીને દીક્ષા ગ્રહણ કરી અને થોડા વખતમાં મોક્ષપદ પ્રાપ્ત કર્યું.

હવે મહા અટવીમાં ફરતાં કુબેરકુમારને પલ્લીપતિ સાથેના સંગ્રામ વખતે પલાયન કરી ગયેલા અને અટવીમાં ભટકતા વ્યાઘ્રપલ્લીપતિના ચિત્રક નામના પુત્રે જોયો. એટલે પિતા સંબંધી વૈરથી તે બંનેની વચ્ચે મહા યુદ્ધ ચાલ્યું. ચિત્રકે રૌદ્રધ્યાનને વશ થયેલા કુમારને મારી નાખ્યો અને તેણે પણ તેને મારી નાખ્યો. પછી કુબેર મ-

રીને મહા નરકમાં ગયો. ત્યાંથી પુનઃ મત્સ્યાદિકમાં આવ્યો અને ત્યાં બહુ કાળ સુધી અત્યંત દુખિત થઇને બંધાઇ રહ્યો.

અન્યદા કર્મપરિણામ રાજા તેને મહાપુર નામના નગરમાં લઇ આવ્યો, અને ત્યાં પરમ શ્રાવક અને યથાર્થ નામધારી એવા ધનાઢ્યશ્રેષ્ઠીને ઘેર પુત્રપણે ઉત્પન્ન કર્યો. તેનું પદ્મ એવું નામ રાખવામાં આવ્યું. ત્યાં બાલ્યાવસ્થાથીજ રાગકેસરીની પુત્રી જેનું બીજું નામ બહુલિકા છે તે અનંતાનુબંધી માયાએ તેને ઘેરી લીધો. એટલે તેના ઉદયથી નાના બાળકો સાથે ક્રીડા કરતાં પણ ઠગીને તેમની પાસેથી ખાવા વિગેરેનું લઇ લેવા લાગ્યો. માયાની પ્રધાનતા હોવાથી તે પોતામાં ભલાપણાનું સ્થાપન કરતો અને વચન રચનાથી તે લોકોનું રંજન કરતો હતો. કંઇક મોટો થતાં તે માતાને ઠગવા લાગ્યો, તેમજ તે પિતા પર દ્રોહ કરતો, બંધુઓને પણ ઠગતો, બ્હેનોને ભોળવતો, પરિજનને પણ વિભ્રમમાં નાખતો, કળાઓ શીખતાં ઉપાધ્યાયની પણ વંચના કરતો અને સાથે ભણનારાઓને પણ બાંધી લેતો હતો. ગૃહદેવાલયમાં કે ચૈત્યમાં તેની માતા વિગેરે તેને લઇ જતા, ત્યારે દેવને ઉદ્દામ સ્તુતિથી સ્તવતો, અને લાગ જોઇને ત્યાં ચડાવેલ મોદકાદિક પણ ખાઇ જતો, ઘંટડી વિગેરે ચોરીને પોતાની કાખમાં છુપી રીતે લઇ લેતો અને માર મારતાં પણ પોતાનો અપરાધ કબૂલ કરતો નહિ, અનેક યુક્તિઓથી અપરાધને છુપાવી દેતો, કોઇની સાથે પણ સદ્ભાવથી વર્ત્તતો નહિ, પોતાનો અભિપ્રાય પિતાને પણ જણાવતો નહિ અને માતા પિતાની સાથે પણ કદી સાચું બોલતો નહોતો. આ પ્રમાણે બહુલિકા ( માયા ) સાથે વૃદ્ધિ પામતો એવો તે સ્વજન કે પરજનને પ્રાયઃ ઠગ્યા વિના કોઇને મૂકતો નહોતો. આથી અત્યંત ઉદ્વેગ પામેલા એવા પિતા વિગેરે તેને સદ્ગુરૂ પાસે લઇ ગયા, અને તેમને નિવેદન કર્યું કેઃ—" હે ભગવન્! અમારા ઘરમાં, ગોત્રમાં કે કુળમાં આવો બહુલી ( માયા ) પ્રધાન કદી કોઈ ચાકર પણ નથી.

માટે હે પ્રભો ! કૃપા કરીને આપ એવી યુક્તિ કરો કે જેથી અમારા કુળને કલંકિત કરનારી એવી માયાનો આ ત્યાગ કરે અને જિન ધર્મમાં પ્રવર્ત્તે." પછી ધર્મકથા કરવામાં નિપુણ અને કરૂણાપ્રધાન એવા ગુરૂ બોલ્યા કે:—

" मायाशीलः पुरुषो, यद्यपि न करोति कंचिदपराधम्।
सर्प इवाविश्वास्यो, भवतीह यथात्मदोषहतः " ॥१॥

"માયાવી પુરૂષ જો કંઇપણ અપરાધ ન કરે, તથાપિ તે પોતાના દોષથી દૂષિત થયેલ સર્પની જેમ જગતમાં અવિશ્વાસ્ય બને છે." તેમજ વળી માયા કરનાર જીવો હીનકુળમાં ઉત્પન્ન થયેલી સ્ત્રીઓથી જન્મ પામે છે અને તેઓ નરકમાં અનંતીવાર દુ:ખોનો અનુભવ કરે છે." ઇત્યાદિ ધર્મદેશના ગુરૂમહારાજે એવી રીતે આપી કે જેથી કર્મપરિણામની અનુકૂલતાથી તેની માયા કેટલોક વખત સુધી મંદ થઇ ગઇ. કેટલોક વખત સુધી મિથ્યાદર્શન છૂપાઇ ગયો, સમ્યગ્દર્શન પ્રગટ થયો અને ઘણા દિવસો સુધી તે તેની સેવા કરતો રહ્યો.

હવે એકદા વિશ્વાસ આવવાથી પિતાએ તેને પોતાની પાસે સુવર્ણના હાટે બેસાર્યો. એક દિવસ દુકાન તેને સોંપીને ધનાઢ્ય શેઠ ભોજન કરવા ગયો. એવામાં અશ્વ ચલાવતા રાજાના હાથમાંની મહા મુદ્રિકાનું રત્ન જમીનપર પડી ગયું. ભૂમિપર પડેલું તે રત્ન કોઇકના હાથમાં આવ્યું, એટલે તે રત્ન લઇને પદ્મ પાસે આવ્યો. 'આ રત્ન રાજાનું છે' એમ જાણતાં છતાં પોતાનો લાગ જોઇને પૂર્વે સારી રીતે પ્રસંગમાં આવેલી એવી બહુલિકા (માયા) એ પ્રેરણા કરી કે:— 'મારા બળથી આ રત્ન તું લઇ લે, પછી વખત આવતાં વેચી નાખજે.' આ પ્રમાણે તેનું વચન તેણે મનમાં ધારણ કર્યું, એટલે તરતજ તેની પાછળ મિથ્યાદર્શન વિગેરે મોહસૈન્ય આવ્યું, તેથી

સમ્યગ્દર્શન પૂર્વની જેમ અદૃશ્ય થઇ ગયો. પછી તેણે તે મુદ્રારત્ન બહુ કિંમતી છતાં સ્વલ્પ મૂલ્યમાં લઇ લીધું. અને પોતાના પિતાને પણ તેણે તે વાત કહી નહિ. તે છૂપાવીને બીજેજ ઠેકાણે મૂકી દીધું. એવામાં રાજાએ પટહ વગડાવ્યો કે:—" મારૂં મુદ્રારત્ન જો અત્યારે કોઇ આપી દેશે, તો તે નિર્દોષ ઠરશે, અને આવો મારો હુકમ છતાં જો કોઇ નહીં આપે, તો પછી પોતાના પ્રાણો સાથે તેને મુદ્રારત્ન આપવું પડશે." આ પ્રમાણે સાંભળીને સમગ્ર નગર ભયભીત થઇ ગયું. આ વાતની ધનાઢ્ય શ્રેષ્ઠીને નજીકના કોઇ દુકાનદાર પાસેથી ખબર મળી. તેથી તેણે એકાંતે લઇ જઇને પોતાના પુત્રને પૂછ્યું. પણ તેણે તો બહુલી (માયા) ના પ્રાધાન્યથી કાને હાથ દઇને કહ્યું કે:—"અરે! એ પાપજ શાંત થાઓ! શું આવું મહાસાહસ કોઇપણ કરે?" પછી તેજ રીતે તેની માતાએ તેને પૂછ્યું, પછી પાડોશી વણિકોએ અને છેવટે નગરના સમસ્ત શિષ્ટજનોએ પણ તેને પૂછ્યું, પરંતુ ચિરકાળથી ઉત્પન્ન થઇને દૃઢ થયેલ એવા અતિનિબિડ મહાવાંસના મૂળની જેવા અંતરને કોઈપણ ભેદી શકયું નહીં.

પછી એક દિવસે રાજાના માણિકય (ઝવેરાત) ના ભંડારીએ પોતાના અંગતજનને દૂર દેશથી આવેલ મહર્દ્ધિક વેપારીનું રૂપ આપીને પદ્મ પાસે મોકલ્યો. તેણે એકાંતમાં બોલાવીને પદ્મને કહ્યું કે:—"સિંહલદ્વિપના રાજાએ મહામૂલ્યવાળું એક મુદ્રારત્ન લેવા મને મોકલ્યો છે, માટે જો તે તમારી પાસે હોય તો દેખાડો, કે જેથી તેનું જે મૂલ્ય તમે માગશો, તે કરતાં પણ વધારે મૂલ્ય તમને અપાવશું." આ પ્રમાણે સાંભળીને પદ્મે વિચાર કર્યો કે:—'આને જે અપાશે, તે બધું દેશાંતરેજ જવાનું, તેથી તેની શુદ્ધિમાત્ર પણ કોઇના જાણવામાં આવશે નહિ." આ પ્રમાણે વિચારીને તેણે તે મુદ્રારત્ન લાવીને તેને બતાવ્યું. એવામાં સંકેત પ્રમાણે ત્યાં રાજપુરૂષો આવી પહોંચ્યા

અને તેઓ મુદ્રારત્ન સહિત તેને પકડીને રાજમંદિરમાં લઈ ગયા. ત્યાં પોતાનું મુદ્રારત્ન ઓળખ્યું એટલે બહુ વિડંબનાપૂર્વક તેના પ્રાણ લેવાવડે નિગ્રહ કર્યો અર્થાત્ મારી નખાવ્યો. ત્યાંથી મરણ પામીને તે બહુ રોગોથી જુગુપ્સિત એવા કુતરાના અવતારને પામ્યો, અને પછી અતિ દુ:ખિત થઇને ઘણો કાળ સંસારમાં ભમ્યો.

અન્યદા કર્મપરિણામરાજા તેને જયપુર નામના નગરમાં લઇ આવ્યો અને ત્યાં શ્રાવકકુળમાં ધનદત્ત વણિકને ઘેર પુત્રપણે ઉત્પન્ન કર્યો. તેનું સોમદત્ત એવું નામ રાખવામાં આવ્યું. શ્રાવકકુળમાં ઉત્પન્ન થયેલ હોવાથીજ તેને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઇ. ત્યાં નિર્ધન હોવાથી માથે ઉપાડી તેલ, લવણ વિગેરેની તે ફેરી કરતો હતો. પછી કાંઇક દ્રવ્ય એકઠું થયું, એટલે તેણે દાણાની દુકાન માંડી અને તેમાં કંઇક વધારે ધન પેદા કર્યું. એવામાં અવસર જાણીને રાગકેસરીએ તેની પાસે જેનું બીજું નામ સાગર છે એવા બહુલિકાના લઘુભ્રાતા અનંતાનુબંધી લોભ નામના પોતાના પુત્રને મોકલ્યો. તેના ઉપદેશથી સોમદત્તને ધન કમાવાની ઈચ્છા બહુજ વધી પડી. ઉપરાઉપરી વેપાર કરતાં તે સહસ્રપતિ થયો અને લાખો કલેશ સહન કરીને તે લક્ષાધિપતિ થયો, તથા અનેકવાર કરોડો દુ:ખો સહન કરીને તે કોટિધ્વજ પણ થયો. આ પ્રમાણે જેમ જેમ તેને મળતું ગયું, તેમ તેમ સાગર (લોભ) ની પણ સ્પર્ધા વધતી ગઇ. પછી લોભમાં અત્યંત પ્રેરાયેલો એવો તે દેવનો અવજ્ઞાપૂર્વક આક્ષેપ કરતો અને કહેતો કે 'તેમની પાસે અત્યંત યાચના કરતાં અને આરાધના કરતાં છતાં એ દેવો કોઇને એક રૂપીયો પણ આપતા નથી.' એ રીતે ગુરૂપર પણ દ્વેષ કરતો અને તેમના ઉપદેશને વિઘ્નરૂપ માનતો, ધર્મકૃત્યમાં અનાદર કરતો અને પાપમાં તત્પર રહેતો, તેથી સમ્યગ્દર્શને નિ:શંકપણે તેનો ત્યાગ કર્યો, એટલે મિથ્યાદર્શન વિગેરે મોહસૈન્યે તેને ઘેરી લીધો. પછી પુન: દ્રવ્ય પેદા કરવા તેણે ઘણા પ્રયત્નો શરૂ કર્યા. પ્રતિદિન કલેશ

અને અસંતોષની સાથે તેનું ધન એટલેસુધી વધી ગયું કે, કરોડો રત્નો તેણે ઉપાર્જન (ભેગા) કરી લીધાં. એટલે તે એક મહાન્ શ્રેષ્ઠીની સંપત્તિને પામ્યો, તથાપિ ઉપાર્જિતની પરિપાલનાની ચિંતાથી અને અનુપાર્જિતનું ઉપાર્જન કરવાની મહાકાંક્ષાથી તે રાત્રિએ બરાબર ઉંઘતો પણ નહિ, દિવસે સુખે ભોજન પણ કરતો નહીં, નિરંતર ધનની લેવડદેવડના ખાતાં જોયા કરતો, એક કોડીને માટે પિતાને પણ ઉદ્વેગ પમાડતો, ધનના વ્યયની શંકાથી માતાનો પણ ત્યાગ કરી દેતો, તલ કે તુષનો ત્રીજો ભાગ માત્ર પણ કોઈ યાચકને આપતો નહિ, કુટુંબને પણ બહુવાર માગણી કરતાં પોતાની નજરે જોઈને, ગણીને તોળીને મહાકષ્ટે ખાવાનું આપતો, પોતે પણ બહુ જુનું ધાન્ય ખાતો, નવા ધાન્યને આવતા વર્ષને માટે સંઘરી રાખતો, કોઇનો પણ વિશ્વાસ કરતો નહિ અને કોઇને આપવાનું હોય, તે પણ તે પોતાને હાથેજ આપતો હતો.

એકદા તેના મામાના પુત્ર (ભાઈ) ને કોઇ કારણસર કોટિરત્નો આપ્યા હતા, તેનું લેખું કરતાં એક કોડીના પાંચ બોડકા (દ્રવ્ય વિશેષ) કોઇ રીતે પૂરા ન થયા, તેને માટે સાત અહોરાત્ર ઉજાગરો કરીને તેણે લેખું કરાવ્યું. તેથી તે બિચારો વિસૂચિકા (અજીર્ણ) નો રોગ થવાથી મરણ પામ્યો. ત્યારથી તે કરચંડ, મહાકંથક, દગ્ધહસ્ત એવા નામથી લોકોમાં પ્રસિદ્ધ થયો. એટલે લોકો આપતાં છતાં પણ તેના ધનને હાથથી પણ સર્વથા સ્પર્શ કરતું નહિ. એકદા તેણે સાંભળ્યું કે—'નગરની પાસેની મહાઅટવીમાં મહામૂલ્યવાળું એક ખદિરવૃક્ષનું કાષ્ઠ પડેલું છે. પછી 'આ લાભનો શા માટે ત્યાગ કરવો?' એ પ્રમાણે સાગર (લોભ) થી પ્રેરિત થઇને પિતા વિગેરે પરિજનોની મનાઇ છતાં કેવલ સાગર (લોભ) થી ઉત્સાહિત થઇને પાંચસો ગાડાંઓ લઇને તે મહાઅટવીમાં ગયો. ત્યાં સુતારો પાસે તે કાષ્ઠ કપાવવા લાગ્યો. એકદા તે સુતારો દેહચિંતાને માટે આઘાપાછા ગયા હતા,

તેટલામાં કોઇક ક્ષુધિત ક્રૂર વ્યાઘ્રે તે સોમદત્તને વૃક્ષ નીચે એકલો બેઠેલો જોયો, એટલે ફાળ મારીને નખથી તેનું વિદારણ કરી શરણરહિત વિલાપ કરતા એવા તેનું તે ભક્ષણ કરી ગયો. એટલે તે પુન: એકેંદ્રિયાદિકમાં ગયો અને ત્યાં પૂર્વ પ્રમાણે ઘણા કાળ સુધી ભમ્યો.

આ પ્રમાણે અતિ દુર્લભ એવું સમ્યકત્વ પામીને તે બિચારાએ કોઇ ભવમાં રાગથી પરાભવ પામીને ગુમાવ્યું, કોઇ ભવમાં દ્વેષને વશ થઇને, કોઇ ભવમાં અનંતાનુબંધી ક્રોધ કરીને, કોઇ ભવમાં માન કરીને, કોઈ ભવમાં માયા રચીને અને કોઇ ભવમાં લોભમાં લલચાઇને ગુમાવ્યું. તેમજ અન્ય ભવોમાં પણ કોઇવાર શંકાદિ અતિચારોથી, કોઈવાર ક્રીડાના વશવર્ત્તિપણાથી, કોઈવાર વિષયસુખની આસક્તિથી, કોઈવાર દુ:શીલ કુટુંબથી, કોઇવાર દારિદ્રયના ખેદથી, કોઇવાર પ્રિય વિયોગ અને ધનનાશાદિના શોકથી, કોઇવાર શત્રુ વિગેરેએ કરેલી દુ:સ્થિતિથી, કોઇવાર જુગુપ્સા (નિંદા) થી, કોઈવાર સ્ત્રીવેદના ઉદયથી, કોઇવાર પુરૂષવેદના ઉદયથી, કોઈવાર નપુંસકવેદની વિડંબનાથી અને કોઇવાર રોગાદિકથી તેણે સમ્યક્ત્વરત્ન ગુમાવ્યું. એ પ્રમાણે પ્રત્યેક વખત અનંતકાળને આંતરે આંતરે ક્ષેત્રપલ્યોપમના અસંખ્ય ભાગવર્ત્તી પ્રદેશરાશિ પ્રમાણ ભવો સુધી મોહસૈન્યે પ્રાપ્ત થયેલા સમ્યક્ત્વગુણથી તેને ભ્રષ્ટ કર્યો.

અન્યદા તે વિજયખેટ નામના નગરમાં ધર્મશ્રેષ્ઠીનો સુંદર નામે પુત્ર થયો. ત્યાં એકદા સદ્ગુરૂ પાસે ધર્મ સાંભળતાં તેને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઇ. કર્મરાજાએ વિશેષ દયા લાવીને તેને શુદ્ધતરાધ્યવસાય નામની તરવાર આપી. તેના યોગે તે સુંદરે મોહાદિ શત્રુઓના પલ્યોપમપૃથકત્વ પ્રમાણ વિભાગો પૂર્વે ટૂંકા કરી નાખેલા અંત:કોટાકોટી પ્રમાણ દેહાંશોમાંથી છેદી નાખ્યા. તેથી તેના અપ્રત્યાખ્યાનાવરણ કષાયો દૂર થઇ ગયા. એટલે સંતુષ્ટ થયેલા સમ્ય-

ગ્દર્શન અમાત્યે તેને ગુરૂ સમીપે ચારિત્રધર્મ મહાચક્રવર્ત્તીના દર્શન કરાવ્યા. ગુરૂ મહારાજે કહ્યું કે:—

" यः सेवतेऽतिभक्त्या, चारित्रममुं कदाचिदल्पमपि ।
सोपि महर्द्धिकदेवो, भूत्वा निर्वृत्तिविभुर्भवति " ॥१॥

" જે પ્રાણી કોઇ વખત આ ચારિત્રધર્મનું અતિ ભકિતપૂર્વક અલ્પ પણ સેવન કરે છે, તે મહર્દ્ધિક દેવ થઇને પ્રાંતે મોક્ષનો અધિકારી થાય છે. " ઇત્યાદિ ચારિત્રધર્મના ગુણો સવિસ્તર વર્ણવ્યા. એટલે સુંદરે તેનો સમ્યગ્ સ્વામીભાવથી સ્વીકાર કર્યો. પછી ચારિત્રધર્મરાજાએ તેની યોગ્યતા વિચારીને તેનાપર સંતુષ્ટ થઇ તેને પ્રથમ દેશવિરતિ નામની પોતાની નાની કન્યા આપી. તેના સંનિધાનથી તેણે નિરપરાધી જીવોનો દ્વિવિધ ત્રિવિધે સંકલ્પથી પણ વધ ન કરવારૂપ સ્થૂલ પ્રાણાતિપાતવિરમણ નામે પ્રથમ વ્રત લીધું. અને તેના વધ, બંધ, છવિચ્છેદ (ચર્મચ્છેદ), અતિભાર આરોપણ અને ભકતપાનનો વ્યવચ્છેદ (વિચ્છેદ) એ પાંચ અતિચારોનું પ્રત્યાખ્યાન કર્યું. એ વ્રત તેણે બહુ દિવસ સુધી પાળ્યું.

એકદા તેનો પિતા મરણ પામ્યો, એટલે ગૃહવ્યવહાર બધો સુંદરપર આવી પડ્યો. પછી 'આ અવસર છે' એમ જાણીને મોહાદિકોએ તેની પાસે નિસ્ત્રિંશતા (ક્રૂરતા) ને મોકલી. એટલે તેના સંનિધાનથી જેમને તે વ્યાજે રૂપીયા આપતો હતો, તેમને તેઓ દ્રવ્ય ન આપતા ત્યારે અતિ ગાઢતાપૂર્વક તે ભકત પાન વિગેરેનો અટકાવ કરતો હતો. તેથી તેઓ બહુજ પીડાતા હતા અને કોઇવાર કેટલાક મરી પણ જતા હતા.

એકદા સુંદર પાપોદયથી નિર્ધન અવસ્થામાં આવી પડ્યો એટલે તેણે રાજસેવાનો સ્વીકાર કર્યો, અને અપ્રત્યાખ્યાનાવરણક્રોધાદિકની સાથે હિંસા પણ આવીને પ્રગટ થઇ. એટલે તેના ઉદયથી તે

આજીવિકાના નિરપેક્ષપણાવડે કેટલાકનો વધ કરતો, કેટલાકને ચાબુક વિગેરેથી માર મારતો, કેટલાકને શીત કે આતપમાં બેસારી મૂકતો, કેટલાકને ઉષ્ણ તેલના છંટકાવ વિગેરેની પીડાથી પીડતો અને કેટલાકને શૂળો પરોવીને હેરાન કરતો હતો. આથી દેશવિરતિ પ્રિયાએ વિરક્ત થઇને તેને તજી દીધો. પછી તે માત્ર કુળક્રમથી ચાલી આવતી રીતથીજ દેવાલયમાં જતો, ત્યાં જિનેશ્વર ભગવંતને વંદના કરતો-પૂજાદિક કરાવતો, ચૈત્યવંદન કરતો, શાસનના કાર્યો કરતો અને તેમ કરતાં તે શાસનનો મોટો પક્ષપાતી ( આગેવાન ) થઇ પડયો. આથી તે નરકાદિકમાં ન ગયો, પરંતુ દેશવિરતિથી ભ્રષ્ટ થવાથી અને સમ્યક્ત્વગુણની વિરાધના કરવાથી મરણ પામીને હીન જાતિના ભવનપતિ દેવોમાં ઉત્પન્ન થયો અને ત્યાંથી પુન: ઘણો સંસાર ભમ્યો.

અન્યદા તે સમ્યગ્દૃષ્ટિ એવા શાલિભદ્ર શેઠનો માણિભદ્ર નામે પુત્ર થયો. ત્યાં પણ તે સમ્યગ્દૃષ્ટિ થયો. એટલે એકદા દેશવિરતિ બાલિકાના અનુરાગથી પૂર્વ પ્રમાણે કન્યા, ગાય, ને ભૂમિ સંબંધી, થાપણ ઓળવવા સંબંધી, ખોટી સાક્ષી પૂરવા સંબંધી અને કૂટક્રય વિક્રય વિગેરે કરવા સંબંધી અસત્ય બોલવાથી નિવૃત્ત થવારૂપ બીજું સ્થૂલ મૃષાવાદવિરમણવ્રત દ્વિવિધ ત્રિવિધ લીધું. અને તેના સહસાત્કારે કોઇને આળ દેવું, એકાંતે વાત કરનારાઓ સંબંધી જ્ઞાતાજ્ઞાત અર્થનું બોલવું, સ્વદારાદિકનું રહસ્ય પ્રકટ કરવું, મિથ્યા ઉપદેશ દેવો અને ખોટા લેખ ( ખત ) લખવા, આ પ્રમાણેના પાંચ અતિચારોનું પણ પ્રત્યાખ્યાન કર્યું. એ વ્રત પણ તેણે ઘણા દિવસ સુધી સારી રીતે પાળ્યું. એકદા શાલિભદ્ર શેઠ મરણ પામ્યો, એટલે હાટપર વ્યાપાર કરતા એવા તેની પાસે મોહાદિકોએ અપ્રત્યાખ્યાનાવરણ લોભ અને મૃષાવાદ વિગેરેને મોકલ્યા. તેમના આવવાથી તે પાડોશીની સુવર્ણાદિ વસ્તુ લઇ આવીને બંનેનો લાભ ચડાવીને ગ્રાહકને આપતો અને પોતાની વસ્તુ બહારથી આવેલ કોઇ ગ્રાહકના

હાથમાં સોંપીને તેનું ઘણું મૂલ્ય બતાવીને વેચતો હતો. જો ગ્રાહક પૂછે કે:—'હે શ્રેષ્ઠિન્! આ વસ્તુનું શું મૂલ્ય બેસશે?" ત્યારે તે બોલતો કે:—'આનું આટલું મૂલ્ય થશે.' પછી ગ્રાહક જો પૂછે કે:—'તમારી મૂળ ખરીદી કેટલાની છે?' ત્યારે તે બોલતો કે:—'નિશ્ચયથી તમને આનું આટલુંજ મૂલ્ય બેસશે.' ઇત્યાદિ વક્ર વચનોથી ભોળવાયેલો તે મુગ્ધ ગ્રાહક તેના કહેલા કૂટવચનોને પણ સત્ય માનતો અને તેને લાભ આપીને લઇ જતો હતો.

એકદા સાગર ( લોભ ) અને મૃષાવાદે અત્યંત ઉદય પામીને માણિભદ્રને કહ્યું કે:—"ભદ્ર! અસત્ય બોલતાં તું શામાટે શંકા કરે છે? કૃત્રિમ ન્યાયની રચના કરીનેજ તું બોલતો જા. કારણ કે તારા ઘરના ખરચ મોટા છે, દુકાનોનાં ભાડાં બહુ ભરવાં પડે છે, વણિકપુત્રોને પગાર આપવા પડે છે અને ખાન, પાન વિગેરે ભોગો પણ ભોગવવાના છે, માટે સત્ય બોલતાં કોઇપણ વધારે લાભ આપી શકવાનું નથી. બીજા પણ ઘણા લોકો અસત્ય બોલે છે, તેમની જે ગતિ થશે, તે તારી પણ ગતિ થશે. અને આ સાધુઓ જે કહે છે, તે તો તું કેટલુંક કર્ણમાં ધારણ કરીશ? એઓ પણ પરઘરમાં વિક્રમાદિત્ય જેવા છે. સંસારના વ્યાપાર રહિત અને ઘરબાર વિનાના હોવાથી તે સુખે સુખે સાચું બોલે છે. પરંતુ સંસારની વ્યવસ્થાનો તેમને અનુભવ નથી. એમના અભિપ્રાય પ્રમાણે તો મસ્તકનો લોચ કરીને તરતજ સાધુ બની જવું. તો તેમ તું શામાટે કરતો નથી?" આ પ્રમાણેની સાગર અને મૃષાવાદની શિક્ષાને મનમાં સાચી સમજીને તે નિ:શંકપણે કૂટ ક્રય વિક્રય કરવા લાગ્યો અને અસત્ય બોલવા લાગ્યો. પછી 'આ ભગ્નવ્રત થયો' એમ જાણીને દેશવિરતિએ તેને તજી દીધો. પછીથી તે જિનાલયોમાં કેવળ કુલાચારને લીધેજ જતો, અને પૂજાદિક કરાવતો હતો. ગુરૂ, માતા, બંધુ અને શિષ્ટજનોએ ઘણી શિખામણ આપ્યા છતાં પણ તેણે સાગર અને મૃષાવાદ વિગેરેનો પરિ-

હાર કર્યો નહિ પછી સમ્યકત્વની જેણે વિરાધના કરી છે એવો તે ત્યાંથી મરણ પામીને હીનવ્યંતર જાતિમાં દેવપણે ઉત્પન્ન થયો. ત્યાં તે સર્વથા અનાદેયવચની થયો. તેમજ પોતાના સ્થાનથી ભ્રષ્ટ થઇને તે અશુભ પ્રદેશોમાં ભટકવા લાગ્યો. ત્યાંથી આયુષ્ય પૂર્ણ થયે ચ્યવીને અસત્યજન્ય પાપથી કયાંક તે સર્વથા મુંગો, કયાંક તોતડો, કયાંક ગંધાતા મુખવાળો, કયાંક કંઠ, તાલુ, જીભ, દાંત, હોઠ અને વદન વિગેરેનો રોગી તેમજ કયાંક પુત્ર, કલત્રાદિકને પણ અગ્રાહ્યવચની થયો અને મરણ પામીને નરકે ગયો. કેટલીકવાર તિર્યંચમાં ગયો. એ રીતે અતિ દુઃખિત થઇને ઘણા કાળસુધી તે ભમ્યો.

એકદા તે શ્રાવક શ્રાવિકાનો સોમ નામે પુત્ર થયો. ત્યાં પૂર્વ પ્રમાણેજ ધન, ધાન્ય, દ્રવ્ય, સુવર્ણ, રજત, વસ્ત્ર, તૃણ, ઇંધન વિગેરે અદત્ત એવી કંઇપણ બાદર વસ્તુ ન લેવા રૂપ ત્રીજું સ્થૂલ અદત્તાદાન-વિરમણવ્રત દ્વિવિધ ત્રિવિધે લીધું, અને તેના ચોરીનો માલ લેવો, ચોરને સહાય આપવી, વિરૂદ્ધ રાજ્યમાં અતિક્રમણ કરવું, ખોટાં તોલાં અને ખોટાં માપ રાખવાં અને સારી નઠારી વસ્તુ સેળભેળ કરીને વેચવી—આ પાંચે અતિચારોનું પણ પ્રત્યાખ્યાન કર્યું. કેટલાક વર્ષોસુધી તે વ્રત પાળ્યા પછી અનુક્રમે અપ્રત્યાખ્યાનાવરણ ( માયા ) લોભ અને સ્તેયાદિકના ઉપદેશથી તે વ્રતનો ભંગ કરીને સમ્યકત્વની જેણે વિરાધના કરી છે એવો તે હીનજાતિના દેવપણે ઉત્પન્ન થયો અને પછી પૂર્વ પ્રમાણેજ નિરંતર દારિદ્રય વિગેરેથી પરાભવ પામતો ઘણા ભવ ભમ્યો.

અન્યદા દત્ત નામે શ્રાવક જન્મમાં તેણે દેવ અને તિર્યંચ-સ્ત્રીઓનું દ્વિવિધ ત્રિવિધે અને મનુષ્ય સ્ત્રીઓનું એકવિધ એકવિધે પ્રત્યાખ્યાન કર્યું અને ઇત્વર પરિગ્રહિતા ગમન, અને વેશ્યા કે વિધવા સાથે ગમન, અનંગક્રીડા, પરવિવાહ કરણ અને કામનો તીવ્રાભિલાષ—આ

પાંચ અતિચારથી વિશુદ્ધ એવું કામભોગના નિયમરૂપ ચોથું સ્થૂલ-મૈથુન વિરમણવ્રત ગ્રહણ કર્યું. તેનો પણ તીવ્ર પુરૂષવેદના ઉદયથી, તીવ્ર વિષયાભિલાષથી અને ચક્ષુઇંદ્રી તથા સ્પર્શેંદ્રિય વિગેરેની ઉપાધિથી ભંગ કરીને સમ્યકત્વની પણ જેણે વિરાધના કરી છે એવો તે હીનજાતિના દેવાદિકમાં ઉત્પન્ન થઇને અનુક્રમે નપુંસકત્વાદિની પ્રાપ્તિરૂપ ફળ ભોગવીને ઘણો સંસાર ભમ્યો.

એકદા ધનબહુલ શ્રાવકના જન્મમાં તેણે ક્ષેત્ર, વાસ્તુ (ગૃહ), હિરણ્ય, સુવર્ણ, ધન, ધાન્ય, દ્વિપદ, ચતુષ્પદ અને કુપ્ય (અન્ય ધાતુઓ વિગેરે વસ્તુઓ) નું પરિમાણ કરવારૂપ પાંચમું સ્થૂલપરિગ્રહ વિરમણ વ્રત લીધું. અને તેના પ્રયોજન, પ્રદાન, બંધન, કારણ અને ભાવથી થતા ક્ષેત્રાદિ પરિમાણના અતિક્રમણરૂપ પાંચે અતિચારોનું પણ પ્રત્યાખ્યાન કર્યું. એ અતિચારો કંઇક દુર્બોધ્ય હોવાથી અહીં તેનું વિવરણ કરવું યોગ્ય છે:—તેમાં ક્ષેત્ર કે ઘરની સંખ્યામાં નિયમ કરતાં અધિક ગ્રહણ કરવાની ઇચ્છા થતાં પ્રથમના હોય તેની નજીકમાંજ બીજાં લઇને વાડ કે ભીંત વિગેરેની મર્યાદાને દૂર કરીને એકરૂપે જોડી દે, તે યોજનથી (પ્રયોજનથી) ક્ષેત્ર-વાસ્તુ પ્રમાણાતિક્રમ જાણવું. હિરણ્ય-રૂપું, સુવર્ણ-સોનું, તેમાં ચતુર્માસાદિ અવધિથી નિયતમાન કર્યું હોય, તે અરસામાં સંતુષ્ટ થયેલ રાજા વિગેરેની પાસેથી સુવર્ણ મેળવીને 'નિયમ પૂર્ણ થશે ત્યારે લઇ લઇશ' એમ મનનું સમાધાન કરી બીજા સ્વજનાદિકના હાથમાં દઈ રાખે, તે પ્રદાનથી હિરણ્ય-સુવર્ણપ્રમાણાતિક્રમ જાણવું. ધન-રૂપીયા વિગેરે ગણત્રીમાં આવે તે, અને ધાન્ય, ચોખા વિગેરે, તેમાં નિયમિત પરિમાણ કર્યા પછી નિયમ કરતાં અધિક પૂર્વનું લેણું વસુલ કરતાં આવે યા તો બીજું લેવાની ઇચ્છા થાય ત્યારે સુડા વિગેરે મોટા બાંધવા અથવા 'ચાર માસ પછી ઘરમાંના ધાન્યનું વેચાણ થતાં લઈ લઇશ' આવા પ્રકારની વચન નિયંત્રણા કરીને બીજાને ઘેર તે રાખવું યા

કોલ આપવારૂપ ( સાટું કરી રાખવારૂપ ) બંધનનું જે કરવું, તે બંધનરૂપ ધન-ધાન્ય પ્રમાણાતિક્રમ જાણવું. દ્વિપદ તે પુત્ર, કલત્ર અને દાસી વિગેરે અને ચતુષ્પદ તે અશ્વાદિક, તેમાં વત્સર ( વર્ષ ) વિગેરેની મર્યાદાથી તેનું પરિમાણ કરીને તેમાં પણ પ્રસવના સંભવથી તેમને કેટલોક કાળ વ્યતીત કરીને જે ગર્ભ ગ્રહણ કરાવવાં-એ રીતે દ્વિપદ અને ચતુષ્પદની જે વૃદ્ધિ કરવી, તે દ્વિપદ-ચતુષ્પદ પ્રમાણાતિક્રમ જાણવું-અને કુપ્ય તે શય્યા, આસન, ભાલું, ખડ્ગ, ભાજન અને કચ્ચોલક ( વાટકા ) વિગેરે તેમાં કચ્ચોલકમાં દશ વિગેરે સંખ્યાનો નિયમ કરીને પછી જો તે કરતાં વધે તો તે ભંગાવીને મોટા કરાવીને દશાદિકની સંખ્યા પુરવી-એ રીતે પર્યાયાંતર કરવાથી કુપ્યપ્રમાણાતિક્રમ જાણવું-આ પ્રમાણે પાંચમા વ્રતના પાંચ અતિચાર જાણવા. આ પરિગ્રહ પરિમાણ વ્રતનો પણ સાગર ( લોભ ) વિગેરેની ઉપાધિથી ભંગ કરીને તે ઘણો કાળ સંસારમાં ભમ્યો.

એજ પ્રમાણે સાગરાદિકના ઉપદેશથી કોઇવાર દિક્પરિમાણવ્રત પણ ભાંગ્યું, સાગર અને લોલતાદિકને યોગે ઉપભોગ અને પરિભોગવ્રત પણ ભાંગ્યું, અને અનર્થદંડવિરમણવ્રત તો હાસ્ય, અજ્ઞાન, તુચ્છતા અને વિકથાદિકથી ભાંગ્યું. તેમજ આર્તધ્યાન, રૌદ્રધ્યાન, પ્રમાદ અને કૃપણતા વિગેરેથી સામાયિક, દેશાવકાશિક, પૌષધ અને અતિથિસંવિભાગ-એ ચાર વ્રતોનો પણ ભંગ કર્યો. એ પ્રમાણે કેટલાક ભવોમાં તેમાંનું એક એક વ્રત, કોઇવાર બે, કોઇવાર ત્રણ, કોઇવાર ચાર અને યાવત્ કોઇક મોહાદિક મહા શત્રુઓના બળથી તેણે અંગીકાર કરેલા બારે વ્રતોનો ભંગ કર્યો.

એકદા તે કુંડિની નગરીમાં પરમ સુશ્રાવક સુભદ્ર સાર્થવાહની રોહિણી નામે પુત્રી થઇ. તે અન્ય દેવને ન માનનારી પરમ શ્રાવિકા થઈ. તે જિનેશ્વર ભગવંતને અતિ ભક્તિપૂર્વક વંદન કરતી, ગુરૂ પાસે ધર્મ સાંભળતી અને સાધ્વીઓની ભક્તિપૂર્વક ઉપાસના કરતી હતી.

તેને વિમલ નામનો વણિક્ પુત્ર ઘરજમાઈ થઇને પરણ્યો હતો, તે પિતાના અવષ્ટંભ (મદદ) થી વિશિષ્ટ ધર્મનું આચરણ કરતી હતી. એક લાખ કરતાં અધિક સ્વાધ્યાયનો તેણે પાઠ કરેલો હતો, અર્થાત્ તેટલું તેને મુખપાઠ હતું. કર્મગ્રંથ વિગેરે પ્રકરણોને તો તેણે પોતાના નામની જેમ કંઠાગ્ર કરી લીધાં હતાં, અનુક્રમે શ્રાવિકાનાં બારે વ્રતો તેણે અંગીકાર કર્યાં અને તે નિરતિચારપણે પાળતી હતી.

એકદા સભામાં બેઠેલા મોહચરટે ચિંતાતુર થઇને દિશાઓ તરફ નજર કરી, એટલે મંત્રી, સામંત વિગેરેએ કહ્યું કે—'હે દેવ! આજ્ઞા કરો!' મોહરાજા બોલ્યો કે:—'અમારા (આપણા) શત્રુવર્ગની સાથે રોહિણી અત્યંત દૃઢ રાગવાળી થયેલી જોવામાં આવે છે, માટે હવે શું કરવું?' આ પ્રમાણે સાંભળી તેઓએ હસીને કહ્યું કે:—'હે દેવ! જ્યાંસુધી તમારા પરિજનને ગોચર ન થાય, ત્યાંસુધીજ સર્વે દૃઢ છે.' પછી મોહરાજાએ કહ્યું કે:—'તો ત્યાં કોઇકને મોકલો, કે જે તેને પશ્ચાત્-મુખી કરીને પાછી વાળે.' તે સાંભળીને વિકથા પોતે ઉઠીને બોલી કે—'હે સ્વામિન્! આ આજ્ઞા તો હવે મનેજ આપો. હું જોઉં કે, તે કેટલામાં છે?' પછી સર્વની પ્રેરણાથી તે રોહિણી પાસે ગઇ અને તેણે સ્ત્રીપુરૂષકથા, રાજકથા, દેશકથા, અને ભક્તકથા—એવા ચાર રૂપ કરીને પરમયોગિનીની માફક રોહિણીના મુખમાં પ્રવેશ કર્યો.

હવે પિતાને ઘેર રોહિણીને પહેરવા ઓઢવાનું નિશ્ચિંત રીતે મળે છે, અને માબાપના પ્રસાદથી ઘરમાં તેની પાસે કોઇ કામ કરાવતું નથી. તેથી દર્શન કરવા જતાં જે કોઈ વાર્તાપ્રિય સ્ત્રી મળી જાય તેની પાસે જઇને તે બેસતી હતી, અને દેવવંદનનો ત્યાગ કરીને બોલતી કે:—'હે સખી! આજે તારે ઘેર આમ થયું છે, એમ મારા સાંભળ-વામાં આવ્યું.' જવાબ આપતાં તે બોલતી કે:—'એવું કંઇજ નથી, કોઈએ એ ખોટી વાત કરી છે.' પછી રોહિણી કહેતી કે:—'અરે!

અસત્ય મહિલા! શું મને પણ તું ખોટી પાડે છે?' તે બોલી કે:—'હું જૂઠી શી રીતે?' ઈત્યાદિ વિકથા કરતાં તેની સાથે મોટો કોલાહલ થઈજતો. પછી વિકથા યોગિનીથી ઉત્સાહિત થયેલી એવી તે રોહિણી બીજી કોઇ લલનાની સાથે રાજકથા કરવા લાગી જતી હતી. તે ખેદ પામીને ચાલી જતી એટલે બીજી કાંતા સાથે તે સ્ત્રી પુરૂષની કથા કરવા લાગતી હતી. સાસુ વિગેરેની બીકથી તે ઉઠી જતી એટલે બીજીની સાથે ભક્ત (ભોજન) કથા કરતી હતી. તે ચાલતી થતી એટલે બીજી કોઈની સાથે દેશકથાનો આરંભ કરતી હતી, આથી ઘેરથી નીકળેલી તે બપોર થતાં પણ પાછી ઘેર આવતી નહિ. આ પ્રમાણે પ્રતિદિન કરતાં એક દિવસે કોઇક શ્રાવકે હાથ જોડીને તેને કહ્યું કે:—"હે મહાભાગે! દેવવંદનને માટે જે થોડો ઘણો વખત મળે છે, તે એકાગ્ર એવા શુભ ભાવથીજ વ્યતીત કરવો યોગ્ય છે, તમે આમ વાતોમાં વખત કેમ ગુમાવો છો?" આથી તે રૂષ્ટમાન થઇને ઉત્તર દેતી કે:—'બાંધવ! શું કરીએ? બીજે તો કોઇ કોઇને મળી પણ ન શકે અને કોઇ કોઇને ઘેર પણ જઇ ન શકે; પ્રિયનો મેળાપ અહીંજ થાય છે, માટે ક્ષણભર અહીં એકાંતે કાંઇક સુખદુઃખની વાત થાય, તો તમારે તેમાં આડે આવીને હરકત કરવી તે યોગ્ય નથી.'

આ પ્રમાણે સાધ્વીઓના ઉપાશ્રયે જાય ત્યારે ત્યાં પણ તે સ્વાધ્યાયનો ત્યાગ કરીને અન્ય અન્ય શ્રાવિકાઓ સાથે તેજ પ્રમાણે વિકથાનો પ્રબંધ શરૂ કરતી અને નિરંતર સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાના દોષો જોતી હતી. તેવે પ્રસંગે જો કોઇ સાધ્વી તેને કંઇક શિખામણ આપતી કે:—'હે મહાભાગે! તું આમ વિકથા કરવાથી ભણેલું બધું ભૂલી જઇશ. વળી કેવળ કર્મબંધનીજ હેતુ અને આલોક તથા પરલોકમાં ઉપદ્રવ કરનાર એવી આ વિકથા અને પરપરિવાદરૂપ અનર્થદંડથી શું લાભ છે? માટે સર્વ સંપત્તિના કારણરૂપ અમૃતસમાન સ્વાધ્યાયનેજ કર'. આ પ્રમાણે સાંભળીને મુખ મરડીને તે

જવાબ આપતી કે:—"હે આર્યે! આ વિકથા અને પરપરિવાદ વ્રતીઓને પણ તજવા દુર્લભ છે. તેમજ અહીં મુખ બાંધીને બેસી રહેનાર તો કોઇ મારા જોવામાં આવતું નથી, બધા વાતો કરે છે; અમે તો માત્ર આનંદથીજ વાર્તાલાપ કરીએ છીએ, બીજાની જેમ અમને માયા કરતાં આવડતી નથી. જેવું હોય તેવું પિતાસંબંધી પણ અમે તો સ્ફુટજ કહીએ છીએ, જો કોઇને ન ગમે તો ભલે રોષ કરે ને ગમે તો સંતુષ્ટ થાય." આવો જવાબ મળવાથી તે બિચારીને સદુપદેશને અયોગ્ય જાણીને સાધ્વીઓએ તેને તજી દીધી. એમ કરતાં કરતાં તે નિ:શંક થઇને ગુરૂપાસે વ્યાખ્યાનમાં બેઠી હોય તો ત્યાં પણ વસ્ત્રથી મુખ ઢાંકીને કોઇક સ્ત્રીના કાન પાસે જઇને કંઇક કહેતી અને બીજી તેને ઉત્તર પણ આપતી હતી. એ રીતે ત્યાં બેઠેલ સ્ત્રીઓમાં પણ પરંપરાએ વાર્ત્તાલાપ ચાલુ થતો. તેથી જંગલની મદોન્મત્ત મહિષી (ભેંશ) એ કલુષિત કરેલ પલ્વલ (તલાવડી) ના જળની માફક વ્યાખ્યાનસભામાં બેઠેલા સર્વ લોકોને વિક્ષિપ્ત કરીને તે બીજાઓને પણ સાંભળવામાં અંતરાય કરતી હતી. શેઠની પુત્રી હોવાથી તેને શિખામણ આપતા તો તે કહેતી કે:—"હે ભગવાન્! હું તો કોઇકની સાથે સ્વલ્પજ બોલું છું, પરંતુ જો કોઇક કંઇ પૂછે અને તેને જો ઉત્તર ન દઇએ તો આ સ્તબ્ધ છે, અભિમાની છે, એવી લોકમાં પ્રસિદ્ધિ પામીએ. તેના ભયથીજ જો કોઇક પૂછે છે તો માત્ર તેની સાથેજ સ્વલ્પ ભાષણ કરૂં છું." આવા ખોટા ઉત્તરથી ગુરૂમહારાજે પણ તેની ઉપેક્ષા કરી, એટલે તે સર્વથા સ્વતંત્ર બનીને વિકથા કરવામાં અત્યંત પ્રવૃત્ત થઇ ગઇ. એ પ્રમાણે વિકથામાં અત્યંત આસક્તિ થતાં તેનું પૂર્વનું ભણેલું બધું વિસ્મૃત થઇ ગયું, તેનો અર્થ પણ તે ભૂલી ગઇ. અંગીકાર કરેલા વ્રતોની પણ તે આલોચના કરતી ન હોતી અને વારંવાર તેમાં અતિચાર લગાડતી. દેવવંદનમાં તે પ્રમાદ કરતી હતી, સ્વાધ્યાય સુખે કરી શકતી ન હોતી. ધર્મકથામાં તેના

મનને આનંદ આવતો ન હોતો અને પ્રતિક્રમણાદિક પણ અનાદરથીજ કરતી હતી.

એકદા ક્યાંક બેઠેલી કોઈક સ્ત્રીસાથે મહાવિકથા અને પરપરિવાદનો પ્રબંધ કરતાં અત્યંત પરવશ થયેલી એવી તે 'અહીં કોઈ છે કે નહિ' તેનો પણ વિચાર કર્યા વિના એકાએક બોલી કે:—" આ નગરના રાજાની અગ્રમહિષી ( પટરાણી ) અત્યંત દુ:શીલા છે. હું તેના સંબંધમાં બહુ સારી રીતે જાણું છું. કારણ કે આ વાત એક સારા માણસની પાસેથીજ મારા સાંભળવામાં આવી છે." આ બધું કંઈક પ્રયોજનને લીધે ત્યાંજ આવેલી રાણીની દાસીએ એક ચિત્તે સાંભળી લીધું અને તેણે જઇને રાણીને તે બધું નિવેદન કર્યું. પછી રાણીએ તે વાત રાજાને કહી, એટલે તેણે રોહિણીને પોતાની પાસે બોલાવી. તેનો પિતા સુભદ્ર સાર્થવાહ રોહિણીને લઇને ત્યાં ગયો. એટલે રાજાએ રોહિણીને એકાંતમાં બોલાવીને પૂછ્યું કે:—"હે ભદ્રે! મારી રાણીનું જે સ્વરૂપ તારા સાંભળવામાં આવ્યું છે, તે મને સાચેસાચું કહી દે." તે બોલી કે:—" આ શું ? કંઇપણ મારા સાંભળવામાં આવ્યું નથી. તેમજ હું તેમાંનુ કંઇ જાણતી પણ નથી." પછી મૂળથીજ બધું અસત્ય બોલતી એવી તેને જોઇને રાજાએ ત્યાં દાસીને બોલાવી, અને તેની પાસે કહેવરાવ્યું. દાસીએ અનેક નિશાની બતાવવા પૂર્વક તેને એવી કરી મૂકી કે, તે બિચારી નિરૂત્તર થઈ, ડોક નીચે કરીને મૌન ધારણ કરીને બેસી રહી. આથી રાજાએ પ્રકુપિત થઇને સુભદ્રસાર્થવાહને પોતાની પાસે બોલાવ્યો, અને દાસીપાસે મૂળથી તેનો વ્યતિકર કહેવરાવ્યો. તેથી તે અકાળે પડેલા મહાવજ્ર સમાન તે હકીકત જાણીને સાર્થવાહે રોહિણીને કહ્યું કે:- 'આ શું'?' પરંતુ તે કંઇપણ બોલી નહિ, છેવટે તેને એકાંતમાં બોલાવીને પણ તેણે બહુ રીતે પૂછ્યું, પરંતુ તે કંઇ પણ બોલી નહિ. પછી જેની પાસે તે બોલી હતી, તેને બોલાવીને સાર્થવાહે પૂછ્યું. એટલે

તેણે કહ્યું કે:—'એ પ્રમાણેજ એણે કહ્યું હતું, પરંતુ તે સત્ય કે અસત્ય છે તે હું જાણતી નથી.' પરંતુ આગળ પણ પોતાની પુત્રીની જીભને સ્વતંત્ર થયેલી જાણતા સાર્થવાહે તેને વિસર્જન કરી અને પોતાની પુત્રીને લઇને રાજા પાસે આવ્યો, અને અશ્રુજળથી લોચનને આર્દ્ર કરતો એવો તે રાજાના ચરણમાં પ્રણામ કરીને કહેવા લાગ્યો કે:—"હે દેવ ! અમારા કુળમાં કોઇ સાક્ષાત્ જુએ છતાં પણ આવું કથન પ્રાણાંતે કરે નહિ એમ છે, અને આ પુત્રીએ તો સર્વથા અદૃષ્ટ અને અશ્રુત એવું નિરર્થક બોલીને બીજના ચંદ્રમા જેવા નિષ્કલંક એવા મારા કુળને કલંકિત કર્યું છે. પરંતુ તેમાં મારોજ દોષ છે, કારણ કે લોકો પાસેથી એની જીભની સ્વતંત્રતા સાંભળતાં છતાં ગૃહવ્યવહારની વ્યગ્રતા અને પ્રમાદને લીધે હું એને શિખામણ આપી ન શકયો, તેમજ એનો ત્યાગ પણ કરી ન શકયો, માટે હે રાજન્ ! આપને જેમ યોગ્ય લાગે તેમ કરો." આ પ્રમાણે સાંભળી રાજાએ કહ્યું કે:—"હે સાર્થવાહ ! મારા નગરમાં તું મોટો પુરૂષ છે, મને માન્ય અને સત્યવાદી છે, માટે આ તારી રોહિણીને ખંડ ખંડ કરીને ચતુષ્પથમાં નખાવતો નથી, પણ તારેજ એવી રીતે કરવું કે, જેથી આ અત્યારેજ મારા દેશની સીમા ઓળંગી જાય." એમ કહીને તેને વિસર્જન કર્યો. એટલે સાર્થવાહે પણ તેજ સ્થાનથી તેને વિસર્જન કરી. પછી 'અહો જોઇ આ શ્રાવિકા ! આ એનું દેવવંદન ! આ તેનું પ્રતિક્રમણ ! આ તેની મુહપત્તિ ! આ તેનું ભણતર ! આ લોકોનો રીવાજજ આવો છે કે, જેથી પરના અછતા દોષોને તેઓ ગ્રહણ કરતા રહે છે, અને સદા પરને સંતાપ કરે છે." આ પ્રમાણે પોતાની અને ધર્મની હલકા જનો પાસે નિંદા કરાવતી એવી રોહિણી છૂપાતી છૂપાતી નગરમાંથી બહાર નીકળી ગઇ.

પછી પિતાના વિભવવિસ્તારને સંભારતી, માતાના લાલનપાલનને યાદ કરતી, બંધુજનના ગૌરવનો વિચાર કરતી, પરિજનની

પૂજનીયતાનું સ્મરણ કરતી, સદ્ગુરૂના વિયોગનો પુન: પુન: શોક કરતી, વારંવાર મૂર્છા પામીને ભૂમિપર પડતી, ક્ષણેક્ષણે વિલાપ કરતી, ગામોગામ ભિક્ષાને માટે ભટકતી અને સુકુમારપણાથી ચરણતળમાંથી નીકળતા શોણિતના પ્રવાહથી પૃથ્વીને સિંચતી એવી તે રોહિણી અપ્રત્યાખ્યાનાવરણ કષાયોદય તથા આર્ત્તધ્યાનના વશથી દેશવિરતિ ગુણઠાણાથી ભ્રષ્ટ થઇ. પછી સમ્યક્ત્વની પણ જેણે વિરાધના કરી છે એવી તે મરણ પામીને હીન જાતિવાળી અને જેમનો કોઇ સ્વીકાર ન કરે એવી દેવીઓમાં ઉત્પન્ન થઇ. ત્યાં અતિ દુ:ખનો અનુભવ કરીને ત્યાંથી પણ ચવી એકેંદ્રિયાદિકમાં કયાંક સર્વથા જીભના અભાવથી અને કયાંક જીંહાછેદનના અનુભવથી તે ઘણા ભવ ભમી.

એકદા મોહરાજાએ પોતાની મહામૂઢતા નામની ભાર્યાના હાથમાં તાળી દઇને કહ્યું કે:—“ હે પ્રિયે! તે નિબિડશ્રાવિકાનો વૃત્તાંત જોયો? ” તે બોલી કે:—“ હે દેવ! એમાં શું વિશેષ જોવાનું છે? કારણ કે ચૌદ ગુણસ્થાનરૂપ પગથીયાવાળા સિદ્ધરૂપ મહાપ્રસાદના માત્ર પાંચમા પગથીયાસુધીજ ચઢેલ અને એક સામાન્ય મનુષ્યમાત્ર એવી આ બિચારી સ્ત્રીને પાછી પતિત કરી, પણ જેઓ ઇંદ્ર અને ચક્રવર્ત્તીને પૂજનીય હોય, દેવતાઓને પણ અક્ષોભ્ય હોય, અસાધારણ જેમનો પુરૂષાર્થ હોય અને જેઓ સિદ્ધિમહાપ્રાસાદના અગીયારમા પગથીયા સુધી ચઢેલા હોય, તેમને પણ તમે એક હુંકારમાત્રથીજ નીચે પાડી દીધા છે. અને તેવા અનંતા જીવો બિચારા આપની પાસે રખડતા આપના ચરણને શરણે થઇને રહેલા છે. ” પછી મોહરાજા, મંત્રી અને સામંતોએ મળીને એકરૂપે કહ્યું કે:—“ અહો! આવું સુંદર દેવીનેજ બોલતાં આવડે છે. તે જે કહે છે તે બધું સાચુંજ કહે છે. ”

હવે એકદા તે જીવ પુન: મનુષ્યગતિમાં ઉત્પન્ન થયો. ત્યાં સમ્ય-

કત્વ સાથે તેણે દાનધર્મનો અભિગ્રહ લીધો. તેનો પણ પણ મોહપ્રેષિત દાનાંતરાય અને કૃપણતા વિગેરેથી તેણે ભંગ કર્યો; અને ઘણા ભવ ભમ્યો. પછી એકદા તે મનુષ્યમાં જન્મ પામ્યો. ત્યાં તેણે શીલધર્મનો અભિગ્રહ લીધો. તેનો પણ તીવ્ર વેદોદય અને કુસંસર્ગ વિગેરેથી ભંગ કર્યો. પછી સંસાર ભમીને પુન: મનુષ્યમાં ઉત્પન્ન થઇ તેણે તપધર્મનો અભિગ્રહ લીધો. તેનો પણ લૌલ્યતા અને કાયરતા વિગેરેથી ભંગ કર્યો. એટલે પાછો સંસારમાં ભમીને પુન: મનુષ્યઅવતાર લઇને તેણે ભાવનાનો અભિગ્રહ લીધો. તેનો પણ આર્ત્ત અને રૈદ્રધ્યાનથી નાશ કર્યો. એ પ્રમાણે તેણે ક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમા ભાગના પ્રદેશરાશિ જેટલા ભવોમાં દેશવિરતિપણું અંગીકાર કરી અપ્રત્યાખ્યાનાવરણ કષાયાદિ મહાદુષ્ટ મોહસૈન્યને વશ થઇને તેનો પણ તેણે નાશ કર્યો.

એવા અવસરે વિસ્મય, હર્ષ અને ભક્તિભરથી પ્રેરિત મનવાળા ચંદ્રમૌલિરાજાએ ભુવનભાનુ કેવળીને નમસ્કાર કરીને કહ્યું કે:—"ભગવન્ ! મહાદુષ્ટ એવા મોહાદિ શત્રુઓ અતિ દુર્જય છે, કે જેઓ આ પ્રમાણે અચિંત્ય, અસહ્ય અને વિસ્મયકારક રીતે પ્રાણીઓને વિડંબના પમાડે છે. પરંતુ સકળ સિદ્ધાંતના પરમ રહસ્યરૂપ આપના વ્યાખ્યાનમાં માત્ર એક સંદેહજ મારે પૂછવાનો છે, માટે આપે તેનો ઉત્તર આપવાની કૃપા કરવી—'સમ્યગ્દૃષ્ટિને અર્ધપુદ્ગલપરાવર્ત્ત કરતાં કંઇક ઓછો સંસાર હોય' એમ પ્રથમ કહેવામાં આવ્યું હતું અને તે દરમ્યાન પ્રસ્તુત જીવને સમ્યકત્વસ્પર્શના અને દેશવિરતિસ્પર્શના અસંખ્ય ભવોમાં વારંવાર થઈ. અને તેનો પરિભ્રંશ થતાં વચમાં ઘણો સંસાર ભટકયો એમ કહેવામાં આવ્યું, તો તે ઘણાનું માન (પ્રમાણ) કેટલું ? તે સ્પષ્ટ રીતે કહો." કેવળી બોલ્યા કે:— "કયાંક સંખ્યાત, કયાંક અસંખ્યાત અને કયાંક અનંત સંસાર પણ થાય છે. પરંતુ ન્યૂન અર્દ્ધ પુદ્ગલપરાવર્ત્તમાં અનંતી ઉત્સર્પિણી

થાય છે, અનંતના અનંત ભેદ થાય છે, માટે હે મહાભાગ! આંતરે આંતરે અનંત ઉત્સર્પિણી ચાલી જાય, તથાપિ તેટલા કાળસુધી જિનધર્મનું કંઇ પણ સેવન ન થાય." પછી ચંદ્રમૌલિરાજાએ પ્રણામ કરીને કહ્યું કે:—"હે ભગવન્! મોટા આશ્ચર્યની વાત છે કે, સમ્યક્ત્વ અને દેશવિરતિ—એ બે ગુણની પ્રાપ્તિ થતાં પણ આ મોહાદિ શત્રુઓનો આટલો બધો પ્રભાવ રહે છે!" કેવળી બોલ્યા કે:—"હે રાજન્! અનાદિકાળથી અસ્ખલિત એવા તેમનો આવા પ્રકારનો પ્રભાવ ચાલ્યો આવે છે. એટલા માટેજ બધા કેવળી ભગવંત આ પ્રમાણે કહે છે:—

"सम्मत्तदेसविरया, पलिअस्स असंखभागमित्ताओ ।
अट्ठभवाओ चारित्ते, अणंतकालं च वमणत्ति" ॥ १ ॥

"સમ્યક્ત્વ અને દેશવિરતિપણું (એ બંને વાના) જીવો ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાત ભાગના પ્રદેશરાશિ પ્રમાણ ભવોમાં પામે છે અને સર્વવિરતિ ચરિત્ર માત્ર આઠ ભવમાંજ પામે છે, બાકી અનંતકાળ તેને વમન કરેલી સ્થિતિમાં જાય છે." સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિભાવના વિશેષપણાથી રહિત એવું શ્રુતસામાયિક સામાન્યપણે અનંતભવમાં જીવને પ્રાપ્ત થાય છે, એમ તાત્પર્યાર્થ છે." આ પ્રમાણે ઉત્તર સાંભળીને રાજાએ કહ્યું કે:—"હે ભગવાન્! તે સંસારી જીવ શું પુનઃ સર્વવિરતિ-કન્યાને પરણીને (સ્વીકારીને) ચારિત્રધર્મ મહારાજાના સૈન્યનો સહાયક થશે?" એટલે કેવળી ભગવંત બોલ્યા કે:—"એ સંબંધમાં તો હજી ઘણું કહેવાનું છે, માટે હે રાજન્! સાવધાન થઇને સાંભળો." રાજાએ કહ્યું કે:—"હે ભગવંત! હું તો સાવધાનજ છું. માટે આપ કૃપા કરીને પ્રકાશો." એટલે કેવળી મહારાજ બોલ્યા કે:—

"હે રાજન્! આ મનુષ્યક્ષેત્રમાં ઇંદ્રપુર નામનું નગર છે, ત્યાં

સમીરણ નામે રાજા છે, અને તેને જયંતી નામની ભાર્યા છે. એકદા કર્મપરિણામ રાજાએ તે સંસારી જીવને ત્યાં લાવી તેમના પુત્રપણે ઉત્પન્ન કર્યો. તેનું અરવિંદ એવું નામ રાખવામાં આવ્યું. તે સર્વ કળાઓ ભણીને યૌવનવય પામ્યો. એ અવસરે કર્મરાજાએ ત્યાં ગુરૂમહારાજને લાવીને ઉદ્યાનમાં પર્યટન કરતા એવા અરવિંદકુમારને તેમનું દર્શન કરાવ્યું. પછી તે કુમાર તેમની પાસે ગયો અને સહર્ષ પ્રણામ કરીને ત્યાં બેઠો. એટલે કર્મરાજાએ તેને શુભતમાધ્યવસાયરૂપ તરવાર આપી. તેના યોગે તેણે મોહાદિશત્રુઓનો સંખ્યાતા સાગરોપમની સ્થિતિરૂપ શરીરભાગ છેદી નાખ્યો. પછી ગુરૂમહારાજે સમ્યગ્દર્શન અને ચારિત્રધર્મનો ઉપદેશ આપીને તેની પાસે સર્વવિરતિ–કન્યાના ગુણો વર્ણવ્યા. એટલે ઉત્પન્ન થયેલા તેનાપરના અનુરાગથી માતપિતાદિ વિગેરે બધાનો સંગ છોડીને ગુરૂએ આપેલા વેષથી પરમવિભૂતિપૂર્વક અરવિંદકુમાર તેને પરણ્યો, આથી ચારિત્રધર્મરાજાનું સમસ્ત સૈન્ય પ્રમુદિત થયું, સદ્બોધ આનંદ પામીને તેની પાસે રહ્યો, સમ્યગ્દર્શન સ્થિર થયો, સદાગમનો પ્રતિદિન પરિચય થવા લાગ્યો, પ્રત્યુપેક્ષણાદિ ક્રિયાઓ પાસે આવવા લાગી, પ્રશમથી તે વિભૂષિત થયો, માર્દવથી મંડિત થયો, આર્જવથી સુશોભિત થયો, સંતોષથી અલંકૃત થયો, તે તપનો અતિશય પરિચય કરવા લાગ્યો, સંયમની સાથે રમવા લાગ્યો, સત્યપક્ષનો પ્રેમી થયો, શૌચથી ભાવિત થયો અને અકિંચન, બ્રહ્મચર્યાદિક સતત્ તેની પાસે રહેવા લાગ્યા. એ પ્રમાણે એમના મેળાપથી અને સદ્બોધ તથા સદાગમથી પ્રાપ્ત થયેલા ઉત્સાહથી તે પ્રતિદિન મોહસૈન્યને હણવા લાગ્યો. કોઇવાર અપ્રમાદ નામના ગંધહસ્તીપર આરૂઢ થતો, શુદ્ધ મનોવૃત્તિરૂપ ધનુષ્યને સજ્જ કરતો અને તેમાંથી સદ્ભાવનારૂપ બાણો છોડીને મોહાદિક ઉપર પ્રહાર કરતો મોહમહીપતિને મર્મસ્થાને વીંધતો, મદનરૂપ માંડલિકને હૃદયમાં મારતો, રાગકેસરીને બેશુદ્ધ કરી

મૂકતો, અને દ્વેષગજેંદ્રને અરશટી મૂકાવતો હતો. 'આ તારો આ પ્રમાણેનો શત્રુ છે અને આ તારો આવી રીતે શત્રુ થાય.' એ પ્રમાણે પાસે રહેલા સદ્બોધ અને સદાગમે ઓળખાવેલા બીજા પણ વૈશ્વાનર, શૈલરાજ, બહુલી, સાગર, હિંસા, મૃષાવાદ, સ્તેય, મૈથુન અને મૂર્છાદિક શત્રુઓને તે અહર્નિશ સતાવતો હતો. કોઈ કોઇ વખત એકદમ સામે આવીને ઉભા રહેલા પ્રમાદરિપુ તેને નમાવી દેતા હતા, પરંતુ પુન: સ્થિર થઈને તે તેને પ્રહાર કરતો અને પીડતો હતો. કોઇક વખત એકીસાથે ઉઠેલા એવા ક્ષુધા, પિપાસા વિગેરે પરિસહરૂપ બહુ શત્રુઓથી તે ખેદ પામતો પણ પુન: સ્વસ્થ થઇને યુદ્ધ કરતાં તે તેમને દૂર કરતો હતો. કોઈવાર દિવ્ય, માનુષિક અને તિર્યંચ સંબંધી ઉપસર્ગરૂપ સુભટો તેને સતાવતા, પણ પાછો સદાગમની શિખામણથી તે સ્થિર થતો હતો. ફરી પણ તે શત્રુઓ તેને અસ્થિર કરી મૂકતા હતા, ગચ્છમાં રહેલા બાલ, તરૂણ અને વૃદ્ધ સાધુઓના સારણ, વારણ અને પ્રેરણથી ઉત્પન્ન થતા સંજ્વલનકષાયરૂપ રિપુવર્ગથી પણ તે પીડા પામતો, પરંતુ પ્રશમ, માર્દવાદિકની સહાયતાથી કોઇરીતે પણ પાછો તે સ્થિર થતો. પુન: શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ તથા લૌલ્યાધ્યવસાયરૂપ મોહરિપુના સુભટો સમરાંગણમાં તેને કાયર કરી દેતા, પણ સંતોષ સુભટથી પુન: ઉત્સાહિત થઇને તે શત્રુ સૈન્યને પરાજિત કરી દેતો હતો. એ પ્રમાણે જય અને પરાજય થતાં થતાં ચારિત્ર ધર્મના સૈન્ય સહિત અરવિંદ સાધુ જેટલામાં જયલક્ષ્મી પ્રાપ્ત કરવાની તૈયારીમાં હતો, તેટલામાં કાંઈક અપરાધ થતાં ગુરૂ મહારાજે તેને ગાઢતર ઠપકો આપ્યો, તેથી 'આ અવસર ઠીક છે' એમ વિચારીને પ્રત્યાખ્યાનાવરણ ક્રોધે તેના શરીરમાં પ્રવેશ કરીને તેનું મર્મસ્થાન પકડી તેને પીડા ઉપજાવી. તેની પીડાના વશથી તે ગુરૂની સામે કહેવા લાગ્યો કે:—"હે આચાર્ય! મેં શું બગાડયું? જો વિચાર કરો તો મારો કંઇ અપરાધ નથી. છતાં આમ બોલતાં તમને કોણ અટકાવે તેમ

છે? આને માટે શું મને એકનેજ નિષેધવો? બીજા કોઇનો નિષેધ ન કરવો? શું તમારા ગચ્છમાં બીજું કોઇ આ પ્રમાણે કરતું નથી? મારી સાથે દીક્ષિત થયેલા પણ સર્વે આ પ્રમાણેજ કરે છે." તેનું આચાર્ય સામે આ પ્રમાણેનું બોલવું સાંભળીને સ્થવિરો તેને શિખામણ આપવા લાગ્યા કે:--"હે મહાભાગ! તું શ્રેષ્ઠ રાજકુળમાં ઉત્પન્ન થયો છે, માટે ગુરૂની સામે આમ અવજ્ઞાપૂર્વક બોલવું તને યોગ્ય નથી." આમ કહેવાથી 'આ મારા કુળને ઉઘાડું પાડે છે' ઇત્યાદિ વિપરીત અર્થ લઇને ઉલટો તે અત્યંત કોપ અને અહંકારથી ઘેરાઇ ગયો. ત્યારપછી પુન: ગુરૂએ જ્યારે તેને કંઇ શિખામણ આપી, ત્યારે તે તરત બોલ્યો કે:--"અહો! આપ સર્વે મને હેરાન કરવા લાગ્યા છો, માટે તમારા રજોહરણ વિગેરે લઇ લ્યો." એવી રીતે બોલાવી વેષને તજાવીને બલાત્કારથી ગળે પકડી અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ અને માન સુભટોએ તેને મોહ સૈન્યને સોંપ્યો, એટલે રૂષ્ટ થયેલા તેના સર્વ સૈનિકોએ મળીને તેને ગૃહસ્થવેષ લેવરાવી પ્રતિગ્રામે અને પ્રતિગૃહે ધિક્કાર પામતો પરઘેર કામ કરતો અને ભિક્ષાને માટે ભટકતો ફેરવ્યો. એ રીતે અતિ દુ:ખિત કરીને ઘણા વર્ષોસુધી ભમાવ્યો. છેવટે અહા! પાપિષ્ઠ અને ભ્રષ્ટબુદ્ધિવાળા એવા મેં ઉભયલોકમાં એકાંત દુ:ખકારી આચરણ આચર્યું, તેના ફળનો હવે અનુભવ કરૂં છું' ઇત્યાદિ આત્માને નિંદતો એવો તે મરણ પામીને જ્યોતિષી દેવમાં ઉત્પન્ન થયો. અને ત્યાંથી ચવીને ઘણા ભવ ભમ્યો.

અન્યદા પુન: રાજપુર નગરમાં પરમ શ્રાવક એવા મહર્દ્ધિક અમાત્ય (પ્રધાન) ને ઘેર પુત્રપણે તે ઉત્પન્ન થયો. ત્યાં ચિત્રમતિ એવું તેનું નામ રાખવામાંઆવ્યું. માતપિતા મરણ પામતાં પોતાના પુત્રને સર્વ સોંપીનેસંવેગયુકતચિત્તેસદ્ગુરૂપાસે તેણે વ્રત લીધું અને પૂર્વોકત વિધિથી મોહસૈન્યને હણતાં તેણે ઘણા દિવસ સુધી વ્રત પાળ્યું. છેવટે વિષય, સુખશીલતા અને પ્રમાદથી પરાભવ પામી સંયમની

વિરાધના કરીને સૌધર્મદેવલોકમાં એક પલ્યોપમના આયુષ્યવાળો હીનઋદ્ધિવાળો દેવ થયો. ત્યાંથી પણ ચવીને સંસારમાં ભમી એકદા કાંચનપુર નગરમાં ક્ષેમંકરરાજાનો વિજયસેન નામે પુત્ર થયો. ત્યાં સદ્ગુરૂ પાસે ધર્મ સાંભળીને માતપિતાદિનો ત્યાગ કરી પૂર્વપ્રમાણે સર્વવિરતિકન્યાનું પાણિગ્રહણ કરી તેણે જિનદીક્ષા અંગીકાર કરી, એટલે પ્રથમની જેમ સદ્બોધ અને સદાગમ વિગેરે હર્ષિત થયા. પછી પૂર્વ પ્રમાણે મોહસૈન્ય સાથે તેણે મહાયુદ્ધ કર્યું. ક્રમે ક્રમે સદાગમનો અતિપરિચય થતાં, સદ્બોધ અતિનિબિડ થતાં, અપ્રમાદ એકીભાવ પામતાં અને સંતોષ નિશ્ચળ થતાં વિજયસેન સાધુ સિદ્ધિપ્રાસાદના અપ્રમત્તગુણસ્થાન નામના સાતમા પગથીયાપર આરૂઢ થયા. ત્યાં કર્મપરિણામરાજાની અનુકૂળતાથી તેણે ઉપશમશ્રેણી નામનો વજ્રદંડ મેળવ્યો. પછી ઉલ્લાસ પામતા પ્રચંડ વીર્ય વિશેષથી તેણે પ્રથમ અનાદિકાળના મહાવૈરી એવા અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ–એ ચારને મસ્તકમાં પ્રહાર કરી ઘાયલ કરીને નીચે પાડી દીધા, અને ભસ્મના પુંજમાં રહેલા અગ્નિકણની જેવા તેમને નિશ્ચેષ્ટ બનાવી દીધા. પછી વિશુદ્ધ, અર્ધવિશુદ્ધ અને અવિશુદ્ધ–એવા ત્રણરૂપ ધારી મિથ્યાદર્શનને પણ એવીરીતે ઘાયલ કર્યો કે, તેજ પ્રમાણે તે પણ મૂર્છિત થઇને નીચે પડયો. પછી તે અપૂર્વકરણગુણસ્થાન નામના સિદ્ધસૌધના આઠમા પગથીયાપર ચઢયા. ત્યાંથી અનિવૃત્તિબાદરસંપરાય નામના નવમા પગથીયાપર ગયા. ત્યાં નપુંસકવેદને ઘાયલ કરીને મૂર્છિત કર્યો. પછી સ્ત્રીવેદને અને ત્યારબાદ હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક અને જુગુપ્સા–એ છ શત્રુઓને ઘાયલ કર્યા. પછી પુરૂષવેદ અને અપ્રત્યાખ્યાન તથા પ્રત્યાખ્યાનાવરણ નામના બે ક્રોધરિપુને અને સંજ્વલનક્રોધને ઘાયલ કરીને નિશ્ચેષ્ટ બનાવી દીધા. પછી અપ્રત્યાખ્યાન તથા પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલન માન, અપ્રત્યાખ્યાન તથા પ્રત્યાખ્યાનાવરણ અને સં-

જ્વલન માયા અને અપ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલન લોભ–એ સર્વેને અનુક્રમે પાડીને મૂર્છિત બનાવી દીધા. પરંતુ તેમાંનો સંજ્વલન લોભ ઘાયલ થતાં થતાં પલાયન કરીને સૂક્ષ્મસંપરાય નામના દશમા પગથીયામાં છૂપાઈ ગયો. ત્યાં પણ તેણે પૂંઠે જઇને તેને પાડી દીધો અને મૂર્છિત કરી દીધો.

પછી ઉપર પ્રમાણે પોતાના કુટંબના અઠ્ઠાવીશ માણસોના પતનથી જેમ મૂળ, સ્કંધ અને શાખાદિકના પડવાથી વૃક્ષ પડી જાય, તેમ તે કુટંબમય શરીરના જીવિતવાળો મોહરાજા મૂર્છિત થઇને પડ્યો. હવે ઉપશમશ્રેણીરૂપ મહાવજ્રદંડથી ઘાયલ થતાં સહકુટંબ મોહમહાચરટ મૂર્છિત થઇ ગયો, એટલે વિજયસેન સાધુ નિરાકુળ થઇને પરમાનંદ સુખનો અનુભવ કરતા સિદ્ધિસૌધના ઉપશાંતમોહગુણસ્થાન નામના અગ્યારમા મોટા પગથીયાપર ચડ્યા. ત્યાં અનુત્તર વિમાનમાં જવાને યોગ્ય અને કેવળીસમાન વિશુદ્ધ (યથાખ્યાત) ચારિત્રવાળા એવા તે સર્વ દેવતાઓને પણ પૂજનીય એવા પદને પ્રાપ્ત થતાં અંતર્મુહૂર્ત ત્યાં રહ્યા, તેટલામાં કંઇક સચેતન થઇને કુપિત થયેલા એવા સંજ્વલન લોભે, પોતાના શરીરથી પણ અભિન્ન અને અતિવલ્લભ એવી દેહોપકરણ મૂર્છા નામની પોતાની પુત્રીને તેની પાસે મોકલી. તેણે અત્યંત પ્રકુપિત થઇને માત્ર દેહનીજ મૂર્છા કરાવી, ગળેથી પકડીને અગ્યારમેથી દશમા પગથીયાપર જવાના ક્રમથી એવી રીતે પાછો પાડ્યો કે તે ઠેઠ પ્રથમ પગથીયા સુધી ઉતરી ગયો. અને તેને લઇ જઇને મહાદુષ્ટ એવા મિથ્યાદર્શન સચિવને સોંપી દીધો. તે વખતે પૂર્વે ઘાયલ કરેલા બધા શત્રુઓ સાવધાન અને કુપિત થઇને પાછા વળતા વિજયસેનની પૂંઠે વળગ્યા. અને તેની પાસે બહુ પાપ કરાવી એકેંદ્રિયાદિકમાં તેને લઇ ગયા. અને નારકગતિ વિગેરેમાં પણ ઘણો સંસાર ભમાવ્યો.

તે પછી મનુજભૂમિમાં બ્રહ્મપુર નામના નગરમાં પરમ શ્રાવક, અપરિમિત ઋદ્ધિનો નાયક અને સમસ્ત નાગરિકોમાં અગ્રેસર એવો સુનંદ નામે શેઠ હતો. તેને ધન્યા નામે ભાર્યા હતી. તેમનો તે સંસારી જીવ પુંડરીક નામે પુત્ર થયો. તે ભવમાં તેને અતિશય પ્રજ્ઞા પ્રાપ્ત થઇ, તેથી તે થોડાજ દિવસોમાં સમસ્ત કળાઓ શીખી ગયો. પછી 'આ તો થોડુંજ ભણવાનું થયું ' એમ વિચારી તેટલા અભ્યાસથી અસંતુષ્ટ થઇને કોઈક સાધુને તેણે પૂછ્યું કે:—" આ કળાઓનો મહાન્ વિસ્તાર ક્યાં છે ?" તેમણે કહ્યું કે:–" દ્વાદશાંગમાં રહેલા ચૌદ પૂર્વમાં તેનો વિસ્તાર છે." એટલે તેણે પૂછ્યું કે–" તે પૂર્વોનો કેટલો વિસ્તાર છે ?" સાધુએ કહ્યું કે:-" ગુરૂમહારાજને પૂછો. " પછી તેણે ગુરૂમહારાજને પૂછ્યું. એટલે તેમણે પૂર્વગત વિસ્તાર બધો કહી બતાવ્યો. તેથી પુંડરીકને તેનું અધ્યયન કરવાનું મહાકૌતુક ઉત્પન્ન થયું. એટલે તેણે ગુરૂમહારાજને કહ્યું કે:–"હે પ્રભો ! અનુગ્રહ કરીને તે પૂર્વો મને ભણાવો." ગુરૂ બોલ્યા કે:–"તે સાધુઓજ ભણી શકે છે. ગૃહસ્થોને તે ભણવાનો અધિકાર નથી." એટલે તેણે કહ્યું કે:—" તો મને વ્રત પણ આપો." પછી માતપિતાની અનુજ્ઞા પામેલ એવા તેને ગુરૂમહારાજે મહાવિભૂતિ પૂર્વક દીક્ષા આપી. એટલે બુદ્ધિના પ્રકર્ષથી તેણે સમસ્ત શિક્ષા તરત ગ્રહણ કરી લીધી અને થોડાજ દિવસોમાં તે ચૌદ પૂર્વ ભણી ગયો.

હવે અહીં પોતાની સભામાં બેઠેલા મોહચરટે એક લાંબો નિસાસો નાખ્યો. એટલે સભાસદોએ પૂછ્યું કે:–'હે દેવ ! આ શું ?' આવા પ્રશ્નથી તે હસ્તતલવડે પોતાના લલાટભાગનો આઘાત કરીને બોલ્યો કે:–" આપણે હણાયા ! કારણ કે આપણા મહાવૈરી સદાગમનો આ સંસારી જીવે સર્વરીતે પોતામાં સંગ્રહ કરી લીધો છે. તેથી એ આપણા બધા મર્મ કહી દેશે, એટલે આ સંસારી જીવ તથા બીજા

બધા લોકો તે જાણી લેશે. તેથી હવે પુત્ર અને ગોત્રસહિત આપણું મૂળ ઉખડી જશે. અત્યારે એવો કોઈ મારા જોવામાં આવતો નથી કે, જે એને આવા દુષ્ટ સંયોગથી ભ્રષ્ટ કરે." આ પ્રમાણે ખેદસહિત બોલતા પોતાના સ્વામીને જોઇને આલસ્ય, વૈકલ્ય, અંગભંગ, મુખમોટન, જંભા, સ્વપ્નદર્શન, સ્મૃતિભ્રંશ વિગેરે પોતાના પરિવારસહિત નિદ્રા ડાબી બાજુથી ઉભી થઇ અને હાથ જોડીને કહેવા લાગી:—"હે દેવ! હજી તો તે માત્ર તમારી આ (હું) દાસીથીજ સાધ્ય થઇ શકે તેમ છે, માટે આટલો બધો ખેદ શામાટે કરો છો? હજી તો કાલેજ તેને ગળે પકડીને મૂર્છાએ અગીયારમા પગથીયાથી નીચે નાખી દીધો હતો, તે શું આપના જાણવામાં નથી? માટે હવે મારી પણ કંઇક કળાકુશળતા આપ જુઓ." આથી મોહમહીપાલે જરા હસીને કહ્યું કે:—"હે વત્સે! તું જા અને તારૂં કાર્ય સિદ્ધ કર." પછી તે પરિવાર સહિત ચૌદ-પૂર્વધર એવા તે મુનિપાસે ગઇ અને શરૂઆતમાંજ તેના શરીરમાં આલસ્યને ઉતાર્યું. એટલે તેના પ્રતાપથી તેને સૂત્રના પુનરાવર્ત્તનની રૂચિ ઓછી થઇ ગઈ. સૂત્રનું અર્થચિંતન કરવામાં તેને કંટાળો આવવા લાગ્યો. એ પ્રમાણે બે ત્રણ દિવસ ગયા, એટલે સ્થવિરોએ તેને પ્રેરણા કરીને બલાત્કારથી પૂર્વપાઠની ગુણના કરવાને માટે બેસાર્યો. એટલામાં નિદ્રાએ પોતાનો બીજો પણ પરિવાર મોકલ્યો. એટલે તેને બગાસાં આવવા લાગ્યાં, પૂંઠ મરડવા લાગ્યો, ભુજાઓ ઉંચી કરવા લાગ્યો, આંગળીઓને ભાંગવા (વાળવા) લાગ્યો. પગ વિગેરે શરીરના ભાગને મરડવા લાગ્યો, એટલામાં નિદ્રાએ તેને ગળે પકડીને નીચે નમાવી (સુવાડી) દીધો. અને તેની આગળ, પાછળ અને પાર્શ્વભાગમાં એમ સર્વત્ર તે ભમવા લાગી. આ પ્રમાણે સર્વેએ મળીને તેને ગળેથી પકડ્યો, એટલે યત્નથી ભણતા એવા સ્થવિરો પાસે તેના મુખમાંથી એક અક્ષર માત્ર પણ ન નીકળ્યો. પછી તો રાત્રિ પડતાં જ તે નિદ્રાથી ઘેરાતો, એટલે સંથારાદિક વિના

જે તે જગ્યાએ પુંજ્યા પ્રમાર્જ્યા વિના કાષ્ઠખંડની જેમ અચેતન થઇને પડ્યો રહેતો અને પ્રભાતે પ્રતિક્રમણ અવસરે મહા કષ્ટથી તેને ઉઠાડવો પડતો. આમ બહુ દિવસ થવાથી એક દિવસે સ્થવિરોએ પાસે આવીને તેને ઉંચો કરીને સૂત્રપરાવર્ત્તનને માટે બેસાર્યો, એટલે નિદ્રાએ નીચે પાડીને તેના બે જાનુ (ઢીંચણ) ભાંગી નાખ્યા, કૂર્પર (કોણી) બંને રગડી નાખી અને માથું ફોડી નાખ્યું. આ પ્રમાણે થવાથી તે કાંઇ પણ બોલી શકયો નહિ, એટલે સ્થવિરો મુંગા બેસી રહ્યા. પછી નિદ્રાની અતિવ્યાપ્તિ થતાં પ્રતિક્રમણાદિ ક્રિયાના અવસરે પણ તેને બહુ મુખવિકારથી, નાનાપ્રકારના નેત્રસંગથી અને વિચિત્ર પ્રકારના હસ્તપાદના વિક્ષેપથી નિદ્રા નચાવતી હતી. એટલે પોતાના સ્વરૂપને બધા લોકોને જોવા લાયક તે બનાવી દેતો, જિતેંદ્રિય જનોને પણ ક્ષણભર હસાવતો અને તત્વજ્ઞ જનોને પણ 'આ શું?' એ પ્રમાણે મહાવિસ્મય પમાડતો હતો. આ પ્રમાણે નિદ્રાએ તેને વશ કરી લીધો, એટલે પરાવર્ત્તન અને ચિંતન ન કરવાથી સછિદ્ર હસ્તમાં રહેલા જળની જેમ તેનું શ્રુત નિરંતર વિગલિત થવા લાગ્યું. સૂક્ષ્મ અને ગહન અર્થ બધા વિસરાતા ગયા. પછી જેમ જેમ તેના સૂત્રનો ભ્રંશ થતો ગયો, તેમ તેમ બેદરકાર થઇને તે નિદ્રા સુખને અનુભવવા લાગ્યો. ખરી રીતે જો કે તે વિષ કરતાં પણ વધારે ભયંકર હતી છતાં અજ્ઞાનથી તેને અમૃતસમાન માનતો એવો તે રાતદિવસ એટલે સુધી નિર્ભરરીતે ઉંઘ્યો, કે જેથી તેનું સમસ્ત શ્રુત ગલિત થઇ ગયું.

પછી એકદા ગુરૂએ તેને કહ્યું કે:—"હે વત્સ પુંડરીકમુને! પૂર્વે તથાપ્રકારના પોતાના ઉત્સાહથી શ્રુતાધ્યયનને માટેજ તેં વ્રત અંગીકાર કર્યું અને પછી નરકાદિક દુ:ખનિવારક તથા મોક્ષ સંબંધી સુખસમૂહના એક ગૃહરૂપ એવા જિનપ્રણીત શ્રુતરત્નનો અભ્યાસ પણ કર્યો. હવે નરક, તિર્યંચ, અમર અને મનુષ્ય સંબંધી સુખ–દુ:ખના

એક કારણરૂપ એવા લવમાત્ર નિદ્રાસુખમાં અત્યાસકત થઇને હે ભદ્ર! તેને શા માટે હારી જાય છે.?" પછી ધીઠ થઇને તેણે કહ્યું કે:—"હે ભગવન્! કોણ નિદ્રામાં આસકત છે? તમને કોઇએ અસંગત (અસત્ય) કહ્યું છે. કારણ કે મેં તો કાલે પણ તેટલુંજ ગણ્યું હતું." આથી ગુરૂ મહારાજે વિચાર કર્યો કે:—"અહો! આ વળી બીજું અધિક થયું કે એ પ્રત્યક્ષને પણ છુપાવે છે, અને સત્ય પણ બોલતો નથી."

પછી એકદા જાણે વિષથી ઘૂર્ણિત થયો હોય, અથવા જાણે પ્રહારથી મૂર્છિત થયો હોય એવી સ્થિતિમાં મોટે સાદે બોલાવતાં પણ ન જવાબ આપતા, દિવસે પણ નાના પ્રકારના સ્વપ્નોને જોતા, મુખથી બહુ અસંબંધ બકતા અને ગાઢનિદ્રામાં સૂતેલા એવા તેને ગુરૂમહારાજે બહુ સાદ કરી જગાડીને કહ્યું કે:—"પુંડરીક! તું કહે છે કે હું સૂતો નથી, તો આ શું?" તે બોલ્યો કે:—"આ શું? ખરેખર! 'હું સૂતો છું' એવી તમને ભ્રાંતિજ છે. કેવળ નિશ્ચિંત થઇને હજી પણ હું સૂત્રનીજ ગણના કરતાં તેના અર્થનોજ મનમાં વિચાર કરૂં છું. તમને તો બધાને ખરેખર! ભ્રાંતિજ થાય છે કે, 'આ સૂતો છે." આવા ઉત્તરથી 'આ બાદર મૃષાવાદી છે' એમ ધારીને ગુરૂમહારાજ તથા સર્વ સાધુઓ તેનાથી વિરક્ત થઈ ગયા. અને 'આને હવે વધારે પ્રેરણા કરતાં એ બીજું પણ અસંબંધ બોલશે અને અતિશય દ્વેષ કરશે' એમ સમજીને બધાએ તેની ઉપેક્ષા કરી દીધી. પછી ઉપરાઉપરી મોહરાજાએ મોકલેલા પોતાના અન્ય અન્ય (નવાનવા) સુભટો તેની પાસે આવવા લાગ્યા. એટલે વિમુખતાને પ્રાપ્ત થયેલો એવો સદાગમ તેનાથી સર્વથા દૂર થઇ ગયો. ચારિત્રધર્મ સહિત સદ્બોધ જતો રહ્યો અને સર્વવિરતિ તો વિરક્ત થઇને એવી રીતે ચાલતી થઈ કે જેની સાથે સમ્યગ્દર્શન પણ ગચ્છંતિ કરી ગયો. એટલે અવકાશ મેળવીને મિથ્યાદર્શન પોતાની સત્તા ચલાવવા તૈયાર થયો. પછી મોહરાજાના સર્વે સુભટોએ મળીને અંતકાળે તેને નિદ્રાના

ઘેનમાંજ મરણાધીન કરી દીધો અને નિગોદ એકેંદ્રિયાદિકમાં લઇ જઇને નાખી દીધો. એ રીતે અનંત કાળ પર્યંત સંસારમાં ભમાવ્યો.

હવે અહીં ચિત્તવૃત્તિ નામની મહાઅટવીમાં વિવેકગિરિના અપ્રમત્ત નામના શિખરપર આવેલા જૈનપુર નામના નગરમાં ચારિત્રધર્મભૂપાલ વિગેરે સર્વે આનંદ અને ઉત્સાહરહિત થઇને એકત્ર મળ્યા અને ત્યાં બેસીને પરસ્પર વિચાર કરવા લાગ્યા કે:—"અહો ! જુઓ તો ખરા ! અહીં શું થાય છે ? મોહચરટે અનેક ભવ્ય અને દૂરભવ્યોને તો પોતાના સહાયક બનાવી દીધા છે. તેઓ તો સર્વત્ર અસ્ખલિતપણે આપણા પક્ષનો મૂળથીજ ઉચ્છેદન કરતા ફરે છે. આપણને તો આ એકજ સહાયક મળ્યો છે, તે પણ હજી આપણને કોણ જાણે કેટલા કાળ પછી મળશે. આપણે મહાકષ્ટથી કોઈ રીતે એને ઉંચા ગુણોમાં ( ગુણસ્થાનકોમાં ) સ્થાપીએ છીએ, અને તે કંઇક આપણી સહાયતા સંપાદન કરે છે, તેટલામાં તો તે મહાભાગને કોઇ એવો વિપર્યાસ ( ભ્રમ ) ઉત્પન્ન થાય છે, કે જેથી તે પુન: મોહાદિ શત્રુઓની સાથે મળી જાય છે, અને તેઓ પ્રથમની રીતેજ તેને અત્યંત દુ:ખિત કરીને વિડંબના પમાડે છે. આપણે તો કેવળ તેને સુખી કરવા માટેજ પ્રયત્ન કરીએ છીએ, પરંતુ વિપર્યાસ ભાવ પામેલો તે એટલું પણ જાણી શકતો નથી. જુઓ ! ઉપશાંતમોહ અને ચૌદ પૂર્વધર વિગેરેના પદપર સ્થાપન કર્યા છતાં પણ ત્યાંથી પાછો પડીને મોહાદિ મહાદુષ્ટોની સાથે તે મળી જાય છે. ત્યાં આપણે શું કહેવું ? અને ક્યાં જવું ?" પછી સદ્બોધ હસીને બોલ્યો કે:—"અરે ! આ તમે નિરર્થક ખેદ કરો છો. આમાં નૂતન ( નવું ) શું છે ? કારણ કે અનાદિ કાળથી ચાલ્યો આવતો એ વ્યવહાર છે. તમે હિત કરતાં છતાં અને ઉચ્ચતર સ્થાનોમાં સ્થાપન કરતાં છતાં જે સંસારી જીવને ભવસાગરમાં અતિશય ભમવાનું હોય છે, તે ઉપશાંતમોહ ગુણસ્થાનકે

આવ્યા છતાં અને ચૌદપૂર્વધર થયા છતાં ત્યાંથી પાછા પડીને પૂર્વશત્રુઓને મળી જઈ ઉત્કૃષ્ટ કંઇક ન્યૂન અર્ધપુદ્ગલપરાવર્ત પ્રમાણ સંસારમાં ભમે છે. અનાદિ કાળથી અનંત જીવોનો એ નિશ્ચિત વ્યવહાર છે. માટે અહીં વિસ્મય પામવા જેવું શું છે ? તમને વશ થયેલાઓમાંથી કોઇ પણ પાછું પડે નહીં એવો નિયમ નથી. માટે તટસ્થ થઇને માત્ર નિરીક્ષણ કરતા તમે શામાટે બેસી રહેતા નથી ? તમને મિથ્યાભિમાન માત્ર એટલુંજ છે કે 'એની કંઇક સહાયતાથી આપણે શત્રુપક્ષનો ક્ષય કરીને કોઇરીતે પ્રસિદ્ધ થઇએ અને એને સુખી કરીએ' એવું આપણે ધારીએ છીએ એ પણ ત્યારે સિદ્ધ થશે કે જ્યારે એને સુખની પ્રાપ્તિ થવાની હશે. વળી આપણે કહીએ છીએ કે 'આપણને આ એકજ સહાયક મળ્યો છે' પરંતુ તેવો વિચાર પણ મનમાં લાવવાની જરૂર નથી. કારણ કે બહુ સહાયક જેમને છે એવો મોહાદિક પણ તમારો માત્ર અટકાવજ કરવાને સમર્થ છે, અને તમે તો એક સહાયકવાળા છતાં શત્રુઓનો સર્વથા ક્ષય કરી શકો છો. માટે આ એક પણ જે પરાક્રમ કરશે, તે તમે જોશો." સદ્બોધનું આ પ્રમાણેનું બોલવું સાંભળીને સર્વે બોલ્યા કેઃ—'અહો ! સદ્બોધનું કહેવું ખરેખરૂં છે.' તેઓ આ પ્રમાણે વાત કરે છે તેટલામાં કર્મપરિણામરાજાએ તેમને કહ્યું કેઃ—"તે તમારા સહાયકને મેં મનુષ્યક્ષેત્રમાં આવેલા પદ્મસ્થળ નગરમાં સિંહવિક્રમ મહાનરેંદ્રની કમલિની નામની પત્નીના પુત્રપણે ઉત્પન્ન કર્યો છે અને તેનું સિંહરથ એવું નામ રખાવ્યું છે, માટે તમારે મહાવર્ધાપન કરાવવું. કારણ કે આ જન્મમાં તે કેવળ તમારા પક્ષનુંજ પોષણ કરશે અને સદ્બોધ તથા સદાગમે પ્રગટ કરેલા ગુણોની શ્રેણિપર ચડતાં કોઇ તેને નીચે પાડવાને સમર્થ થશે નહીં. આ ભવમાં મેં તેને પુણ્યોદયજ કેવળ સહાયક આપ્યો છે. વળી સંસારી જીવ પણ સર્વ પ્રકારે તેનુંજ પોષણ કરશે, પાપોદયનું પોષણ નહિ કરે. તેથી હવે નિવૃત્તિપુરીમાં પ્રવેશ કરતાં સુધી મોહાદિ શત્રુઓને એ બીલકુલ વશ થવાનો નથી."

કર્મપરિણામ રાજાના આ પ્રમાણેનાં વચનો સાંભળીને સમ્યગ્ દર્શનાદિ સર્વે આનંદ પામતા ઉઠયા અને જૈનેંદ્રપુરમાં ગયા. ત્યાં તેઓ લોકો પાસે સર્વત્ર પ્રત્યેક ઘરના દ્વારપર તોરણો બંધાવતા, કમળોથી આચ્છાદિત કરીને કનકકળશો ગોઠવાવતા, દુકાનોની શોભાને માટે ઉંચા વાંસના અગ્રભાગ પર પ્રવર વસ્ત્રો લટકાવતા, કસ્તૂરી ઘનસારથી મિશ્રિત કરીને ચંદનરસથી રાજમાર્ગોને સિંચન કરાવતા, ઢગલા કરેલા સુવર્ણ અને રત્નોનું મહાદાન દેવરાવતા, અભયદાન પ્રવર્ત્તાવતા, વાજીત્રો વગડાવતા અને નવા નવા નાટકો કરાવતા પોતાનો આનંદ પ્રદર્શિત કરવા લાગ્યા.

હવે અહીં સિંહરથ બાલ્યાવસ્થાથીજ અત્યંત હર્ષપૂર્વક દેવોને નમસ્કાર કરતો, ગુરૂમહારાજને વંદન કરતો, પિતાની સાથે જિનમંદિરોમાં જતો, ત્યાં સ્નાત્રાદિક જોઇને ખુશ થતો, મુનિદર્શનથી સંતુષ્ટ થતો, તેમનાં વચન સાંભળી આનંદ પામતો અને તેમને આપવામાં આવતા અશન વિગેરેનું દાન જોઇને તુષ્ટ થતો હતો. એ પ્રમાણે પુણ્યોદય પ્રતિદિન તેનું પોષણ કરવા લાગ્યો, અને તેના સંનિધાનથી તે થોડાજ દિવસોમાં સમસ્ત કળાઓ શીખી ગયો. તે યૌવનવય પામ્યો, એટલે કામદેવ કરતાં પણ ચઢીઆતા રૂપવાળો થયો અને તત્કાળ ઉત્પન્ન થયેલા દેવતા કરતાં પણ તેનું લાલિત્ય અધિક થયું, તથાપિ તે વિષયોથી વિરકત રહેતો, સ્ત્રીઓની કથામાત્ર પણ તેને ગમતી નહિ, તેમની સાથે જોડાવાનું મનથી પણ તે ઇચ્છતો નહિ, કેવળ મુનિઓનીજ તે સેવા કરતો, તેમની પાસે ધર્મશાસ્ત્ર સાંભળતો, સંસારના સ્વરૂપને વિચારતો, સંસારથી પ્રતિક્ષણે વિરકત થતો અને પળે પળે તે મોક્ષસુખની વાંછા કરતો હતો.

એકદા ચાર–જ્ઞાનધારી ગુણનિધાન નામના આચાર્ય મહારાજ ત્યાં પધાર્યા. તેમની પાસે વિશેષથી ધર્મનો વિસ્તાર સાંભળીને

માતપિતાને યુક્તિપૂર્વક સમજાવી, સંસારનો ત્યાગ કરી પૂર્વકથિત વિધિથી મહાવિભૂતિપૂર્વક સિંહરથ કુમારે તેમની પાસે દીક્ષા ગ્રહણ કરી. એટલે ચારિત્રધર્મના સર્વ સૈનિકો હર્ષ પામતા સતા આ પ્રમાણે તેના પરિવારરૂપે થઇ ગયા:—સમગ્રત્રિભુવનના સામ્રાજ્યને આપનારી એવી સર્વ વિરતિ તેનાપર અત્યંત અનુરક્ત થઈ ગઇ, સદ્બોધ અવિચ્છિન્ન તેની પાસેજ રહેવા લાગ્યો, અને સમ્યગ્દર્શનનો સંબંધ તો તેને અંગાંગી (દેહ અને જીવ) ભાવ જેવો પ્રાપ્ત થયો. પછી શમરૂપ મહાકવચને ધારણ કરી, સંતોષરૂપ શિરસ્રાણ (ટોપ) પહેરી, સદ્ભાવનારૂપ કિલ્લામાં પ્રવેશ કરી, પૂર્વ પ્રમાણેજ અપ્રમાદરૂપ મહાહસ્તીપર સમારૂઢ થઇ, અઢાર હજાર શીલાંગ—અંગરક્ષકો જેના શરીરનું રક્ષણ કરી રહ્યા છે; પ્રતિદિન વૃદ્ધિ પામતા પુણ્યોદયરૂપ મહાદંડનાયકને જેણે આગળ કરેલ છે અને પ્રતિક્ષણ ઉલ્લસાયમાન અસંખ્ય શુભ અધ્યવસાયરૂપ પદાતિથી જે પરિવૃત્ત થયેલ છે એવા સિંહરથ સાધુ મોહસૈન્યની સાથે યુદ્ધ કરવા પ્રવૃત્ત થયા. ત્યાં તે અમૂઢતત્ત્વ નામના તીક્ષ્ણ ભાલાના અગ્રભાગથી મોહ મહાચરટના હૃદયને નિરંતર વીંધતા, તથા સમકાળે (એકી વખતે) જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ત્રિશૂલથી રાગકેસરી, દ્વેષગજેંદ્ર અને કામદેવરૂપ મહામાંડલિકોને છાતીમાં તાડન કરતા, સર્વજીવદયાના પરિણામરૂપ બાણથી હિંસાધ્યવસાયરૂપ સામંતને હણતા, સત્યભાષણરૂપ મુદ્ગરથી મૃષાવાદ ચરટના મસ્તકને ચૂર્ણ કરતા, શૌચરૂપ ભાલાથી સ્તેય મહાદુષ્ટના હૃદયને ભેદતા, બ્રહ્મચર્યરૂપ અગ્ન્યસ્ત્રથી પતંગની જેમ મૈથુનને દગ્ધ કરતા, નિરીચ્છપણારૂપ મહાગદાથી પરિગ્રહ મહાસામંતને દલન કરતા, ક્રોધ યોદ્ધાને તેના વૈગુણ્યચિંતનરૂપ મુદ્ગર (મોગર) થી ખીલી લેતા, માર્દવ દંડથી માન સામંતને ભગ્ન કરતા, ઋજુતા બરછીના પ્રક્ષેપથી માયારૂપ પૃથ્વીને ઉખેડીને દૂર નાખી દેતા, સંતુષ્ટતારૂપ અભિઘાતથી લોભના શિરને ફોડતા અને સત્ત્વનું ગાઢપણે અવલંબન

કરીને દેહનિઃસારત્વ ચિંતનાદિક શસ્ત્રોથી લીલામાત્રમાં પરીસહોને પરાજિત કરતા સતા શોભવા લાગ્યા. આ પ્રમાણે સર્વત્ર અસ્ખલિત પ્રતાપથી મોહસૈન્યને હણતાં તેમણે ઘણો કાળ વ્યતીત કર્યો.

પછી સર્વ શત્રુઓ ક્ષીણ, નિઃસત્ત્વ અને નષ્ટપ્રાય થતાં, સમ્યગ્દર્શન સંતોષપૂર્વક અત્યંત પ્રસરતા, અતિ હર્ષપૂર્વક સદાગમની વૃદ્ધિ થતાં, ક્રિયાકલાપનું સમ્યક્ પ્રકારે આરાધન થતાં, ઘણા ભવ્ય પ્રાણીઓને પ્રતિબોધ આપીને મોહરાજાની વિડંબનાથી મુક્ત કરતાં, ઘણા શિષ્યોને દીક્ષિત કરતાં અને પુણ્યોદયને અતિ પુષ્ટ કરતાં, સિંહરથ સાધુએ પોતાનો પર્યંત સમય નજીક આવેલો જાણીને દ્રવ્યથી અને ભાવથી સંલેખના કરી. પછી ગીતાર્થ-તપસ્વી સાધુઓ સાથે તે કોઇ પર્વતના ઉચ્ચ પ્રદેશપર ગયા. ત્યાં વિપુલ શિલાતલને પ્રમાર્જીને તેની ઉપર દર્ભમય સંથારો પાથર્યો. ત્યાં અંતસમયે બેઠેલા એવા તેમણે મસ્તકપર કરકુમલ રાખીને (હસ્ત જોડીને) શક્રસ્તવથી સમસ્ત તીર્થંકરોને વાંદ્યા, પછી વર્ત્તમાન તીર્થંકરને, અને પછી પોતાના ગુરૂને વાંદ્યા, અને તેમની પાસે પૂર્વે પ્રત્યાખ્યાન કરેલ છતાં અઢાર પાપસ્થાનકોનું પુનઃ પ્રત્યાખ્યાન કર્યું, ચતુર્વિધ આહારનો ત્યાગ કર્યો અને શરીરનો પ્રતિબંધ પણ તજી દીધો. એ પ્રમાણે સર્વ પાપને આળોવી, પ્રતિક્રમી અને સર્વ આહારનું પ્રત્યાખ્યાન કરી દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી ઉપસર્ગોને સહન કરતાં એક માસ પર્યંત પાદપોપગમન અનશનમાં સ્થિત રહીને ચરમ શ્વાસોચ્છ્વાસસુધી સાધુધર્મને નિષ્કલંક પાળીને સમાધિપૂર્વક કાળ કરી મહાશુક્ર નામના સાતમા દેવલોકમાં સત્તર સાગરોપમના આયુષ્યવાળા ઇંદ્રના સામાનિક મહર્દ્ધિક દેવતા થયા.

ત્યાં પણ તીર્થંકરાદિકના સમવસરણની રચનાવડે તથા નંદીશ્વરાદિ તીર્થોએ જઇને અઠ્ઠાઇમહોત્સવાદિ કરવાવડે અતિશય પુણ્યોદયનું પોષણ કરીને અને દિવ્ય મહાભોગ ભોગવીને આયુ ક્ષય થતાં ત્યાંથી

ચ્યવીને પૂર્વવિદેહમાં કમલાકર નામના નગરમાં શ્રીચંદ્ર નરેંદ્રની કમલા નામની રાણીના ભાનુ નામના પુત્રપણે ઉત્પન્ન થયા. ત્યાં પણ સદ્બોધ અને સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરી બાલ્યાવસ્થામાંજ ધર્મપ્રેમી બની પુણ્યોદયનું તેણે અતિશય પોષણ કર્યું. એકદા પિતા મરણ પામતાં રાજ્યપદ સ્વીકારી, ન્યાયથી ચિરકાળ રાજભોગ ભોગવી, દેવતાઓને પણ શ્લાઘ્ય એવા શ્રાવકધર્મને પાળી, અવસરે પુત્રને રાજ્યપદપર બેસારી ભાનુરાજાએ સદ્ગુરૂ પાસે મહા વિભૂતિપૂર્વક દીક્ષા અંગીકાર કરી. તેથી ચારિત્રધર્મરાજાનું સમસ્ત સૈન્ય બહુજ હર્ષિત થયું. પછી સદાગમને અતિપરિચિત કરીને, પૂર્વોકત વિધિથીજ મોહસૈન્યનું દલન કરીને, પુણ્યોદયને અતિ પુષ્ટ બનાવીને, ચિરકાળ અકલંક ચારિત્ર પાળીને, મોહસૈન્ય ક્ષીણપ્રાય થતાં પૂર્વવત્ અનશન કરવાવડે સમાધિ પ્રાપ્ત કરીને નવમા ગ્રૈવેયકમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાં એકત્રીશ સાગરોપમ પ્રમાણ આયુ પાળીને ત્યાંથી ચ્યવી પૂર્વવિદેહમાં પદ્મકુંડ નામના નગરમાં સીમંત નામના રાજાનો ઇંદ્રદત્ત નામે પુત્ર થયો. ત્યાં પણ મહાનરેંદ્રના ભોગ ભોગવીને, પૂર્વ પ્રમાણે સાધુપણું અંગીકાર કરી મોહબળ બહુ ક્ષીણપ્રાય થતાં અને પુણ્યોદય અતિ પુષ્ટ થતાં પૂર્વોકત અનશન વિધિથીજ સમાધિ પામીને તે સર્વાર્થસિદ્ધવિમાનમાં પરમર્દ્ધિક અહમિંદ્રદેવ થયા.

હવે અહીંઆજ ગંધિલાવતી વિજયમાં વિલાસ, વેષ અને વિભૂતિથી ઇંદ્રપુરીના જેવી ચંદ્રપુરી નામની મહાનગરી છે. ત્યાં નમસ્કાર કરતા અનેક રાજાઓએ પોતાના મુગટથી જેના ચરણ–કમળને સુશોભિત કર્યા છે એવો તથા શકિત, સમૃદ્ધિ અને સૌંદર્યાદિકથી ઇંદ્રસમાન અકલંક નામે મહાનરેંદ્ર હતો. શ્રીમજ્જિનેંદ્રના ચરણ–યુગલરૂપ કમળમાં મધુકર સમાન એવા તે રાજાને ચંદ્રના કિરણસમાન નિર્મળ સમ્યકત્વવાળી સુદર્શના નામની પટરાણી હતી.

એકદા લગભગ રજનીના વિરામસમયે મુખમાં પ્રવેશ કરતા ચંદ્રના કિરણસમાન નિર્મળ એવા સિંહને જેણે જોયો છે એવી તે મહારાણીના ગર્ભમાં સુરેંદ્રદત્ત મુનિનો જીવ સર્વાર્થસિદ્ધવિમાનથી તેત્રીશ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી ચ્યવીને પુત્રપણે ઉત્પન્ન થયો. રાણીએ હર્ષિત થઇને સ્વપ્નની વાત રાજાને નિવેદન કરી. રાજાએ નૈમિત્તિકોને પૂછ્યું, એટલે તેઓએ કહ્યું કે:–" હે દેવ ! તમને પંચાનન ( સિંહ ) સમાન પરાક્રમી, મંદરાચલથી મથન કરાતા ક્ષીરસમુદ્રના ફીણના પિંડસમાન પોતાના યશોવિસ્તારથી દિશાઓને ધવલિત કરનાર અને સકળ ભૂમંડળનો ભોક્તા એવો પુત્ર થશે." રાજાએ સંતુષ્ટ થઈને નૈમિત્તિકોને મોટું ઈનામ આપી સંતોષ પમાડીને વિસર્જન કર્યા. પછી રાણી આનંદિત થઇને સુખપૂર્વક ગર્ભનું પરિપાલન કરવા લાગી. દેવપૂજા, અભયદાન વિગેરે દોહલા જેના સંપૂર્ણ કરવામાં આવ્યા છે એવી તે રાણીએ ગર્ભસ્થિતિ સંપૂર્ણ થતાં રત્નના પુંજની જેમ પોતાની પ્રભાના વિસ્તારથી સૂતિકાગૃહને જેણે ઉદ્યોતિત કરી દીધું છે એવા પુત્રને પ્રસન્નતાથી જન્મ આપ્યો. એટલે તેનો જન્મ, હર્ષના પ્રકર્ષથી પરિપુષ્ટ થયેલા એવા જેના સ્તનતટપર મોતીની માળા ઉછળી રહી છે એવી ચંદ્રધારા નામની દાસીએ રાજાને નિવેદન કર્યો. તે સાંભળતાં અત્યંત હૃષ્ટ થયેલા રાજાએ તેને સાત પેઢી સુધી ચાલી શકે તેટલું તુષ્ટિદાન આપ્યું. પછી રાજાએ સમસ્ત નગરીમાં આનંદનાં વાદ્ય વગડાવીને મહાવર્ધાપન પ્રવર્ત્તાવ્યું, સુવર્ણ વિગેરેના મહાદાન અપાવ્યાં અને સર્વ કારાગારો ( કેદખાના ) સાફ કરાવ્યા, એટલે કે સમગ્ર કેદીઓને છોડી મૂક્યા.

આ પ્રમાણે ગીત, વાદન, નૃત્ય, ખાન પાન–પ્રદાન વિગેરે પ્રમોદથી પુત્રજન્મનો મહોત્સવ પ્રવર્તી રહ્યો હતો, એવા અવસરે રાજાએ જ્યોતિ:શાસ્ત્રના પરમ રહસ્યને જાણનાર સિદ્ધાર્થ નામના જ્યોતિર્જ્ઞને બોલાવીને પૂછ્યું કે:–" હે આર્ય ! કુમારના જન્મનક્ષત્ર

અને ગ્રહની સ્થિતિ કેવી છે? તે જણાવો." એટલે તેણે કહ્યું કે:-"જો એવીજ આપની આજ્ઞા છે, તો સાંભળો:-આ આનંદમય સંવત્સર (વર્ષ) છે, શરદ્ઋતુ વર્તે છે, કાર્તિક માસ છે, ભદ્રા એવી બીજ તિથિ છે, બૃહસ્પતિ (ગુરૂ) વાર છે, કૃત્તિકા નક્ષત્ર છે, વૃષ રાશિ છે, ધૃતિ યોગ છે, પ્રશસ્ત ગ્રહોવડે જોવાતું લગ્ન છે, સર્વ ગ્રહો ઉચ્ચ સ્થાને રહેલા છે, હોરા ઉર્ધ્વમુખ છે, અગીયારમા સ્થાનમાં રહેલા પાપ ( દુષ્ટ ) ગ્રહો પણ શુભ ફળ આપે તેવા છે-આવી રાશિમાં આ કુમારનો જન્મ થયો છે, માટે હે દેવ! એ વિપુળ લક્ષ્મીવાળો અને અપરિમિત પરાક્રમાદિ ગુણવાળો એવો મહાનરેંદ્ર થશે." પછી રાજાએ પૂછ્યું કે:-"હે આર્ય! એ રાશિઓ કેટલી છે, અને તેમના ગુણો શું શું છે? તે જો યોગ્ય લાગે તો જણાવો." એટલે સિદ્ધાર્થે કહ્યું કે:-"હે દેવ! રાશિઓ બાર છે, તે આ પ્રમાણે:-મેષ, વૃષ, મિથુન, કર્કટ (કર્ક), સિંહ, કન્યા, તુલા, વૃશ્ચિક, ધનુષ્ય (ધન), મકર, કુંભ અને મીન. હવે તેમના ગુણો સંક્ષેપથી આ પ્રમાણે છે:-

મેષરાશિમાં જન્મેલો માણસ ચંચળ ચક્ષુવાળો, બળવાન્, નિરોગી, ધર્મને માટે નિશ્ચય કરનાર, પાણીથી ભય પામનાર, સ્ત્રીઓને પ્રિય, કૃતજ્ઞ, રાજમાન્ય, પ્રચંડ કર્મ કરનાર પણ અંતે કોમળ અને પ્રવાસી થાય. તેનું મરણ અઢાર વર્ષે થાય અથવા તો પચીશ વર્ષને અંતે થાય. એ બંને પ્રસંગમાંથી બચી જાય, તો એક સો વર્ષ જીવે અને કૃત્તિકાનક્ષત્રમાં અર્ધરાત્રે ચતુર્દશી અને મંગળવારે તે મરણ પામે.

વૃષરાશિમાં જન્મેલો માણસ ભોગી, દાતા, પવિત્ર, દક્ષ, ગંડસ્થલમાં સ્થૂલ, મહાબળવાળો, ધનવાન્, અલ્પભાષી, સ્થિર મનવાળો, લોકપ્રિય, પરોપકારી, મનોહર, બહુ પુત્રવાળો, શૌર્યસંયુક્ત, તેજસ્વી, બહુરાગી, કંઠમાં રોગી, સારા મિત્રવાળો, વિલાસવાળી ગતિથી ચાલનાર, સત્યવાદી અને સ્કંધ ઉપર મસાના લાંછનવાળો-આવા ગુણોથી યુક્ત થાય. અને પચીશ વર્ષનો થઈને જો તે ચતુષ્પ-

દથી મરણ ન પામે, તો તે સો વર્ષ જીવે અને રોહિણી નક્ષત્રે બુધવારે મરણ પામે.

મિથુનરાશિમાં જન્મેલો પુરૂષ મિષ્ટાન્ન ખાનાર, દૃષ્ટિમાં ચપળ, મૈથુનમાં આસકત મનવાળો, ધનાઢ્ય, દયાળુ, કંઠરોગી, લોકપ્રિય, ગાયનને નાટકમાં કુશળ, યશસ્વી, ગુણી, પ્રથમ દુઃખી થઇ પછીથી શ્રીમાન્ થનાર, કુતૂહળી, પ્રગલ્ભ, વિજ્ઞાની, ગૌરવર્ણી, લાંબો, બોલવામાં ચાલાક, બુદ્ધિશાળી, દૃઢવ્રતી, સમર્થ અને ન્યાયવાદી થાય. તેનું સોળમે વર્ષે પાણીમાં અપમરણ થાય અથવા તો તે એંશી વર્ષનો થઈ પોષમહિનામાં જળ કે અગ્નિથી મરણ પામે.

કર્કટરાશિમાં જન્મેલો માણસ સારાં કાર્ય કરનાર, ધનવાન્, ધર્મિષ્ઠ, ગુરૂભકત, શિરોરોગી, મહાબુદ્ધિમાન્, કૃશ શરીરવાળો, કૃતજ્ઞ, પ્રવાસી, પાંથ, બાલ્યવયમાં દુઃખી, સારા મિત્રવાળો, સેવકોને સેવ્ય, મહાવક્ર, ઘણી સ્ત્રીવાળો, પુત્રવાળો અને હાથમાં શ્રીવત્સ અને શંખના લાંછનથી યુકત થાય અને તે વીશ વર્ષે પતનથી મરણ પામે. વા દશ વર્ષે અથવા તો ત્રેવીશ વર્ષે, નહિ તો છેવટે એંશી વર્ષે પોષ કે માગશર મહિનાની અંધારી રાત્રિએ મરણ પામે.

સિંહરાશિમાં જન્મેલો માણસ શ્રીમાન્, માની, ક્રિયાયુકત, મદ્ય અને માંસનો વ્યસની, દેશમાં પરિભ્રમણ કરનાર, વિનીત, શીતથી ભય પ્રામનાર, તરતમાં ક્રોધ કરનાર, સપુત્ર, માતાદિ ગુરૂજનને વલ્લભ, વ્યસની, લોકમાં પ્રસિદ્ધ, પીળાં નેત્રવાળો, ક્ષુધાની પીડાવાળો, અલ્પ પ્રજ્ઞાવાળો, રાજભકત, મિષ્ટાન્ન ખાનાર, પરાક્રમી અને પછીથી વૈરાગ્ય પામનાર થાય. અને પચાશ વર્ષનો થઇને તે મરણ પામે, અથવા તો એંશી વર્ષનો થઈ ચૈત્રમાસમાં મઘાનક્ષત્રમાં શનીવારે તીર્થક્ષેત્રમાં મરણ પામે.

કન્યા રાશિમાં જન્મેલો માણસ સ્ત્રીઓને આનંદ આપનાર,

ધનવાન્, દાતા, દક્ષ, કવિ, વૃદ્ધપણામાં ધર્મપરાયણ, સર્વલોકને પ્રિય, નાટ્ય અને ગાનના વ્યસનમાં આસક્ત, પ્રવાસી, સ્ત્રીથી દુ:ખ પામનાર, નેત્રરોગી, નિર્ભય તથા કટી અને ઉદરમાં વિશાળ થાય અને વીશ કે ત્રેવીશ વર્ષ થઈ શિરોરોગ, જળ, અગ્નિ કે શસ્ત્રથી મરણ પામે; નહિ તો એંશી વર્ષે મૂળ નક્ષત્રમાં વૈશાખ માસે બુધવારે મરણ પામે.

તુલારાશિમાં જન્મેલો માણસ અતિ રીસાળ, દુ:ખી, સ્ફુટ બોલનાર, ક્ષમાશીલ, ચપળ નેત્રવાળો, ચંચળ લક્ષ્મીવાળો, ઘરમાં બળ બતાવનાર, વેપારમાં કુશળ, દેવપૂજક, મિત્રવત્સલ, પ્રવાસી, મિત્રોને પ્રિય, ઉદાર, સત્યવક્તા, અલુબ્ધ, સંવિભાગી ( દાતા, ) લાંબા નેત્રવાળો, દયાળુ, નિપુણ અને સંગ્રહ કરનાર થાય, અને તે વીશ વર્ષે ભીંત વિગેરેના પડવાથી મરણ પામે અથવા તો એંશી વર્ષે અનુરાધા નક્ષત્રમાં જ્યેષ્ઠ માસના મંગળવારે મરણ પામે.

વૃશ્ચિકરાશિમાં જન્મેલો માણસ બાલ્યાવસ્થાથી પ્રવાસી, ક્રૂર, શૂર, પીળા લોચનવાળો, પરદારામાં આસક્ત, માની, સ્વજનમાં નિષ્ઠુર, લક્ષ્મીને તરત મેળવનાર, પોતાની માતામાં પણ દુષ્ટ બુદ્ધિવાળો, ધૂર્ત, ચોર અને વ્યર્થપરિશ્રમી હોય અને તે વીંછી, અશ્વ કે ચોરથી અઢાર વર્ષે મરણ પામે અથવા પચવીશ વર્ષે મૃત્યુ પામે, નહિ તો છેવટ સિત્તેર વર્ષે મરણ પામે.

ધનુરાશિમાં જન્મેલો મનુષ્ય શૂરવીર, સત્યવાદી, બુદ્ધિમાન્, સાત્ત્વિક, લોકોને આનંદ આપનાર, શિલ્પકળાસહિત, ધનિક, અગ્રેસર, માની, ચારિત્રસંપન્ન, મધુરભાષી, તેજસ્વી, સ્થૂલ દેહવાળો, કુળનો નાશ કરનાર, રાજમાન્ય, છેવટે દરિદ્રી, મિત્રદ્વેષી, કલેશપ્રિય, અને પગની આંગળીમાં છિદ્રવાળો હોય અને તે જો અઢારમે વર્ષે મરણ ન પામે, તો સિત્તેર વર્ષે આષાઢ કે શ્રાવણમાસના શુક્રવારે મરણ પામે.

મકરરાશિમાં જન્મ પામેલો માણસ સ્વજનને પ્રિય, સ્ત્રીઓને વશ, પંડિત, શીલસંપન્ન, ગાયક, ગુહ્યભાગમાં લાંછનવાળો, પુત્રવાળો, માતૃવત્સલ, ધની, ત્યાગી (દાતા), સુરૂપ, શીતળ, ઘણા બાંધવવાળો, ઇચ્છિત સુખ મેળવનાર, અસ્થિર કાર્યવાળો, અને કુતૂહલી હોય. તે જો વીશ વર્ષે મરણ ન પામે તો સિત્તેર વર્ષે રેવતીનક્ષત્રમાં શ્રાવણમાસના શનિવારે શૂળરોગથી મરણ પામે.

કુંભરાશિમાં જન્મ પામેલો માણસ દાતા, આળસુ, કૃતઘ્ન, હાથી અને અશ્વના જેવા સ્વરવાળો, દેડકાની જેવી કુક્ષિવાળો, નિર્ભય, ધનભોગી, સારા સાથળવાળો, સ્તબ્ધ દૃષ્ટિવાળો, હાથચાલાકીવાળો, માન અને વિદ્યાને માટે ઉદ્યમ કરનાર, પુણ્યવંત, સ્નેહહીન, ભોગી, શૂર, કવિ, ગુણજ્ઞ, અને પરકાર્યને માટે બોલનાર હોય, અને તે સત્યાવીશ વર્ષે વાઘથી મરણ ન પામે, તો તે સત્યાશીમે વર્ષે ભાદરવા મહિનામાં પાણીમાં પડવાથી મરણ પામે.

મીનરાશિમાં જન્મ પામેલો માણસ ગંભીર ચેષ્ટાવાળો, શૂર, બોલવામાં ચતુર, માણસોમાં શ્રેષ્ઠ, ક્રોધી, પ્રાજ્ઞ, સમરાંગણમાં વીર, કૃપણ, બંધુમાં વાત્સલ્યતારહિત, ગાંધર્વવિદ્યા જાણનાર, નિત્ય અન્યાન્યની સેવા કરનાર, માર્ગમાં ઉતાવળો ચાલનાર, નિર્લજ્જ, દેખાવડો, સત્યવાદી, દેવગુરૂનો ભકત, ઘણા શત્રુવાળો, અલંકારોમાં આસકત, દક્ષ, ચપળ નેત્રવાળો, પરદારાલંપટ, ધનને પ્રિય ગણનાર, અસ્થિર અને નમ્ર હોય. અને તે અઢારમે વર્ષે મરણ પામે અથવા તો પંચોતેર વર્ષે મરણ પામે.

હે દેવ! આ મેષાદિ રાશિઓના ગુણો જે મેં કહ્યા, તે પૂર્વે સર્વજ્ઞ ભગવંતે પોતાના શિષ્યોને નિવેદન કર્યા હતા. કારણ કે-જ્યોતિર્જ્ઞાન અને નિમિત્ત તથા બીજું પણ તેવું જે અતીંદ્રિયાર્થ શાસ્ત્ર છે, તે બધું સર્વજ્ઞકથિત છે. તેમાં જે વિપરીતતા જોવામાં આવે છે, તે

માત્ર તેના અભ્યાસીની ગફલતથીજ થયેલી છે, કારણ કે અલ્પજ્ઞ પુરૂષ શાસ્ત્રના શુદ્ધ વિભાગને જાણતો નથી. બળવંત રાશિઓ પણ જો ક્રૂર ગ્રહોથી જોવાતી ન હોય તો તે ઉપર બતાવેલા તેના ગુણો આપનારી થાય છે, અન્યથા નહિ. એમ સમજી લેવું."

પછી અકલંકરાજાએ કહ્યું કે:—"તમે કહ્યું તે સત્યજ છે, તેમાં કોઇ જાતનો સંદેહ નથી." એમ કહીને દાન સન્માનાદિથી તેનો સત્કાર કરી તેમને વિસર્જન કર્યા. પછી મોટા આનંદપૂર્વક યોગ્યસમયે કુમારનું બલિ એવું નામ રાખ્યું. પાંચ ધાવમાતાઓથી લાલન પાલન કરાતો અને પુણ્યોદય જેને સંનિહિત (સહાયક) છે એવો તે કુમાર મહાસુખપૂર્વક વૃદ્ધિ પામવા લાગ્યો. બાલ્યાવસ્થાથીજ અતિપરિચિત થઈ સદ્બોધ તેની પાસે રહેવા લાગ્યો, સમ્યગ્દર્શને પૂર્વભવથીજ તેનું સંનિધાન મૂક્યું નહોતું, તેથી દેવદર્શન કરતાં તેને અત્યંત હર્ષ ઉપજતો હતો, ગુરૂજનના ચરણમાં વંદન કરતાં તેને આનંદ થતો હતો અને સ્વાધ્યાયાદિ શ્રવણ કરતાં તેનું મન પ્રફુલ્લિત થઇ જતું હતું.

પુણ્યોદયાદિકના પ્રભાવથી સર્વ કળાઓ તે તરત શીખી ગયો. કૌમારાવસ્થાથી પણ પુષ્ટ પુણ્યોદયથી આકર્ષિત થયેલ ગુરૂતા તેને સંનિહિત થઇ હતી, સ્થિરતા તેને ક્ષણવાર પણ મૂકતી નહિ અને ગંભીરતા સદા તેની પાસેજ રહેતી હતી. આ પ્રમાણે સદ્ગુણોના આગમન સાથે તે અનુક્રમે યૌવનાવસ્થા અને રૂપ તથા સૌભાગ્યનો પ્રકર્ષ પામ્યો. પછી તે નિરંતર કળાવંત કુમારોની સાથે શાસ્ત્રવિનોદ કરતો, ચૈત્યોમાં સ્નાત્રો કરાવતો, પૂજાઓ પ્રવર્ત્તાવતો, રથયાત્રાઓ કરાવતો, ગીત, નૃત્ય, વાજીત્ર અને નાટ્યાદિકથી જિનશાસનની ઉન્નતિ કરતો, દીનોને દાન દેવરાવતો, સદ્ગુરૂ પાસે સદાગમ સાંભળતો, ત્યાં ચારિત્રધર્મની સમસ્ત સેનાનો તેને પરિચય થતો; તેથી ભયભીત થઇને મોહ મહાચરટનું સૈન્ય દૂર દૂર ભાગતું, એટલે વિષયરાગ તેનો સ્પર્શજ

કરી શકતો નહિ, દ્વેષ પાસે આવી શકતો નહિ, વૈશ્વાનર સમીપે જ આવતો નહિ, શૈલરાજ નજીક પણ આવતો નહિ, પિશુનતા તેના મનમાં વાસ કરી શકતી નહિ, લોભ તો નજરેજ ચડતો નહિ, સ્પર્શાભિલાષ તેને બાધા કરી શકતો નહિ, રસલોલતાની તો તે વાત પણ જાણતો નહિ, ગંધવૃદ્ધિની તે કથા પણ સાંભળતો નહિ, મનોહર રૂપમાં પણ તે ચક્ષુને પ્રેરતો નહિ, મધુર શબ્દથી કાનને તન્મય કરતો નહિ, કૃપણતા તો સ્વપ્નમાં પણ તેની પાસે આવી શકતી નહિ, અને અવિનય તેના શરીરમાં ટકી શકતો નહિ. આથી વિનય, ઉપશમ, માર્દવ આર્જવ, સંતોષ, જિતેંદ્રિયતા, ઔદાર્ય, ગાંભીર્ય, સ્થૈર્ય, શૌર્ય વિગેરે ગુણમય તેનું શરીર થઇ જવાથી તેની કીર્ત્તિ દિગંત સુધી પ્રસરવા લાગી. વિનયાદિ ગુણથી રંજિત થયેલા માતપિતા તેનાપર બહુજ સ્નેહ ધરવા લાગ્યા, તેઓ ક્ષણવાર પણ તેનો વિયોગ સહન કરી શકતા નહિ. તેની ગુણકથા ઘેર ઘેર પ્રવર્ત્તવા લાગી, દેવાંગનાઓ પણ ઉત્કંઠાપૂર્વક તેના ગીતો ગાવા લાગી, દેવતાઓ અને બંદીજનો પણ સુકવિએ કાવ્યોમાં રચેલાં અને શરદૃરૂતુ જેવા સુંદર તેનાં ચરિત્રો શિખવા લાગ્યા.

આ પ્રમાણે સમસ્ત ભુવન બલિકુમારના ગુણમય થઇ જતાં તેનાપરના અત્યંત અનુરાગથી વિહ્વળ થયેલી, કામદેવથી પરવશ મનવાળી, પોતાના સૌંદર્યાતિશયથી રંભા અને રતિના રૂપગર્વનો તિરસ્કાર કરનારી, સમસ્ત ગુણ-રત્નોની રોહણભૂમિ જેવી, પોતાની મહા વિભૂતિ સહિત, બહુ ભવોમાં સંચિત કરેલા મહાભોગ ફળરૂપ પુણ્યોદયથી આકૃષ્ટ થયેલી અને સ્વયમેવ વરને પસંદ કરનારી એવી અનેક મહારાજાઓની કન્યાઓ તેને વરવાને માટે એકી સાથે ત્યાં આવી. એટલે અત્યંત પ્રમુદિત થયેલા અકલંકરાજાએ તેમને રહેવાને માટે પ્રાસાદો અપાવ્યા.

પછી તે કન્યાઓનો કુમારને પરણવાનો દૃઢ આગ્રહ જોઇને રાજા

અને રાણી બંનેએ એકીસાથે સભ્યતાપૂર્વક બલિકુમારને એકાંતમાં બોલાવીને કહ્યું કે:–"હે વત્સ! જો અમને માન આપવા યોગ્ય ગણતો હો, ધર્મના સારને જાણતો હો અને તારા ગુણોના શ્રવણથી આકર્ષિત થયેલી એવી મોટા મોટા રાજાઓએ મોકલેલી પોતાની પુત્રીઓ અહીં આવી નિરાશ થઈ પાછી જાય એ અમારા મહાદુ:ખનું કારણ છે એમ જો તું સમજતો હો, તો મહોત્સવ અને મંગળપૂર્વક એમનું પાણિગ્રહણ કર અને મોટા મનોરથ કરીને આવેલી આ બિચારી અબળાઓને પોતાના રાજ્ય સંબંધી સુખો બતાવ. પછી રાજ્યના સુખનો જેમણે અનુભવ કર્યો છે એવા અમે જ્યારે પંચત્વ પામીએ, ત્યારે આ રાજ્યનો ભાર તારા પુત્રને સોંપીને જે કાંઈ તારી ધારણા હોય તે પ્રમાણે તું કરજે. આ પ્રમાણે કરવાથી પિતૃવત્સલ એવા તને કંઇ પણ હાનિ થાય તેમ નથી." આ પ્રમાણે સાંભળીને બલિકુમારે વિચાર કર્યો કે:–"અહો! માબાપનો મોટો આગ્રહ છે અને એમને હું એકનો એક પુત્ર છું, તેથી જો હું એમના વચનનું ઉલ્લંઘન કરૂં તો એમને મહાદુ:ખ ઉત્પન્ન થાય. અને મારી જે ધારણા છે તે તો કાળાંતરે પણ નિશ્ચય પાર પડવાનીજ છે, પરંતુ અત્યારે તો એમના મનનું સમાધાન કરૂં. અને એ રીતે અવશ્ય ભોગવવાના ભોગાવળી કર્મ ભોગવું." આ પ્રમાણેના અભિપ્રાયથી બલિકુમારે પોતાની ઇચ્છા ન હોવા છતાં માતપિતાનું વચન કબૂલ રાખ્યું. એટલે તેમણે શુભ લગ્ને તે કન્યાઓની સાથે તેને મહાવિભૂતિપૂર્વક પરણાવ્યો.

પછી અકલંક રાજાએ કુમારને યોગ્ય ક્રીડાશૈલનું શિખર, જળની નીકો, પાણીથી ભરેલાં સરોવરો અને અનેક ક્રીડાવાપીયુકત મોટા ઉપવનથી સુશોભિત રમણીય એવું એક મોટું ભુવન મધ્યભાગમાં કરાવ્યું અને તેના પાર્શ્વભાગમાં તેની સ્ત્રીઓને યોગ્ય રમ્ય એવા બીજા પ્રાસાદો કરાવ્યા. પછી યોગ્ય પાત્રોની રચનાવાળા

બત્રીશ પ્રકારના નાટકો જોતાં જોતાં, તે રમણીઓની સાથે પૂર્વે ઉ-પાર્જન કરેલા દેવલોક જેવા વિપુળ ભોગ ભોગવતાં અને પૂર્વોક્ત વિધિથી ધર્મનો પણ આદર કરતાં બલિકુમારે ઘણા દિવસો વ્યતીત કર્યા. એવામાં રાજ્યનું જેણે ચિરકાળ પાલન કર્યું છે, સંસારથી જેનું મન વિરક્ત થયું છે અને જૈની દીક્ષા લેવાની જેમની ઈચ્છા થઇ છે એવા અકલંક રાજાએ તેને રાજ્યગાદીપર બેસાર્યો અને પોતે કુવલયચંદ્ર કેવળીભગવંત પાસે દીક્ષા અંગીકાર કરી. પછી તીવ્ર તપશ્ચરણ કરીને થોડાજ દિવસોમાં મોહાદિ શત્રુઓનો ક્ષય કરી તે રાજર્ષિ મોક્ષે ગયા. સુદર્શના રાણી પણ રાજાની સાથેજ દીક્ષા લઇ, તેનું સમ્યગ્ રીતે પ્રતિપાલન કરીને દેવલોકે ગઈ.

હવે અત્યંત પુષ્ટ થયેલા એવા પુણ્યોદયે બલિકુમારને મહાનરેંદ્ર બનાવ્યો. એટલે તેણે તેના પૂર્વજોએ પણ નહિ સાધેલા એવા અનેક માંડલિકો, સામંતો, સીમાડાના રાજાઓ અને દુર્ધર ચરટોને સાધ્યા ( વશ કર્યા ). તેણે ચાળીશ લાખ પૂર્વપર્યંત જેમાં સર્વ ઉપદ્રવો ઉપશાંત થઇ ગયેલા છે એવું નિષ્કંટક મહારાજ્ય પાળ્યું અને વીશલાખ પૂર્વ કૌમારાવસ્થામાં વ્યતીત કર્યા. એ પ્રમાણે સાઠલાખ પૂર્વપર્યંત તેણે દેવતાઓના મનને પણ ચમત્કાર ઉપજાવે તેવી જિન-શાસનની મોટી મોટી પ્રભાવનાઓ કરી. અનેક સ્થળે તેણે જિનમં-દિરોના જીર્ણોદ્ધાર કરાવ્યા, સ્વદેશની અંદર અનેક ગામોમાં તેણે નવાં જિન ચૈત્યો પણ કરાવ્યાં, સર્વત્ર મોટી મોટી રથયાત્રાઓ કરી, જિન-ધર્મની અતિશય ઉન્નતિ કરી અને દેવતાઓને પણ સ્પૃહણીય એવા મહાભોગ પણ ભોગવ્યા.

હવે એકદા ચતુર્દશીના દિવસે ઉપવાસી એવા બલિરાજાએ સૂર્યાસ્ત સમયે દેવાર્ચન કરીને સ્વાધ્યાય ધ્યાનમાં એકાગ્ર થઇ, સામા-યિક યુક્ત પૌષધ ગ્રહણ કરી, શુભ ભાવે રાત્રિ વ્યતીત કરીને પ્રાતઃ-કાળે સદ્બોધાદિ ચારિત્રધર્મ રાજાનું સૈન્ય વિશેષ સંનિહિત (પાસે)

આવતાં આ પ્રમાણે વિચાર કર્યો કે:—" અહો ! જુઓ તો ખરા ! સામાન્ય માણસની જેમ હું પણ વિષયરૂપ માંસના લવમાત્રમાં લુબ્ધ થઈ અતિ દુર્લભ એવા મનુષ્યજન્મને પામીને પણ હારી જાઉં છું. સાગરોપમ સુધીના દિવ્યભોગથી જે પ્રાણી તૃપ્ત થયો નથી, તેને વિડંબનારૂપ અને અસાર એવા આ પાંચ દિવસના મનુષ્ય સંબંધી ઉપભોગથી શું તૃપ્તિ થવાની હતી ? આ સંબંધમાં તત્ત્વદૃષ્ટિથી વિચાર કરીએ તો આ જીવલોકમાં કંઈપણ રમણીય વસ્તુજ જોવામાં આવતી નથી. જો કે ભ્રાંતિમાત્રથી પ્રાણીઓને અહીં કંઇક રમણીય જેવું લાગે છે, તથાપિ તે બધું અનિત્યતારૂપ મહાવાઘણના મુખરૂપ ગર્ત્તામાં પડેલુંજ છે. તે આ પ્રમાણે:—

મૂઢ જનો રૂપ અને યૌવનથી પોતાના શરીરને રમણીય માને છે. હવે તે રૂપ-યૌવનનો કુષ્ટાદિક રોગથી એવી રીતે વિનાશ થાય છે કે જેથી પ્રથમ દેવાંગનાઓને પણ સ્પૃહણીય ( ઇચ્છવા લાયક ) થઇને પછી માતંગી ( ચાંડાલણી ) ને પણ જુગુપ્સનીય ( દુગંછા કરવા લાયક ) થાય છે. કદાચ ભાગ્યયોગે રોગ ન આવે, તો પણ તે બંનેનો નાશ કરનારા જરાદિક તો પ્રતિક્ષણે પાસેજ રહેલા છે. અને જે લક્ષ્મી સામાન્ય જનોને સાર જેવી ભાસે છે, તે મહાક્લેશ સહન કરતાં પણ પ્રાપ્ત થતી નથી. કદાચ પ્રાપ્ત થાય તો તે નજરે જોતાં જોતાંમાં એવી રીતે નષ્ટ થઇ જાય છે કે તેના સદ્ભાવમાં જે જગતને પણ માન્ય હોય છે તે તેના ગયા પછી પરઘેર દાસપણું કરે છે. દૈવયોગે કદાચ લક્ષ્મી કાયમ રહે, છતાં પણ તેનો સર્વથા પરિહાર કરીને આ જીવજ જન્માંતરમાં જાય છે. તેથી તેમાં પ્રતિબંધ કરવો શા કામનો છે ? વળી મોટાઇનું જે અભિમાન છે તે પણ માત્ર અવિવેકનીજ ચેષ્ટા છે. કારણ કે પુણ્યોદય ક્ષીણ થતાં સાક્ષાત્ ચક્રવર્ત્તી પણ ભિક્ષાને માટે ભ્રમણ કરે છે. આ બધું રાજાઓ વિગેરેમાં સાક્ષાત્ જોવામાં પણ આવે છે. હવે કદાચ જીવતાં પ્રભુતાથી ભ્રષ્ટ ન થાય

તો મરણ પામ્યા પછી ચક્રવર્તી પણ ઉત્કૃષ્ટો સાતમી નરકે જાય છે. માટે બીજાઓની પાસે પોતાના પ્રભુત્વનું અભિમાન કરવું શા કામનું છે ? વળી 'મારી આજ્ઞામાં રહેનારા ઘણા પુત્રો છે, સ્નેહવતી અને સુરૂપા મારે ભાર્યા છે અને બીજો પરિજન પણ મારી આજ્ઞાને વશવર્તી છે, માટે મારૂં કુટુંબ શ્લાઘ્ય છે.' આ પ્રમાણે વિચાર કરનારા કેટલાક પ્રાણીઓ પ્રેમથી પરવશ થાય છે, તે પણ વિચાર વિનાનીજ રમણીયતા છે. કારણ કે પુત્ર કલત્રાદિક સર્વે અભીષ્ટ જન સ્વાર્થીજ હોય છે અને તેનો સ્વાર્થ જો ન સધાય તો તે બધા પ્રેમરહિત થઈ જાય છે. તેમજ કદાચ આપણે તેને અત્યંત અભીષ્ટ હોઇએ તોપણ રોગ, જરા અને મરણાદિથી આપણું રક્ષણ કરવાને તેઓ સમર્થ નથી, અને તેથી અલ્પકાળમાં મરણ પામતાં પુત્રાદિક સર્વનો અવશ્ય ત્યાગ કરવો પડે છે. માટે તેવી રમણીયતાથી પણ શું ? 'હું કર્ણપ્રિય ગીત સાંભળું છું, રમણીય રૂપ જોઉં છું, સુગંધી દ્રવ્યોનો ઉપભોગ કરૂં છું, મનોજ્ઞ રસોનો આસ્વાદ લઉં છું અને કોમળ તથા અભીષ્ટ એવા સ્પર્શોનો ઉપભોગ લઉં છું.' આ પ્રમાણે કેટલાક જીવોને વિષયની રમણીયતાનું અભિમાન હોય છે, તે પણ અજ્ઞાનતાનોજ પ્રભાવ છે. કારણ કે અત્યારે પ્રાપ્ત થયેલા વિષયોનો ઉપભોગ કરતાં, સમયાંતરમાં જ્યારે તેનો વિયોગ થાય ત્યારે તેથી અનેક–ગણું દુઃખ ઉત્પન્ન થાય છે, અથવા નિરંતર તેવા વિષયો પ્રાપ્ત થતાં પણ પુણ્યકર્મ કર્યા વિના મરણ પામતા પ્રાણીઓને તે વિષયોનો અવશ્ય વિયોગ થતાં તેના વિપાકનું અનંતગણું દુઃખ થાય છે જ. આ પ્રમાણે બીજી પણ જે કાંઈ સાંસારિક વસ્તુ ભ્રાંતિમાત્રથી રમણીય ભાસે છે, તે સર્વ અનંત દુઃખરૂપ ફળ આપવાવાળી અને અનિત્ય છે. આ વાત અત્યારે હું બરાબર સમજી શકું છું. તેથી ખરેખર ! મેં પ્રેમરૂપ દંડના અભિઘાતથી મૂર્છા પામેલ, રાજસુખરૂપ મદિરાથી મત્ત થયેલ અને વૈભવરૂપ ધત્તૂરો ખાવાથી વિપ-

ર્યસ્ત થયેલની જેમ આટલા દિવસો નિરર્થક ગુમાવ્યા છે; તથાપિ હવે જો કોઇ રીતે ભગવંત કુવલયચંદ્ર કેવલી અત્રે પધારે કે જેઓ આ સંસારસાગરમાં અકલંક મહારાજા (મારા પિતા) ને નાવ સમાન થયા છે, તો તેમની પાસે ચારિત્ર અંગીકાર કરીને અવશ્ય હું મારૂં કાર્ય સાધી લઉં." ઇત્યાદિ શુભ ચિંતવન કરતાં પ્રભાતે પૌષધવ્રત પારીને સ્નાનાદિકથી પવિત્ર થઇ દેવાર્ચન કરી બલિરાજા આસ્થાનમંડપ (સભામંડપ) માં આવીને બેઠો.

હવે ભગવાન્ કુવલયચંદ્ર કેવળી પણ બલિનરેંદ્રનો અભિપ્રાય જાણીને અને યોગ્ય સમય જોઇને ચંદ્રપુરીનગરી પાસેના મૃગરમણનામના રમણીય ઉદ્યાનમાં પધાર્યા. ત્યાં દેવતાઓએ તરતજ સુવર્ણમય કમળ રચ્યું. તેનાપર કેવળી ભગવંત બેઠા, પછી ત્યાં આવેલ દેવતાઓ અને વિદ્યાધરોને અમૃતતુલ્ય એવી ધર્મદેશના દેવાનો તેમણે પ્રારંભ કર્યો. અહીં તેમના આગમનની વાર્ત્તા સાંભળીને હર્ષથી રોમાંચિત શરીરવાળો થયેલો બલિરાજા પણ સર્વ સામગ્રીસહિત ત્યાં આવ્યો, અને પંચાભિગમ જાળવી ત્રણ પ્રદક્ષિણા દઇને ભકિતપૂર્વક તેમને પ્રણામ કરી શુદ્ધ ભૂતળપર તેમની સામે બેઠો. પછી ધર્મ શ્રવણ કરીને અવસરે તેણે કહ્યું કે:—"હે ભગવન્! આ મનુષ્ય જન્મ લગભગ સમગ્ર નિરર્થક હારી જતાં અત્યારે હું આપના ચરણયુગળનું શરણ પામ્યો છું, માટે બાકી રહેલા મારા મનુષ્ય જન્મને આપ કોઇરીતે પણ સફળ કરો." કેવળી ભગવંત બોલ્યા કે:—"હે રાજન્! આ જન્મમાં તો તું શું હારી ગયો છે? તે તો અતિ અલ્પ છે, પરંતુ પૂર્વ ભવોમાં તો તું એટલું બધું હારી ગયો છે કે જેનું વર્ણન કરતાં પણ સકળ ભુવનને ભય અને આશ્ચર્ય ઉત્પન્ન થાય." આથી બલિરાજાએ કહ્યું કે:—"હે સ્વામિન્! તો પ્રથમ એજ હું સાંભળવા ઇચ્છું છું. માટે કૃપા કરી આપ પ્રકાશો." એટલે કેવળી ભગવંત બોલ્યા કે:— "હે રાજન્! આખું આયુષ્ય પૂર્ણ થતાં સુધી પણ એ પૂરેપૂરૂં કહી

શકાય તેમ નથી, પરંતુ જો માત્ર તમને કુતૂહળજ હોય તો કંઇક સંક્ષેપમાં કહું છું, તે સાંભળો:—

"વર્ત્તમાન કાળથી અનંત કાળ પહેલાં 'તમે ચારિત્રધર્મ રાજાના સૈન્યના સહાયક થઇને મોહશત્રુના સૈન્યનો ક્ષય કરશો.' એટલા માટે કર્મપરિણામ રાજા તમને અસંવ્યવહાર નિગોદ નામના નગરમાંથી બહાર કહાડી વ્યવહાર નિગોદમાં લાવ્યો. એટલે તે વ્યતિકર જાણવામાં આવતાં કુપિત થઇને મોહ વિગેરેએ તમને ત્યાંજ અનંતકાળસુધી બાંધી રાખ્યો. પછી કર્મપરિણામ તમને પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય, પંચેંદ્રિય, તિર્યંચ, નરક અને અનાર્ય મનુષ્યોમાં લઇ ગયો. ત્યાંથી પણ વારંવાર વચમાં વચમાં મોહાદિ કુપિત થઇને તમને પાછે મુખે વાળીને નિગોદાદિકમાં લઇ ગયા. એ પ્રમાણે તેઓએ તમને એટલે સુધી ભમાવ્યા કે, અતિ દુઃખિતપણે પરિભ્રમણ કરતાં અનંત પુદ્ગલ પરાવર્ત્ત ચાલ્યા ગયા. પછી આર્યક્ષેત્રમાં તમે અનંતીવાર મનુષ્યત્વ પામ્યા, પરંતુ ક્યાંક કુજાતિભાવથી, ક્યાંક કુળદોષથી, ક્યાંક જાત્યંધ, બાધરત્વ અને ખંજત્વ (લંગડાપણું) વિગેરે દોષથી, ક્યાંક કુષ્ટાદિ રોગથી, ક્યાંક અલ્પ આયુષ્યથી, અનંતીવાર મનુષ્ય થયા છતાં ધર્મના નામ માત્રને પણ જાણ્યા વિના પૂર્વવત્ તમને પાછે પગે વાળીને મોહાદિ શત્રુઓએ એકેંદ્રિયાદિકમાં લઈ જઈ અનેક પુદ્ગલપરાવર્ત્તસુધી ભમાવ્યા.

એકદા શ્રીનિલય નગરમાં ધનતિલક શ્રેષ્ઠીનો તું વૈશ્રમણ નામે પુત્ર થયો. ત્યાં 'સ્વજન, ધન, ભવન, યૌવન, વનિતાદિ બધું અનિત્ય સમજીને હે ભવ્યો ! આપત્તિથી રક્ષણ કરનાર એવા ધર્મનું રક્ષણ કરો.' આ પ્રમાણેનો ઉપદેશ સાંભળતાં તને ધર્મ કરવાની બુદ્ધિ થઇ, પરંતુ તે કેવળ કુદૃષ્ટિથી થયેલ હોવાથી

પરમાર્થથી તો મહા પાપબુદ્ધિજ હતી. તેના વશથી તું સ્વયંભૂ ત્રિદંડીનો શિષ્ય થયો. એટલે ત્યાં પણ મનુષ્યજન્મ હારીને પાછો સંસારમાં અનંત પુદ્ગલપરાવર્ત્તસુધી ભમ્યો. પછી અનંત કાળ જતાં ફરી તું માનવજન્મ પામ્યો, પણ શુદ્ધ ધર્મશ્રવણના અભાવથી તે કુધર્મબુદ્ધિ નિવૃત્ત ન થઇ. કોઈવખત સદ્ધર્મનું શ્રવણ થયું છતાં પણ સદ્ગુરૂ સમાગમના અભાવથી, કોઇવાર આલસ્ય અને મોહના હેતુસમૂહથી, કોઇવાર શૂન્યતાને લીધે તેના અર્થપર લક્ષ્ય ન હોવાથી અને કોઇવાર અશ્રદ્ધાનથી કુધર્મબુદ્ધિ નિવૃત્ત ન થઈ. એટલે કુધર્મબુદ્ધિના ઉપદેશથી ધર્મના મિષે પશુવધાદિ મહાપાપ કરીને પૂર્વવત્ તું અનંત પુદ્ગલપરાવર્ત્તસુધી પાછો ભમ્યો. પછી વિજયવર્ધનપુરમાં સુલસશ્રેષ્ઠીનો નંદન નામે પુત્ર થયો. ત્યારે યથાપ્રવૃત્તિકરણથી તે કુદૃષ્ટિને છેદીને આયુ વર્જીને બીજાં મોહાદિ સાત કર્મોની કંઇક ન્યૂન કોટાકોટીસાગરોપમ જેટલી સ્થિતિ કરી અને ગ્રંથિપ્રદેશસુધી પહોંચ્યો, પરંતુ તેને છેદવાને સમર્થ ન થયો. ત્યાંથી અશ્રદ્ધાન, રાગ અને દ્વેષાદિકોએ પાછો ફેરવ્યો. એમ અનંતીવાર પાછો વાળીને દરેક વખતે અનંતકાળસુધી તને એકેંદ્રિયાદિકમાં બાંધી રાખ્યો.

એકદા મલયપુરમાં ઇંદ્રરાજાનો વિશ્વસેન નામે પુત્ર થયો. તે ભવમાં અપૂર્વકરણરૂપ કુઠારથી તેં ગ્રંથિનો છેદ કર્યો. પછી અનિવૃત્તિકરણપ્રવેશાદિ ક્રમથી એટલા કાળે તું સમ્યકત્વરત્ન પામ્યો. મોક્ષતરૂના મૂળરૂપ અને અતિ દુર્લભ એવા તે સમ્યકત્વને પામીને પણ કુદૃષ્ટિરાગના વશથી પાછો તું હારી ગયો. પુનઃ ધનશ્રેષ્ઠીના પુત્ર સુભગના ભવમાં તે સમ્યકત્વને પ્રાપ્ત કરીને સ્નેહરાગથી તેનો નાશ કર્યો. ગૃહપતિના પુત્ર સિંહના ભવમાં વિષયરાગથી તેનો ધ્વંસ કર્યો અને જિનદત્તની સુતા જિનશ્રીના ભવમાં દ્વેષથી તેનો નાશ કર્યો. પછી બ્રાહ્મણના પુત્ર જ્વલનશિખના, ધનંજય પુત્ર કુબેરના, ધનાઢ્યના પુત્ર

પદ્મના અને શ્રેષ્ઠીપુત્ર સોમદત્તના ભવમાં અનુક્રમે ક્રોધ, માન, માયા અને લોભથી તું સમ્યકત્વરત્નને હારી ગયો.

એ પ્રમાણે મોહાદિશત્રુના વશે અસંખ્યાત ભવોમાં તું સમ્યક્ત્વ હારી ગયો. ધર્મશ્રેષ્ઠીના સુત સુંદરના ભવમાં હિંસાથી, દેશવિરત એવા મણિભદ્રના ભવમાં મૃષાવાદથી, સોમદત્તના ભવમાં અદત્તાદાનથી, દત્તના ભવમાં મૈથુનથી, ધનબહુલશ્રેષ્ઠીના ભવમાં પરિગ્રહથી અને રોહિણી શ્રાવિકાના ભવમાં વિકથારૂપ અનર્થદંડથી–એ પ્રમાણે અપરાપર મોહાદિકના દોષથી સમગ્ર સુખની હેતુભૂત એવી દેશવિરતિને પણ તું અસંખ્ય ભવોમાં હારી ગયો. પછી અરવિંદકુમારના ભવમાં મહાકષ્ટે સર્વ ગુણોની અધિકારિણી એવી સર્વવિરતિ પ્રાપ્ત કરીને ક્રોધ અને માનથી તેને હારી ગયો. પછી અમાત્યના સુત ચિત્રના જન્મમાં વિષયની સુખશીલતાથી હારી ગયો, વિજયસેન રાજપુત્રના ભવમાં તો તું સર્વવિરતિ પામીને અગ્યારમે ગુણસ્થાને આરૂઢ થયો, ત્યાંથી પણ કંઈક દેહ અને ઉપકરણની મૂર્છા માત્રથી પાછો પડ્યો. પછી શ્રેષ્ઠીપુત્ર પુંડરીકના ભવમાં તું પુનઃ સર્વવિરતિ પામ્યો, અને ત્યાં ચૌદ પૂર્વ ભણ્યો. આવી ઉચ્ચ પદવી પણ તું નિદ્રાને વશ થઇને હારી ગયો.

આ પ્રમાણે અનંતાનંત પુદ્ગલપરાવર્ત્તોમાં પૂર્વોક્ત રીતે મોહાદિ શત્રુઓને વશ થવાથી અનંતીવાર મનુષ્યજન્મને તું નિરર્થકજ હારી ગયો છું. પછી પદ્મસ્થલનગરમાં તું સિંહવિક્રમ નામે રાજકુમાર થયો, ત્યાં પુનઃ તું સર્વવિરતિ પામ્યો. તે ભવમાં તેં તેનું સારી રીતે આરાધન કર્યું અને મોહાદિકને અત્યંત ક્ષીણ કરી મૂકયા, તથા પુણ્યોદયને પુષ્ટ કર્યો. ત્યાંથી મહાશુક્ર નામના દેવલોકમાં જઇને કમલાકરનગરમાં શ્રીચંદ્રરાજાનો તું ભાનુ નામે પુત્ર થયો. ત્યાં પણ તેવીજ રીતે સર્વવિરતિનું આરાધન કર્યું, મોહાદિકને અધિકતર ક્ષીણ કર્યા અને પુણ્યોદયને વિશેષે પુષ્ટ કર્યો. ત્યાંથી નવમા ગ્રૈવેયકમાં

જઈને પદ્મખંડનગરમાં તું ઇંદ્રિદત્ત નામે રાજા થયો. ત્યાં પણ સમ્યગ્ રીતે સર્વવિરતિ આરાધીને, મોહાદિકને વધારે ક્ષીણ કરી, પરમ પ્રકર્ષથી પુણ્યોદયને પુષ્ટ બનાવીને તું સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયો. ત્યાંથી ચ્યવીને તું આ ભવમાં બલિ નરેંદ્ર થયો છે."

આ પ્રમાણે પોતાનું ચરિત્ર સાંભળીને બલિનરેંદ્ર સંભ્રાંત થઈ ઉઠીને કુવલયચંદ્ર કેવળીને પગે લાગ્યો અને બોલ્યો કે:—"હે ભગવન્! મોહાદિ શત્રુઓ અતિ દુષ્ટ છે, માટે આ ભવમાં પણ પૂર્વ પ્રમાણે તેઓ જ્યાંસુધી મને છેતરે નહિ તેટલામાં કૃપા કરીને મને ચારિત્રધર્મ રાજાના સૈન્ય સાથે મેળવી દ્યો અને એવો ઉપાય બતાવો કે જેથી તેઓ મારો પરાભવજ કરી ન શકે, અને હું તેમનો વિનાશ કરી શકું." પછી કેવળી ભગવંતે કહ્યું કે—"હે રાજન્! તમારા જેવાઓને તેમ કરવું યોગ્ય છે, માટે તમે ચારિત્ર અંગીકાર કરો એટલે હું તમને ચારિત્રધર્મના સૈન્ય સાથે મેળવી દઉં કે જેથી મોહાદિ શત્રુનો તમે ક્ષય કરી શકો. તે રિપુના ક્ષયનો ઉપાય આ પ્રમાણે છે:—

સર્વ સંગનો ત્યાગ કરીને ચારિત્રધર્મનુંજ શરણ લેવું. એક ક્ષણવાર પણ સર્વવિરતિના સંગનો ત્યાગ ન કરવો. સદ્બોધ, સમ્યગ્દર્શન અને સદાગમને અતિસંનિહિત કરી રાખવા. બીજા પ્રશમ, માર્દવ, આર્જવ, સંતોષ, તપ, સંયમ, સત્ય, શૌચ, અકિંચનતા અને બ્રહ્મચર્ય વિગેરે સુભટોથી અને શીલાંગાદિથી સૈન્યમાં વધારો કરવો. પછી સદ્બોધ અને સદાગમે બતાવેલ વિધિ પ્રમાણે અત્યંત સત્ત્વવાળા થઇને પૂર્વોક્ત અનંત સૈન્યસહિત સજ્જ થઈ તમારે મોહાદિ શત્રુઓ સાથે નિરંતર મહાયુદ્ધ કરવું. આ પ્રમાણે કરવાથી ચારિત્રધર્મના સૈનિકો તમારા સહાયક થશે અને તમે પણ તેમના સહાયક થઇને મોહારિસૈન્યનો સર્વથા ક્ષય કરી નિવૃત્તિપુરીના સ્વામી થશો."

આ પ્રમાણે કેવળી ભગવંતનાં વચન સાંભળીને ચિત્તમાં અતિ

હર્ષિત થઇ 'આવી સામગ્રી ફરી મળવી મુશ્કેલ છે' એમ વિચારીને તત્ત્વજ્ઞ એવા બલિનરેંદ્રે રતિસુંદરી પટરાણીના નયસાર નામના જયેષ્ઠ પુત્રને રાજ્યાસનપર સ્થાપવાની સામંતોને આજ્ઞા કરી. તેને રાજ્યપર બેસારીને પછી જિનચૈત્યમાં પૂજા, મહાદાન અને અમારી-પટહની નિરૂપણા વિગેરે મહોત્સવપૂર્વક રાજાઓ, માંડલિકો, મંત્રીઓ, સામંતો અને પૌરજનો વિગેરે પાંચશેં મનુષ્યો સાથે તથા પોતાની કેટલીક રાણીઓ સાથે તે કેવળી ભગવંત પાસે આવ્યા. અને વિધિપૂર્વક દીક્ષા અંગીકાર કરી.

પછી ગુરૂમહારાજે આપેલી પ્રથમની સર્વ શિક્ષાને તેમણે તરતજ ક્રિયામાં મૂકી દીધી. સદ્બોધ અને પુણ્યોદયના પ્રભાવથી થોડાજ દિવસોમાં તે બારે અંગ ભણી રહ્યા, અને અનેક અતિશયસંપન્ન થયા. પછી અવસર જાણીને કુવલયચંદ્ર ભગવંતે તેમને પોતાના પદ-પર (આચાર્યપદે) સ્થાપન કર્યા. અને તેમને સમગ્ર ગચ્છ સોંપી દઇ પોતે શૈલેશીકરણથી ભવોપગ્રાહી કર્મની નિર્જરા કરી મોક્ષે ગયા. પછી સદ્બોધ અને સદાગમે કહેલ વિધિ પ્રમાણે સમરાંગણમાં મોહ-સૈન્યનું નિકંદન કરતા અને ઘણા ભવ્ય જીવોને મોહરાજાની વિડંબ-નામાંથી બચાવતા બલિસૂરિએ વિહાર કરી અનેક ગામ અને દેશોને પાવન કર્યા.

એકદા અપ્રમત્તગુણસ્થાનકે પહોંચેલા એવા તેમણે અકસ્માત્ વિશુદ્ધ અધ્યવસાય લક્ષણ ક્ષપકશ્રેણીરૂપ ખડ્ગયષ્ટિ મેળવી અને તેના વડે પ્રથમ અનંતાનુબંધી ચારે ક્રોધાદિકને મૂળથી હણી નાખ્યા. પછી અવિશુદ્ધ, મિશ્ર અને વિશુદ્ધ એવા ત્રણ રૂપધારી મિથ્યાદર્શનને પણ મૂળથી નિર્મૂળ કરી નાખ્યો. પછી અપૂર્વકરણ ગુણસ્થાનકનો સ્પર્શ કરીને અનિવૃત્તિબાદર ગુણસ્થાને ગયા. ત્યાં અપ્રત્યાખ્યાનાવરણ તથા પ્રત્યાખ્યાનાવરણ રૂપ આઠ કષાયોને મૂળથીજ ઉચ્છેદન કરવા માંડ્યા. તે અર્ધ હણાયા તેટલામાં નરકગતિ, નરકાનુપૂર્વી, તિર્યગ્ગતિ,

તિર્યગાનુપૂર્વી, એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, અને ચઉરિંદ્રિયરૂપ ચાર જાતિ, આતપ, ઉદ્યોત, સ્થાવર, સૂક્ષ્મ અને સાધારણ—એ રીતે નામકર્મની તેર પ્રકૃતિ અને નિદ્રાનિદ્રા, પ્રચલા પ્રચલા અને થીણદ્ધિ—એ ત્રણ નિદ્રાઓ—એ પ્રમાણેની સોળ પ્રકૃતિઓને તેમણે ક્ષય કરી નાખી. પછી અર્ધક્ષપિત આઠ કષાયો, નપુંસક વેદ, સ્ત્રી વેદ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, પુરૂષવેદ, સંજ્વલન ક્રોધ, માન, માયા અને લોભનો ક્ષય કર્યો. પણ સંજ્વલન લોભનો ક્ષય કરતાં તે સૂક્ષ્મ થઇને સૂક્ષ્મસંપરાય નામના દશમા પગથીયામાં જઇને છુપાઇ રહ્યો. ત્યાં પણ તેમણે પછવાડે જઇને ક્ષપકશ્રેણીરૂપ ખડ્ગયષ્ટિથી તેનો નાશ કર્યો.

એ પ્રમાણે અઠ્ઠાવીશ સોદર્યમનુષ્યરૂપ મોહરાજા પતિત થતાં બલિરાજર્ષિસૂરિ અસ્ખલિત રીતે આગળ ચાલીને સિદ્ધિસૌધના ક્ષીણમોહ-ગુણસ્થાનક નામના બારમા પગથીયાપર ગયા. ત્યાં મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ, મનઃપર્યાય જ્ઞાનાવરણ અને કેવલજ્ઞાનાવરણ—એ પાંચ રૂપને ધારણ કરનાર એવા જ્ઞાનાવરણને હણ્યો. દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય અને વીર્યાંતરાય એ—એ પાંચ પ્રકારના અંતરાયને હણ્યા. નિદ્રા, પ્રચલા, ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ, અવધિદર્શનાવરણ અને કેવલદર્શનાવરણ—એ છ દર્શનાવરણના ભેદોને હણ્યા. આ પ્રમાણે ઘાતિકર્મચતુષ્ટયરૂપ ચાર મહાનાયક પતિત થતાં રિપુસૈન્ય પ્રાયઃ અનાથ અને અકિંચિત્કર ( અશકત ) થઇ ગયું. એટલે પૂર્વે જ્ઞાનાવરણ અને દર્શનાવરણે આચ્છાદિત કરી દીધેલું, સકળ પદાર્થના સમૂહને પ્રકાશનારૂં એવું કેવળજ્ઞાન અને કેવળદર્શન તેમને પ્રગટ થયું. પછી તે સયોગી કેવળીગુણસ્થાન નામના તેરમા પગથીયાપર આરૂઢ થયા. એટલે ચારિત્રધર્મ વિગેરે સર્વે પરમ ઉત્કર્ષ પામ્યા. તેના સૈન્યમાં કોઇ શરીરમાં સમાઇ શકતું નહોતું. અર્થાત્ હર્ષાવેશથી બધા પુષ્ટ બની ગયા હતા. ત્યારપછી બલિકેવળીએ બહુ દેશોમાં

વિહાર કરી મોહાદિકના મર્મોને વિશેષથી પ્રગટ કરીને તેની વિડંબનાઓથી ભવ્ય જીવોને છોડાવ્યા. તે બલિકેવળી હે ચંદ્રમૌલિરાજા ! તમને અને અન્ય લોકોને તે મોહની વિડંબનાઓથી મુકત કરવાને માટે અહીં આવેલા છે. હે રાજા ! અનેક દુ:ખોથી મુકત થવાને લીધે સંતુષ્ટ થયેલા જનોએ જેમનું બીજું નામ ભુવનભાનુ રાખેલું છે, તે મોહનો શત્રુ બલિકેવળી હું પોતેજ છું."

આ પ્રમાણે કેવળી ભગવંતનાં વચનો સાંભળી અતિશય હર્ષથી રોમાંચિત થઇને ચંદ્રમૌલિરાજાએ તરત ઉઠીને તેમના પગે પડી કહ્યું કે:—"હે ભગવન્ ! આપે અહીં પધારી અમારાપર અતિશય ઉપકાર કર્યો છે, અને વિશેષે તો આગમના સર્વ સ્વરૂપનો બોધ આપવાવાળા એવા આપના ( પોતાના ) ચરિત-કથનથી અમને ઉપકૃત કર્યા છે." પછી કેવળી ભગવંતે કહ્યું કે:—"હે રાજન્ ! પોતાનું ચરિત્ર પોતે કહેવું એ યુકત નથી, કારણ કે તેમાં પોતાના ગુણોની શ્લાઘા થઇ જાય છે અને તે ધર્મ તથા નીતિવિરૂદ્ધ છે; પરંતુ તમારા જેવાઓને તે ઉપકારક જાણીને મેં સંક્ષેપથી કહ્યું છે, વિસ્તારથી તો સમસ્ત આયુષ્ય સમાપ્ત થતાં સુધી પણ તે કહી શકાય તેમ નથી. વળી આવું ચરિત્ર માત્ર એક મારૂંજ નથી, પરંતુ સર્વ જીવોનું ચરિત્ર પણ આવુંજ સમજી લેવું. ચૌદ રાજલોકમાં એકેંદ્રિયમાં એવું કોઇ સ્થાન નથી, બે ત્રણ કે ચઉરિંદ્રિયોમાં એવું કોઇ રૂપ નથી, જળચર સ્થળચર અને ખેચર-તિર્યંચ પંચેંદ્રિયમાં એવી કોઈ વ્યકિત નથી, નરકમાં એવી કોઇ ભૂમિ નથી, એ ભૂમિઓમાં એવો કોઇ નરકાવાસો નથી, અને મનુષ્યપણામાં ગ્રામ, નગર કે સ્થાન નથી, કે જ્યાં આ જીવ અનંતીવાર ઉત્પન્ન થયો ન હોય. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, અને સૌધર્મ, ઇશાન-વિગેરે દેવલોકમાં પણ એવું કોઇ સ્થાન નથી કે જ્યાં આ જીવ ઉત્પન્ન થયો ન હોય. સનત્કુમારાદિક દેવલોકમાં અને નવ ગ્રૈવેયક પર્યંત દેવોમાં પણ એવો કોઇ દેવ નથી કે જે

સ્થાને બધા જીવો અનંતીવાર ઉત્પન્ન થયા ન હોય. આ સંસારમાં એવું કોઈ સુખ કે દુઃખ નથી કે જેનો અનંતીવાર તેમણે અનુભવ કર્યો ન હોય. જૈન વેષને પણ દ્રવ્યથી અનંતીવાર એક એક જીવે ધારણ કરીને મૂકી ( તજી ) દીધો છે. આ બધું આપણા જીવ માટે પણ અનંતકાળના અંતરાળમાં ભવભ્રમણ કરતાં સામાન્યતઃ કથન સમજવું, વિસ્તારથી તો તે કહેવાયજ નહિ, કારણ કે તે કહેતાં અનંતકાળ થઈ જાય. અને આયુષ્ય તો મર્યાદિત છે, તથા ભાષા પણ ક્રમથીજ બોલાય છે તેથી તે અશક્ય છે. અશરણ એવા મેં પણ આ સંસારમાં અનંતા દુઃખો અનુભવ્યાં છે અને કુધર્મના શરણનો સ્વીકાર કરતાં તે કરતાં પણ સવિશેષ દુઃખો અનુભવ્યાં છે. પછી સમ્યગ્ રીતે જિન ધર્મનું શરણ લેતાં વાસુદેવ, શ્રેષ્ઠી, ચક્રવર્ત્તી વિગેરેનાં સુખો પણ અનુભવ્યાં છે, અને હવે છેવટે નિર્વૃત્તિપુરીમાં અનંત શાશ્વત સુખોનો અનુભવ કરવાનો છું. આ પ્રમાણે અમને જે સમ્યગ્ જિનધર્મ શરણભૂત થયો છે તેજ જિનધર્મ તમને પણ શરણભૂત થશે; અન્ય શરણ થાય તેમ નથી."

પછી સંવેગથી ઉદ્ભવતા અશ્રુજળથી જેના લોચન આર્દ્ર થઇ ગયાં છે એવા ચંદ્રમૌલિ રાજાએ કહ્યું કે:—" હે ભગવંત ! આપે જે કહ્યું તે તેમજ છે. પરોપકારમાંજ માત્ર ચિત્તવૃત્તિ રાખવાવાળા આપે મારાપર અનુગ્રહ કરવાને માટેજ આ ગંભીરાર્થથી વ્યાપ્ત એવા પોતાના ચરિત્રને કહેવાનો પ્રયાસ કર્યો છે. અન્યથા ભવસાગરને કિનારે પહોંચેલા અને સમગ્ર સ્વકાર્યો જેમનાં સિદ્ધ થઇ ગયાં છે એવા આપને કહેવાનું શું પ્રયોજન છે? પણ ભગવન્ ! અવ્યવહાર નિગોદમાંથી એક કાળે કેટલા જીવો બહાર આવે છે તે કહો." કેવળી ભગવંતે કહ્યું કે:—

" सिज्झंति जत्तिया खलु, इहयं ववहाररासिमज्झाओ ।
इंति अणाइवणस्सइमज्झाओ तत्तिया चेव " ॥ १ ॥

" અહીં વ્યવહારરાશિમાંથી જેટલા જીવો સિદ્ધ થાય છે તેટ-

લાજ અવ્યવહાર–વનસ્પતિમાંથી આવે છે.” પછી રાજાએ કહ્યું કે:–“એ તો ઠીક, પણ ત્યાંથી નીકળેલા બધા જીવો શું એટલા બધા કાળેજ સિદ્ધ થાય છે?” એટલે ભગવંત બોલ્યા કે:–“ઘણા ભવ્યો તો એટલા કાળેજ સિદ્ધ થાય છે, બાકી કેટલાક સ્વલ્પકાળમાં પણ સિદ્ધ થાય છે, કેટલાક તો મરૂદેવાની જેમ બહુજ સ્વલ્પ કાળમાં પણ સિદ્ધ થાય છે અને અભવ્યો કદી સિદ્ધ થતા નથી.” પછી નિઃસંદેહરીતે જેને ધર્મ પરિણમ્યો છે એવા ચંદ્રમૌલિરાજાએ કહ્યું કે:–“હે ભગવન્! તે સમ્યગ્ જિનધર્મજ તમારા ચરણની સાક્ષીએ મને શરણભૂત થાઓ, અહીં હવે વિલંબ કરવાનું કાંઇપણ કારણ નથી તેથી આ સેવકને પણ પ્રસાદ કરીને મોહારિ–સૈન્યની વિડંબનાથી છોડાવો.” બલિકેવળી બોલ્યા કે:–‘હે રાજન્! તમને એમ કરવુંજ યુક્ત છે.’

પછી મનમાં હર્ષિત થઇ ચંદ્રવદન નામના પોતાના પુત્રને રાજ્ય સોંપીને કેટલાક મંત્રી, સામંત અને રાણીઓ સહિત તે રાજાએ મોટા મહોત્સવપૂર્વક કેવળી ભગવંતની પાસે દીક્ષા ગ્રહણ કરી અને અલ્પ દિવસોમાંજ બધી શિક્ષા પણ સ્વીકારી, ચૌદ પૂર્વોનો અભ્યાસ કર્યો, અને મહાપ્રભાવક તેમજ ગુણવંત થયા. યોગ્ય અવસરે ગુરૂમહારાજે તેમને સ્વ (આચાર્ય) પદપર સ્થાપન કર્યા અને બધો ગચ્છ તેમને સ્વાધીન કર્યો. પછી પોતે કંઇક ન્યૂન ચાળીશ પૂર્વ પર્યંત સર્વવિરતિપણું પાળીને અંતસમયે શૈલેશીકરણરૂપ કરવાળથી કર્મશત્રુના બાકી રહેલા વેદનીય, આયુ, નામ અને ગોત્ર નામના ભવોપગ્રાહી કર્મચતુષ્ટયનો ક્ષય કરી, ચારિત્રધર્મના સમસ્ત સૈન્યની ઉન્નતિ કરી, સર્વ શરીર અને કર્મનો સંબંધ છોડી દઇ, સમસ્ત સંસારના દુઃખપ્રપંચથી વિમુક્ત થઈ બલિરાજર્ષિ–કેવળી નિવૃત્તિપુરીના સ્વામી થયા.

॥ इति श्रीमादिंद्रहंसगणिविरचितं श्रीभुवनभानुकेवलिचरितम् ॥

॥ समाप्तोऽयं ग्रंथः ॥